GJSK180003262016

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૭/૦૬/૨૦૧૬ | | |
| દાખલ તારીખ | : | ૦૭/૦૬/૨૦૧૬ | | |
| ફેંસલ તારીખ | : | ૦૩/૦૪/૨૦૨૬ | | |
| કુલ અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૯ | ૦૯ | ૨૭ |
| આંક | : | ૧૫૫ | | |

**<u>ફોર્મ–એ</u>**

**ઈડરના મે. બીજા એડી.સેશન્સ જજ શ્રી ની કોર્ટમાં, મુકામ –ઈડર**

**સેશન્સ કેસ નંબર ૨૩/૨૦૧૬**

**ઈડર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૦૬/૨૦૧૫**

| | |
|---|---|
| **<u>ફરિયાદી</u>** | **શ્રી સરકાર તરફે ભોગબનનાર** |

| | |
|---|---|
| ફરીયાદી તરફે | વિધ્વાન એ.પી.પી.શ્રી પી.જે.સોની |

| | |
|---|---|
| **<u>આરોપી</u>** | પિયુષભાઈ જયંતીલાલ પંડયા,<br>ઉ.વ.૩૫, મુળ રહે.ગોરલ, તા.ઈડર,<br>જી.સાબરકાંઠા<br>તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા,<br>હાલ રહે.૩૪ શુકુન–૧ સોસાયટી, વલાસણા<br>રોડ, ઈડર |

| | |
|---|---|
| આરોપી તરફે | વિધ્વાન વકીલ શ્રી એમ.જે.પટેલ,<br>એસ.જી.બારોટ |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૧/૦૬/૨૦૧૫ |
| એફ.આઇ.આર. નોંધ્યા તારીખ | ૨૪/૦૬/૨૦૧૫ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૧૮/૦૧/૨૦૧૬<br>**ફો.કે.નં.૮૩/૧૬** |
| ચાર્જફ્રેમ થયા તારીખ | ૨૮/૦૩/૨૦૧૯ |
| પુરાવો શરુ થયા તારીખ | ૧૯/૦૪/૨૦૧૯ |
| ચુકાદા માટે અનામત રાખ્યા તારીખ | ૨૦/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ |
| સજા અંગેના હુકમની તારીખ જો હોય તો, | – |

### આરોપીની વિગત

| ક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન પર છૂટયા ની તારીખ | ગુનાનો આરોપ મુકયો છે તે | નિર્દોષ /દોષીત | સજા લાદવામા આવી | ફો.કા.સ. કલમ– ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પિયુષ ભાઇ જયંતી લાલ પંડયા | ૨૪.૬.૧૫ | ૦૧.૦૭.૧૫ | ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ- ૩૭૬, ૩૫૪(એ), (i)(ii)(iii)(v), ૩૫૪(ડી), ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) | નિર્દોષ | – | – |

## :: ચુકાદો ::

➢ **આરોપી વિરૂધ્ધનું તહોમત**

(૧) કામના આરોપી ફરિયાદપક્ષના ફરિયાદી–ભોગબનનારે ઈડર પોલીસ સ્ટેશનમા પો.સ.ઈ. રૂબરૂ આપેલ ફરિયાદના આધારે ફર્સ્ટ ગુન્હા રજી નં. ૧૦૬/૧૭ ઉપરોક્ત મુજબના ગુન્હા નોંધાયેલ.

**ફરિયાદની વિગત :**

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં જોવામાં આવે તો, ફરીયાદી–ભોગબનનાર ફરીયાદના મથાળે જણાવેલ સરનામે રહે છે અને તેને સંતાનમાં બે બાળકો છે, તેના પતિ સીરામીક ઉદ્યોગમા બોક્ષ

બનાવવાનું કામ કરે છે અને હિંમતનગર થી અપડાઉન કરે છે. તેણે પ્રથમ વર્ષે બી.એ. માં ઈડર કોલેજમાં એડમીશન લીધેલ તે સમયે ગોરલ ગામના ઈસમ પિયુષભાઈ જયંતિભાઈ પંડયા પણ તેની સાથે ભણતા હતા, તેણી જયારે ગોરલ સ્કુલમાં અભ્યાસ કરતી હતી ત્યારે પણ ત્યાં અભ્યાસ કરતા હતા અને તે તેની સાથે અભ્યાસ કરતા હોઈ તેથી તેઓની સાથે વાતચિત કરતી હતી. તેવામાં આ પિયુષભાઈ તેને રોકીને એવુ જણાવતા હતા કે હું કુંવારો છુ અને તુ મને ગમે છે મારે તારાથી લગ્ન કરવા છે અને તુ મને ગમી ગઈ છે માટે હું તને કોઈ પણ સંજોગોમા તને મેળવીને રહીશ. જેથી તેણીએ તેને જણાવેલ કે તમો બીજા જ્ઞાતિના છો મારો સમાજ મોટો છે અને મારે તારા થી લગ્ન કરવાની કોઈ ઈચ્છા નથી કે હુ તને ચાહતી નથી. જેથી તે સમયથી જ આ પિયુષભાઈએ તેને કનડગત કરવાનુ ચાલું કરેલ અને અવારનવાર કોલેજના જતા રોકવાનો અને શારીરીક છેડછાડ કરવાનું શરૂ કરી દીધેલ એટલે હદ સુધી કે મારા મા–બાપને નાછૂટકે કહેવુ પડેલ કે હું કોલેજમા જાઉ છુ ત્યારે પિયુષભાઈ મારી છેડતી કરે છે તેથી તેણી દ્વિતીય વર્ષ બી.એ.ની પરીક્ષા આપી શકેલ નહી. ત્યારબાદ તેમના ગામ લક્ષ્મણપુરા અવારનવાર ગોરલથી આ પિયુષભાઇ આટાફેટા કરતા અને તેના મા–બાપ મા–બાપને બ્લેકમેલ કરવાની કોશીષ કરતા અને સગા સબંધીઓમા ઈજજત જાય તેવી વાતો કરતા જેથી ના છૂટકે તેના પિતાએ તેના લગ્ન કરાવી દીધેલ.

(૨.૧) વધુમા ફરિયાદી એ તેમની ફરિયાદમા જણાવેલ છે કે, આજથી આશરે છ એક માસ પહેલા તેણી ઈડર બજારમા ખરીદી કરવા માટે આવેલી ત્યાં આ પિયુષભાઈ એપોલો ત્રણ રસ્તા પાસે મળેલ અને તેઓએ મને એવુ કહેલુ કે તુ તો કોલેજ મા હતી એવી જ લાગે છે જેથી તેણી એકદમ ચાલવા લાગેલ. જેથી તે તેની પાછળ થયેલ અને બિભત્સ વર્તન કરતો હતો અને જાતીય સતામણી કરવાની કોશીશ કરતો હતો. જેથી તેણે એકદમ ઉતાવળા અવાજે લોકો સાંભળે તે રીતે તેને ગાળો બોલેલ અને એવું જણાવેલ કે હું બે

બાળકોની માતા છુ અને જાહેરમાં છેડતી કરતા શરમ નથી આવતી જેથી લોકોનુ ટોળુ ભેગુ થતાં તે ચાલવા માંડેલો અને ત્યારબાદ તા.૨૧/૬/૧૫ ના રોજ બપોરના આશરે ૩.૦૦ વાગ્યાના સુમારે તેના ઘરની બાજુમાં કે ત્યાં તેઓ બળદ બાંધે છે ત્યાં છાપરા નીચે બળદનું વાસીદુ ભરી રહી હતી તેવામાં આ પિયુષભાઈ જયંતિ ભાઈ પંડયા એકદમ છાપરામાં ધસી આવેલો અને તેને નીચે પાડી દીધેલ અને તેની ઈચ્છા વિરુધ્ધ બળજબરીથી તેની સાથે બળાત્કાર સંભોગ કરેલ. આ સમયે તેણે બુમાબુમ કરવાની કોશીશ કરેલી તો તેને તેના ખિસ્સામાથી રામપુરી ચાકુ કાઢેલ અને તેના ગળા ઉપર મુકી દીધેલ અને તેને તેની હવસમાથી છુટવા માટેના અથાગ પ્રયત્નો કરેલ અને પગ પાસે પડેલ વાસીદુ ભરવાના તગારાને જોરથી લાત મારતાં અવાજ થતાં આજુબાજુના માણસો આવી ગયેલ અને આ માણસ ઉભો થઈ ભાગવાની કોશીશ કરેલ અને તેમના સંબંધીઓએ પકડવાનો પ્રયત્ન કરેલ પરંતુ તે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ભાગી ગયેલ. આમ, આરોપીએ ઉપરોકત વિગતે તેની સાથે બળાત્કાર કરેલ હોવાની ફરીયાદ ઈડર પોલીસ સ્ટેશનના પો.સ્ટે. ઓફીસર રુબરુ જાહેરાત કરેલ છે.

**<u>પોલીસ તપાસ અને ચાર્જશીટ :</u>**

(૩) ફરિયાદીએ ઉપરોક્ત ફરિયાદ હરીકત જાહેર ફરતાં, સદરહું ફરિયાદ ઈડર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા ગુના રજી. નં.૧૦૬/૧૫ થી આ કામના ગુન્હા રજીસ્ટર કરવામાં આવેલ અને તપાસનીશ અધિકારી દ્ધારા તપાસ હાથ ઘરવામાં આવેલ. તેઓએ હાલની ફરિયાદ અંગેની તપાસ સંભાળેલી અને તેઓએ પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ એડી. ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટમા ઈ.પી.કો. કલમ–૩૭૬, ૩૫૪(એ), (i) (ii) (iii) (v), ૩૫૪(ડી), ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુન્હા બનતા હોવાનો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબ આખરી રીપોર્ટ કરેલો.

**કેસ કમિટલ પ્રોસીડીંગ્સ:**

(૪) ત્યારબાદ સદર કેસ એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ખાતે ચાર્જશીટ રજુ થતાં આરોપી મુદતે હાજર રહેતાં તેઓને તેમની સામેની પોલીસ તપાસની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડેલ તેમજ આરોપી સદર કેસની ટ્રાયલ ચલાવવાની તેઓને હકુમત ન હોય, એક માત્ર સત્ર અદ્ધાલતને હકુમત હોય, તેઓએ સદર કેસ સેશન્સ કમીટ કરી મોકલી આપેલ છે.

**કેસની સેશન્સ કોર્ટ સમક્ષની કાર્યવાહી:**

(૫) આ કામે આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલતમાં હાજર થતાં આરોપીને તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરી, તેઓને બચાવ કરવાની તક પુરી પાડયા બાદ, મારા પુરોગામી એડીશનલ સેશન્સ જજશ્રીનાએ આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનાનુ તહોમતનામુ આંક-૨૬ થી ફરમાવી આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીએ આંક-૨૭ થી નિવેદન આપી ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદ પક્ષે કેસ પુરવાર કરવા સારૂ જરૂરી સાક્ષી પુરાવા રજૂ કરવા આદેશ કરવામાં આવેલ.

**ફોર્મ-સી**

(૬) આરોપી વિરૂધ્ધ આંક-૨૬ થી ફરમાવવામા આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કગવા માટે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**(એ) ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવા**

| અનુક્રમ નંબર | સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|---|
| મુખ્ય સાહેદો | | | | |
| ૧ | ૨ | ૪૮ | ભોગબનનાર -પી | ફરીયાદી |
| ૨ | ૪ | - | જયંતીભાઈ મોતીભાઈ પટેલ | સાહેદ |
| ૩ | ૭ | ૧૦૪ | સનતભાઈ બાબુભાઈ પટેલ | સાહેદ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ૧૧ | ૧૧૭ | રમેશભાઇ કોદરભાઇ પટેલ | સાહેદ |
| ૫ | ૧૩ | ૧૨૨ | ધર્મેન્દ્રકુમાર ડાહ્યાભાઇ પટેલ | સાહેદ |
| ૬ | ૧૪ | ૧૨૩ | અરવીંદભાઇ ખેમાભાઇ  પટેલ | સાહેદ |
| **પંચ સાહેદો** | | | | |
| ૭ | ૧ | ૨૯ | મુકેશભાઇ રણછોડભાઇ દોઢીચાર | પંચ સાહેદ |
| ૮ | ૮ | ૧૦૬ | દીતીનભાઇ જયંતીભાઇ પટેલ | પંચ સાહેદ |
| ૯ | ૯ | ૧૧૧ | પ્રકાશસિંહ જોરૂદાન ગઢવી | પંચ સાહેદ |
| ૧૦ | ૧૦ | ૧૧૨ | ચંદુલાલ ખેમરાજ સોની | પંચ સાહેદ |
| ૧૧ | ૧૨ | ૧૧૯ | જયેશકુમાર કેશરભાઇ પટેલ | પંચ સાહેદ |
| ૧૨ | ૧૫ | ૧૨૪ | તુષારભાઇ હસમુખભાઇ રાવલ | પંચ સાહેદ |
| **તબીબ સાહેદો** | | | | |
| ૧૩ | ૩ | – | ડો.હેમાગીની નયનકુમાર સ્વામીનારાયણ | ભોગબનનાર ની શારીરીક તપાસણી કરનાર તબીબ |
| ૧૪ | ૫ | – | ડો.વિનોદ કાવજીભાઇ વરસાત | આરોપીની શારીરીક તપાસણી કરનાર તબીબ |
| ૧૫ | ૬ | – | ડો.ભામીનીબેન બાબુલાલ પંડીત | ભોગબનનાર ની શારીરીક તપાસણી કરનાર તબીબ |
| **પોલીસ સાહેદ** | | | | |
| ૧૬ | ૧૬ | ૧૨૬ | પી.આઇ. મેહુલકુમાર વાલજીભાઇ કીકાણી | તપાસ કરનાર અમલદાર |
| ૧૭ | ૧૭ | ૧૪૩ | પી.એસ.ઓ.દિનેશભાઇ દલપતભાઇ પરમાર | ફરીયાદ દાખલ કરનાર |

## (એ) <u>ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા</u>

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૦ | આરોપીના શરીરસ્થીતીનુ પંચનામુ |
| ૨ | ૪૯ | અસલ ફરીયાદ |
| ૩ | ૯૦ | ભોગબનનારનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૪ | પી–૧ | ભોગબનનારની શારીરીક તપાસણી અંગેની યાદી |
| ૫ | પી–૨ | ભોગબનનારનો ઓપીડી કેસ |
| ૬ | પી–૩ | એફ.એસ.એલ. તપાસણી સારૂ પોલીસને કરેલ યાદીની ઓફીસ કોપી |
| ૭ | પી–૪ | ભોગબનનારનુ એમ.એલ.સી.પ૧૯ |
| ૮ | પી–૫ | રીફર સ્લીપ |
| ૯ | પી–૬ | આરોપીની શારીરીક તપાસણીની યાદી |
| ૧૦ | પી–૭ | આરોપીનો ઓપીડી કેસ |
| ૧૧ | પી–૮ | આરોપીનુ એમ.એલ.સી. |
| ૧૨ | પી–૯ | આરોપીના સેમ્પલ એફ.એસ.એલ.ને મોકલવાની યાદીની કોપી |
| ૧૩ | પી–૧૦ | આરોપીનો ઈન્ડોર કેસ પેપર્સ |
| ૧૪ | ૯૫ | ભોગબનનારની રીફર ચીઠ્ઠી |
| ૧૫ | ૯૬ | ભોગબનનારના ઓપીડી કેસ પેપર્સ |
| ૧૬ | ૯૭ | ભોગબનનારનુ એમ.એલ.સી. |
| ૧૭ | ૯૮ | ભોગબનનારના સેમ્પલ એફ.એસ.એલ. તપાસણી સારૂ મોકલવાની યાદીની ઓફીસ કોપી |
| ૧૮ | ૯૯ | ભોગબનનારનો સેમ્પલ ચકાસણીનો રીપોર્ટ |
| ૧૯ | ૧૦૭ | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૨૦ | ૧૦૮ થી ૧૧૦ | પંચ સ્લીપો |
| ૨૧ | ૧૧૩ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૨૨ | ૧૧૪ થી ૧૧૬ | પંચ સ્લીપો |
| ૨૩ | ૧૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨૪ | ૧૨૦ | ગુનામા વાપરેલ હથિયાર કબજે કર્યાનુ પંચનામુ |
| ૨૫ | ૧૨૭ | એફ.આઈ.આર. |

| | | |
|---|---|---|
| ૨૬ | ૧૨૮ | સુચીપત્ર |
| ૨૭ | ૧૨૯ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા બાબતેની યાદી |
| ૨૮ | ૧૩૦, ૧૩૧ | ભોગબનનારનુ નિવેદન નોંધવા બાબતે કરેલ યાદી |
| ૨૯ | ૧૩૨ | મુદમાલ એફ.એસ.એલ.મા મોકલવાની રવાનગી નોંધ |
| ૩૦ | ૧૩૩ | એફ.એસ.એલ.ની મુદામાલ મળ્યાની પહોચ |
| ૩૧ | ૧૩૪ | એફ.એસ.એલ.નો પત્ર |
| ૩૨ | ૧૩૫ | એફ.એસ.એલ.નો બાયોલોજી વિભાગનો અહેવાલ |
| ૩૩ | ૧૩૬ | એફ.એસ.એલ.નો સીરોલોજી વિભાગનો અહેવાલ |

**આરોપીનુ વિશેષ નિવેદનઃ**

(૭) ઉપરોકત સાક્ષીઓનો પુરાવો રજુ થયા બાદ ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી તરફથી આંક-૧૪૪ થી પુરસીસ રજુ કરી પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, " તારીખ ૦૩/૦૬/૧૫ ફરીયાદીએ અમોને તેમના ઘરે પુજા પાઠના કામે બોલાવેલા તે સમયે તેમના પતિ આવી જતા વહેમ રાખી તારીખ : ૨૧/૦૬/૧ ૫ ના રોજ આ કામના ફરીયાદીના પતિ તથા અન્ય ત્રણ કુટુંબીઓ એ ત્રણ ગાડીઓ લઈ આવી મને ઉઠાવી જઈ, માર મારી, વીડીયો બનાવી, સદર વીડીયો સોશીયલ મીડીયામાં ફરતો કરેલ, અમોને લક્ષ્મણપુરા લઈ જઈ માર મારેલ અને મોડી રાત્રે હિંમતનગર ફેંકી દીધેલ. તે બાબતે અમોએ ઇડર પો.સ્ટે. નો સંપર્ક કરતા ફરીયાદ લીધેલ નહી અને તા.૨૪/૬/૧૫ ના રોજ અમોએ લખાવેલી. ફરીયાદ આ કામના ફરીયાદીના પતિ અને ૯ જણા સામે નોંધી ગાડીઓ કબજે કરી, ચાર્જશીટ કરેલ. જે ફરીયાદ એફ.આઇ.આર.૧૦૫/૨૦૧૫ થી નોંધાયેલ. સદર ફરીયાદ કર્યા બાદ અમો પોલીસ સ્ટેશનમાં હાજર હતા ત્યારે આ કામની ફરીયાદીએ અમારા વિરૂધ્ધ ૧૦૬/૨૦૧૫ વાળી ખોટી ઉભી કરેલી નોંધી, અમારી પોલીસે અટક કરેલી અમે નોંધાવેલ ગુનાના આરોપીઓ પો.સ્ટે. મા હાજર હોવા છતા તેમને પકડેલ નહી.

આમ મારી વિરૂધ્ધ કરેલ ફરીયાદ ખોટી અને દબાણ કરવા ઊભી કરેલ છે. તેમજ સોંગદ ઉપર જુબાની આપેલ નથી અને બચાવ સાહેદ પણ તપાસવામાં આવેલા નથી.

## આરોપી પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૯૧ | આરોપી પિયુષકુમાર પંડયાનુ સારવાર સર્ટી. |
| ૨ | ૯૨ | આરોપી પિયુષકુમાર પંડયાનો ઓપીડી કેસ |

## પક્ષકારોની દલીલો

**(અ) ફરિયાદ પક્ષની દલીલ :**

(૮) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી પી.જે.સોનીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે આરોપી સામે આંક–૨૬ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આંક–૨૯ થી સાહેદ નં.૧ પંચ સાહેદ મુકેશભાઈ રણછોડભાઈ દોઢીયારને તપાસેલ છે તેઓ આરોપીના શરીરસ્થીતીના પંચનામાના પંચ સાહેદ છે અને તેઓ હોસ્ટાઇલ થયેલ છે પરંતુ પંચનામાની સહી ઓળખી બતાવેલ છે અને આંક–૩૦ થી પંચનામું રજુ થયેલ છે.

(૮.૧) વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે આંક–૪૮ થી સાહેદ નં.૨ ભોગબનનારને તપાસેલ છે અને તેમની જુબાનીમાં તેણી અને આરોપી કોલેજમાં અભ્યાસ કરતાં હતા અને તે વખતે આરોપી તેણી સાથે અવારનવાર અડપલા કરતો હતો અને તેણી વાત ન માનતી ત્યારે ધમકી આપતો હતો. ત્યારબાદ ઇડરમા જયારે ભોગબનનાર ખરીદી કરવા ગયેલી ત્યારે પણ તેણીની પાછળ પડેલ અને લગ્ન કરવા છે તેમ કહેલ અને અડપલા કરેલ અને ધમકી આપેલી અને બ્લેકમેઈલ કરતો હતો. ત્યારબાદ તા.૨૧/૬/૧૫ ના રોજ ભોગબનનાર વાસીદુ વાળવા ગયેલી ત્યારે આરોપીએ અચાનક છાપરામાં જઇ તેણીની ઇચ્છા વિરુધ્ધ બળાત્કાર કરેલ છે અને ભોગબનનારે બુમ પાડવાની કોશીશ કરતા ચપ્પુ બતાવી બુમ બંધ કરાવી દીધેલ અને તગારાને ભોગબનનારે લાત મારતા આજુબાજુથી માણસો આવી ગયેલા અને આરોપી ત્યાંથી ભાગી ગયેલ તે અંગેની ફરીયાદ આપેલ છે તે આંક–૪૯ થી રજુ કરેલ છે

ભોગબનનારે તેના કપડા પોલીસને આપેલ તે ઓળખી બતાવેલ છે અને તેણીએ સી.આર.પી.સી. ૧૬૪ મુજબનુ નિવેદન આપેલ તે આંક-૯૦ થી રજુ કરેલ છે તેમજ ડોકટર રુબરુ બનાવની હિસ્ટ્રી જણાવેલ છે અને ફરીયાદને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૨) ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ ડો.હેમાગીની નયનકુમાર સ્વામીનારાયણ ને તપાસેલ છે તેઓએ ભોગબનનારની શારીરીક તપાસણી કરેલ છે. જે અંગેનો ઓપીડી કેસ પેપર્સ અને એમ.એલ.સી. રજુ કરેલ છે તેમજ ભોગબનનારે તેમની રુબરુ બનાવની હીસ્ટ્રી આપેલ તે લખેલ છે અને ફરીયાદને સમર્થન કરેલ છે.

(૮.૩) તેવી જ રીતે સાહેદ નં.૪ જયંતીભાઇ મોતીભાઇ પટેલને તપાસેલ છે તેઓ બનાવ વખતે ધર્મેન્દ્ર નાયીના ઘરે દાઢી કરવા ગયેલા અને ભોગબનનારના ઘરે બુમાબુમ થતાં ત્યાં ગયેલા અને ભોગબનનાર ને બનાવની હકીકત પુછતાં ભોગબનનારે જણાવેલ છે અને તેઓએ આરોપીને ત્યાંથી નાસતા જોયેલો અને પકડવા પ્રયત્ન કરેલો પરંતુ ભાગી ગયેલો અને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૪) વધુમાં એ.પી.પી.શ્રી એ તેમની દલીલમા જણાવેલ છે કે, સાહેદ નં.પ ડો. વિનોદભાઇ કાવજીભાઇ વરસાતને તપાસેલ છે તેઓએ આરોપીની શારીરીક તપાસણી કરેલ છે તેમની સમક્ષ આરોપીએ હીસ્ટ્રી આપેલ છે અને ભોગબનનાર સાથે કોલેજ કાળ દરમ્યાન શારીરીક સંભોગ થયેલ હોવાનુ જણાવેલ છે અને આરોપીને પણ ઇજા થયેલ તેની સારવાર કરેલ અને તે અંગેનુ સર્ટી. આપેલ છે.

(૮.પ) વધુમાં એ.પી.પી.શ્રી એ તેમની દલીલમા જણાવેલ છે કે,તેવી જ રીતે આંક-૯૪ થી સાહેદ નં.૬ ડો.ભામીની બેન બાબુલાલ પંડીત ને તપાસેલ છે તેઓએ ભોગબનનારની શારીરીક તપાસણી કરેલ છે. જે અંગેનો ઓપીડી કેસ પેપર્સ અને એમ.એલ.સી. રજુ કરેલ છે તેમજ ભોગબનનારે તેમની રુબરુ બનાવની હીસ્ટ્રી આપેલ તે લખેલ છે અને ફરીયાદને સમર્થન કરેલ છે.

(૮.૬) વધુમા એ.પી.પી.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે, સાહેદ નં.૭ આંક-૧૦૪ થી ભોગબનનારના પતિને તપાસેલ છે અને તેઓ

ફેકટરી પરથી ઘરે બનાવના દિવસે આવતા ભોગબનનાર ગભરાયેલ હતી અને તેણીને પુછતાં આરોપીએ તેણીની સાથે બિભત્સ કૃત્ય કરેલ વિગેરે હકીકત બનાવની ભોગબનનારે જણાવેલ છે અને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૭) વધુમા એ.પી.પી.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે, પંચ સાહેદ નં.૮ દીતીનભાઇ જયંતીભાઇ પટેલ આંક–૧૦૬ થી તપાસેલ છે. તેઓએ ભોગબનનારે બનાવ વખતે પહેરેલા કપડા રજુ કરતાં તે અંગેનુ પંચનામુ કરેલ અને કપડા ઓળખી બતાવેલ છે તે પંચનામુ આંક –૧૦૭ થી રજુ થયેલ છે અને પંચ સ્લીપો પણ રજુ થયેલ છે અને પંચનામાને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૮) વધુમા એ.પી.પી.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે, પંચ સાહેદ નં.૯ આંક–૧૧૧ થી પ્રકાશકુમાર જોરુદાન ગઢવીને તપાસેલ છે તેઓએ આંક–૩૦ ના પંચનામાને સમર્થન કરેલ છે.

(૮.૯) વધુમા એ.પી.પી.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે, પંચ સાહેદ નં.૧૦ ચંદુલાલ ખેમરાજ સોનીને આંક–૧૧૨ થી તપાસેલ છે તેઓએ આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ છે તેઓએ પંચનામાને સમર્થન કરેલ નથી પરંતુ પંચનામાની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક–૧૧૩ થી રજુ થયેલ છે. તેમજ પંચ સ્લીપોમા સહી ઓળખી બતાવેલ છે.

(૮.૧૦) વધુમા પંચ સાહેદ નં.૧૧ રમેશભાઇ કોદરભાઇ પટેલને આંક–૧૧૭ થી તપાસેલ છે તેઓ બનાવવાળી જગ્યા ભોગબનનારે બતાવેલ તે અંગેનું પંચનામુ તેમની હાજરીમા કરવામાં આવેલ અને પંચનામુ આંક–૧૧૮ થી રજુ થયેલ છે અને પંચનામાને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૧૧) વધુમા પંચ સાહેદ નં.૧૨ જયેશકુમાર કેશરભાઇ પટેલને આંક–૧૧૯ થી તપાસેલ છે તેઓ આરોપીએ ગુનામા વાપરેલ ચપ્પુ રજુ કરેલ તે અંગેનુ પંચનામુ કરેલ છે તે પંચનામુ આંક–૧૨૦ થી રજુ કરેલ છે અને તેને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૧૨) વધુમા પંચ સાહેદ નં.૧૩ ધર્મેન્દ્રકુમાર ડાહ્યાભાઇ પટેલને આંક– ૧૨૨ થી તપાસેલ છે. તેઓ તેના કાકા જયંતીભાઇ બનાવ વખતે ધર્મેન્દ્ર નાયીના દુકાને દાઢી કરવા ગયેલા અને ભોગબનનારના ઘરે બુમાબુમ થતાં ત્યાં ગયેલા અને ભોગબનનાર ને બનાવની હકીકત પુછતાં ભોગબનનારે જણાવેલ છે અને ત્યાં આરોપી હાજર હતો અને તેઓને જોઇને આરોપી ભાગી ગયેલો અને પીછો કરેલો અને પકડી શકેલા નહી અને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૧૩) વધુમા સાહેદ નં.૧૪ અરવીદભાઇ ખેમાભાઇ પટેલને આંક–૧૨૩ થી તપાસેલ છે તેઓ પણ બનાવ વખતે અવાજ આવતાં ભોગબનનારના ઘરે ગયેલ અને તે વખતે તેઓએ જોરથી બુમ પાડતા આરોપી અવાજ સાંભળી કોટ કુદીને ભાગી ગયેલ અને તે વખતે ભોગબનનારને બનાવ અંગે પુછતાં આરોપીએ બળાત્કાર ગુજારેલ હોવાનુ જણાવેલ છે અને ફરીયાદને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૧૪) વધુમા પંચ સાહેદ નં.૧૫ તુષારભાઇ હસમુખભાઇ રાવલને આંક– ૧૨૪ થી તપાસેલ છે તેઓએ આરોપીના કપડા કબજે કર્યાના પંચ છે અને પંચનામાને સમર્થન કરેલ નથી અને આંક–૧૧૩ ના પંચનામા અને પંચ સ્લીપોની સહીઓ ઓળખી બતાવેલ છે.

(૮.૧૫) વધુમા સાહેદ નં.૧૬ તપાસ કરનાર અમલદાર (પી.આઇ.) મેહુલકુમાર વાલજીભાઇ કીકાણીને આંક–૧૨૬ થી તપાસેલ છે તેઓએ ભોગબનનારની ફરીયાદ હકીકત લખી લઇ ગુનો નોંધવા પી.એસ.ઓ.ને મોકલી આપેલ અને એફ.આઇ.આર.૧૨૭ થી રજુ કરેલ છે અને સુચીપત્ર રજુ કરેલ છે અને પંચોને હાજરી રાખી પંચનામા કરેલ છે અને સાહેદોના લખાવ્યા મુજબના નિવેદન લખેલ છે તેમજ આરોપી વિરુધ્ધ્ પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલ છે અને ભોગબનનારનુ સી.આર.પી.સી.૧૬૪ મુજબનુ નિવેદન લેવડાવવામા આવેલ છે અને એફ.એસ.એલ.મા મુદામાલ મોકલેલ અને એફ.એસ.એલ. અહેવાલો રજુ કરેલા છે અને ગુનાની તપાસ કરેલ છે અને સમર્થન કરતી જુબાની આપેલ છે.

(૮.૧૬) વધુમા દલીલ કરતાં જણાવેલ છે કે સાહેદ નં.૧૭ દિનેશભાઇ દલપતભાઇ પરમારને આંક–૧૪૩ થી તપાસેલ છે જેઓ પી.એસ.ઓ. તરીકે ઇડર પો.સ્ટે.મા ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદીની ફરીયાદ પી.આઇ. ઇડરનાએ નોંધવા જણાવેલ અને તેઓએ ગુનો રજીસ્ટર કરેલ અને એફ.આઇ.આર. રજીસ્ટરમા નોંધ કરેલ. આમ, આ કામે ભોગબનનાર તેમજ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતી જુબાની આપેલ છે અને ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ નો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીને તેની સામેના ગુનાઓમાં સખતમા સખત સજા કરવા દલીલ કરેલ છે.

વધુમાં ફરીયાદ પક્ષે આંક–૧૫ર થી લેખિત દલીલ રજુ કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

## (બ) <u>બચાવ પક્ષની દલીલ :</u>

(૯) બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી એસ.જી.બારોટનાએ આંક–૧૫૪ થી લેખિત દલીલ રજુ કરેલ છે. જે ધ્યાન લેવામાં આવેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, આંક–૩૦ થી આરોપીની શરીર સ્થીતીનું પંચનામુ રજુ છે અને તે પંચનામુ તા.ર૪/૦૬/૧૫ ના રોજ કલાક રર:૩૦ વાગ્યે કરવામાં આવ્યું તેના બે દિવસ પહેલાં આરોપીને અપહરણ કરી લઇ જવામાં આવેલાંનું અને માર મારેલાનું તથા તે બાબતે ફરીયાદ કર્યાનું ફલીત થાય છે.

વધુમાં બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીની રજુઆત છે કે, આંક–૧૦૭ થી ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડાંનું પંચનામુ કરવામાં આવેલ છે પરંતુ, કહેવાતા બનાવ સમયે ફરીયાદીએ પહેરેલ કપડાં ઉપર કોઇ છાણ કે માટીના ડાઘ જણાતાં નથી. તેમજ આંક–૧૧૩ થી આરોપીના કપડાંનું પંચનામુ કરવામાં આવેલું છે તેમાં તે કપડાં ઉપર પંચનામામાં દર્શાવ્યા મુજબ કોઇ ડાઘ જણાવેલ નથી. તેમજ આંક–૧૧૮ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ છે તે પંચનામાની વિગતે જોતાં બનાવની જગ્યાની આસપાસ ઘણાં બધાં મકાનો આવેલાં છે તે બાબતે

તપાસ કરતાં અધિકારી ધ્વારા નિવેદન લેવામાં આવેલ નથી સ્થળનો નકશો દોરવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાની સામે દુકાન આવેલાંનું સાહેદોની ઉલટતપાસમાં ખુલે છે પરંતુ દુકાનનો ઉલ્લેખ પંચનામામાં કરવામાં આવેલો નથી.

વધુમાં બચાવપક્ષે રજુ આતે છે કે, આંક-૧૨૦ થી આરોપી ધ્વારા બનાવમાં વાપરવામાં આવેલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ રજુ કરવામાં આવેલ છે. જે જોવામાં આરોપી ધ્વારા રજુ કરવામાં આવેલ હથિયાર સીલ કરી એફ.એસ.એલમાં મોકલવામાં આવેલ નથી અને ફરીયાદીએ ફરીયાદમાં આરોપીએ રામપુરી ચપ્પુ તેના ગળાના ભાગે મુકી દીધેલ હોય તેમ જણાવેલ છે પરંતુ, રામપુરી ચપ્પુ નથી તેવુ તપાસ કરનાર અધિકારી મેહુલકુમાર કીકાણીનાએ સ્વીકારેલ છે.

વધુમાં બચાવપક્ષે રજુઆત છે કે, ર્ડા. હેમાંગીની તેમજ ર્ડા. વિનોદભાઇ અને ર્ડા. ભામીની બાબુલાલ પંડીતને તપાસેલાં છે અને ભોગ બનનારે હીસ્ટ્રીમાં તેમની લેખિત ફરીયાદ કરતાં જુદી હકીકત ર્ડા. સમક્ષ લખાવેલી છે અને સર્ટીફીકેટ જોતાં ભોગ બનનારને શરીરે કે ગૃપ્ત ભાગે કોઇપણ પ્રકારની ઈજાઓ જણાયેલ નથી. આમ ભોગ બનનાર સાથે બળજબરી થયેલ હોય તેવો કોઇ પુરાવો જણાતો નથી. આરોપીની મેડીકલ તપાસ કરતાં આરોપીના શરીરે ઈજાઓ જણાવેલ છે અને જેથી સ્પષ્ટ થાય છે કે તા.૨૧/૬/૨૦૧૫ ના રોજ તેમનું અપહરણ થયેલ અને ઈજાઓ બાબતે સારવાર લીધેલ. ભોગ બનનારના ર્ડા. ધ્વારા નમુનાઓ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ તે બાયલોજી અને સીરોલોજીના રીપોર્ટમાં રૂધિર ,વિર્ય, લાળ ની હાજરી મળી શકેલ નથી અને ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો નથી.

વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારને આંક-૪૯ ની લેખિત ફરીયાદ, આંક-૯૦ વાળુ સી.આર.પી.સી. કલમ-૧૬૪ નું નિવેદન, ર્ડાકટર સમક્ષ આપેલ હીસ્ટ્રી વંચાણે લેવામાં આવેતો ભોગ બનનાર વારંવાર પોતાના

નિવેદનોમાં ફેરફાર કરતાં હોય તેવુ સ્પષ્ટ જણાય છે અને ફરીયાદમાં તેમના મા–બાપ બ્લેકમેઇલ કરતાં હોવાનું જણાવે છે તેવી વિગત જુબાનીમાં કે હીસ્ટ્રીમાં જણાવતાં નથી. તેમજ હીસ્ટ્રીમાં આરોપી બ્લેકમેઇલ કરતાં હોવાનું તથા રૂપિયા ત્રણ થી ચાર લાખ લઇ ગયેલ હોવાનું જણાવે છે જે ફરીયાદમાં નથી. તેમજ હીસ્ટ્રીમાં દસથી બાર વખત આરોપી સાથે સબંધ બંધાયેલ પરંતુ, ફરીયાદમાં કે જુબાનીમાં જણાવતાં નથી. તેમજ તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નિવેદનમાં મોઢું દાબી દીધેલાનું કહે છે પરંતુ ચપ્પા વિશે કોઇ ઉલ્લેખ કરતાં નથી અને તેમણે લગ્ન પહેલાં ફરીયાદ કરી નથી ઇડર ખાતે આરોપીએ તેમને ઉભા રાખ્યા તે બાબતે ફરીયાદ કરી નથી કે તેમના કુટુંબના કોઇ સભ્યોને આ બાબતે જણાવ્યું નથી. જેથી ભોગ બનનાર જુબાનીમાં અલગ અલગ હકીકતો જણાવતાં હોય તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

વધુમાં આ કામે પંચો તથા ડૉ. સાહેદ સીવાયના અન્ય સાહેદો પૈકી ભોગ બનનારના કાકાની જુબાનીનો ઉલ્લેખ કરેલ છે તેમજ સાહેદ અરવિંદભાઇ ખેમાભાઇ બનાવની તા.૨૪/૦૬/૨૦૧૫ ની જણાવે છે અને અન્ય સાહેદ જયંતીભાઇની જુબાનીમાં જણાવેલ હકીકત કરતાં અલગ અલગ હકીકત જણાવી રહયા છે અને સાહેદ પણ વાળંદનું નામ જણાવતાં નથી અને તેમના સરતપાસ, ઉલટતપાસની હકીકતનો ઉલ્લેખ કરેલ છે અને જણાવેલ છે અને સાહેદ પ્રથમ અસત્ય બોલે છે અને પછી વાતનો સ્વીકાર કરેલ છે. તેમજ આંક–૧૨૨ થી ભોગ બનનારના ભાઇને તેમજ ભોગ બનનારના પતિ ને આંક–૧૦૪થી તપાસવામાં આવેલ છે અને તેમાં પણ તેઓ બન્નેના પુરાવાનો ઉલ્લેખ કરેલ છે.

વધુમાં બચાવપક્ષે રજુઆત કરેલ છે કે, આ કામે તપાસ કરતાં અધિકારી મેહુલ કુમાર વાલજીભાઇ કીકાણીને તપાસવામાં આવેલ છે અને તેમની ઉલટતપાસ પરથી સ્પષ્ટ છે કે, આ પોલીસ અધિકારી ધ્વારા કાયદેસરની પ્રક્રિયાઓને અનુસરવામાં આવેલ નથી અને અગમ્ય દબાણ હેઠળ આરોપી વિરૂધ્ધ તપાસ કરવામાં

આવેલ છે અને આરોપીએ કરેલ ફરીયાદમાં જણાવેલાં આરોપીઓ પોલીસ સ્ટેશનમાં હાજર હોવા છતાં તેમની ધરપકડ કરવામાં આવેલ નથી અને આરોપી તથા તેમની પત્નીનું નિવેદન રજુ કર્યુ નથી અને દલીલમાં સદર સાહેદના પુરાવાનો ઉલ્લેખ કરેલ છે.

વધુમાં આ કામે જે સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ છે તે ભોગ બનનારના નજીકના સબંધીઓ છે અને ગામમાં ધણાં ઘર બનાવવાળી જગ્યાની આજુબાજુમાં આવેલ હોવા છતાં સાહેદ તરીકે નિવેદન લેવામાં આવેલ નથી તેમજ વાળંદ અને કરીયાણાની દુકાનના માલીકનું પણ નિવેદન લેવામાં આવેલ નથી. વધુમાં સાહેદો તેમની પાસે મોબાઈલ હોવાનું જણાવે છે પરંતુ, બનાવ બાબતે એકપણ વ્યકિત ભોગ બનનારના પતિને ફોન કરી બનાવ બાબતે જાણ કરતાં નથી અને પાંચ કુટ કે દસ કુટની દિવાલ કુદી આરોપી ભાગી શકે તેવી શકયતાઓ જણાતી ન હોય સાહેદો ખોટું બોલી રહયા હોવાનું સ્પષ્ટ જણાય છે અને ભોગ બનનારના ભાઈએ સ્વીકારેલ છે કે, આરોપીએ ફરીયાદ કરી એટલે તેમના બહેનને ફરીયાદ કરવી પડી અને સ્પષ્ટ છે કે, આરોપી વિરૂધ્ધની આ ફરીયાદ કાઉન્ટર બ્લાસ્ટ છે અને આરોપીએ કરેલી ફરીયાદ આરોપી પાછી ખેંચી લે તે બાબતે દબાણ ઉભુ કરવા ખોટી હકીકતો દર્શાવી દાખલ કરવામાં આવેલી છે. ફરીયાદી અને તેમના પતિએ બનાવ તા.૨૫/૬/૧૫ ના રોજ બન્યાનું કહેયુ છે પરંતુ સાહેદો જયંતિભાઈ તથા અરવિંદભાઈ તથા ભોગ બનનારના ભાઈ બનાવ તા.૨૪/૬/૧૫ ના રોજ બન્યાનું જણાવે છે જે મટીરીયલ્ કોન્ટ્રાડીકશન છે.

વધુમાં બચાવપક્ષે રજુઆત છે કે, આ કેસની ખરી હકીકત મુજબ આરોપી તથા ભોગ બનનાર શાળામાં અભ્યાસ કરતાં હતાં ત્યારથી એકબીજાને સારી રીતે ઓળખતા હતાં અને મિત્રતાના સબંધ હતાં અને ભોગ બનનારના લગ્ન બાદ ભોગ બનનારનો આરોપી સાથે કયારેય કોઈ સંપર્ક થયેલ નથી પરંતુ, તા.૩/૬/૧૫ ના રોજ ભોગ બનનારનો આરોપી ઉપર ફોન

આવેલ અને આરોપી પુજાપાઠ અને કર્મકાંડનું કામ કરતાં હોવાથી ભોગ બનનારે તેમના ઘરે પુજાના કામ માટે વાત કરવા બોલાવેલાં અને ભોગ બનનાર પતિ આવી જતાં તેમને શંકા થયેલી અને ભોગ બનનાર તથા તેમના પતિ વચ્ચે આરોપીની હાજરીમાં બોલાચાલી થતાં આરોપી તેમના ઘરેથી નિકળી ગયેલાં અને ત્યારબાદ તા.૨૧/૬/૧૫ ના રોજ રાત્રે નવ વાગ્યે ભોગ બનનાર પતિ તથા અન્ય વ્યકિતઓ આરોપીના ઘરે આવી ઉઠાવી લક્ષ્મણપુરા લઈ ગયેલાં અનુ આરોપીને માર મારી ગંભીર ઈજા કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગાડીમાંથી ફેંકી દઈ નાસી ગયેલાં વિગેરે તે અંગે આરોપીએ સારવાર લીધેલી. તા.૨૩/૬/૧૫ ના રોજ સાંજ ૭:૪૫ કલાકે હોસ્પીટલમાં જઈ ર્ડા.વીનોદ કાવજીભાઈ વરસાત સમક્ષ બનાવની હીસ્ટ્રી આપી સારવાર લીધેલી અને જે દિવસે આરોપીનું અપહરણ કરવામાં આવેલું તે દિવસે આરોપીના સગા સબંધીઓ ધ્વારા હેલ્પલાઈન ઉપર ફોન કરી ફરીયાદ નોંધાવામાં આવેલી જે બાબતે પોલીસ કંન્ટ્રોલ રૂમથી ઈડર પોલીસ સ્ટેશનને મેસેજ આપવામાં આવેલા પરંતુ, પોલીસ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહીં. તા.૨૪/૬/૧૫ ના રોજ વહેલી સવારે ૧૦ વ્યકિત વિરૂધ્ધમાં આરોપીએ જણાવેલ વિગતના આધારે ઈડર પોલીસ સ્ટેશન ધ્વારા ફરીયાદ નોંધવામાં આવેલી. આથી ભોગ બનનારે પોલીસ સ્ટેશન હાજર થઈ લેખિત ફરીયાદ તા.૨૪/૬/૧૫ ના રોજ સાંજના ૭:૩૦ કલાકે આ કામના આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ નોંધવામાં આવેલી છે. આમ, ફરીયાદપક્ષ રજુ રાખેલ દસ્તાવેજી તથા મોખિક પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ એકપણ આરોપી સાચો હોય અને ભોગ બનનાર દરેક વખતે જુદી જુદી હકીકતો જણાવતાં હોય તેમના નિવેદન ઉપર વિશ્વાસ રાખી શકાય તેમ નથી અને પુરાવામાં વિસંગતતાઓ છે જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરવા વિનંતી છે તેમ જણાવેલ છે અને રજુઆત કરેલ છે. તેમજ તેઓની રજુઆતના સમર્થનમા નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) **સંતોષ પ્રસાદ ઉર્ફે સંતોષકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહાર (૨૦૨૦ ) ૩ એસસીસી ૪૪૩, સુપ્રિમ કોર્ટ**

(૨) **નિર્મલ પ્રેમકુમાર અને બીજા વિરુધ્ધ સ્ટેટ (૨૦૨૪) એસ.સી.સી.૨૯૩, સુપ્રિમ કોર્ટ**

(૩) **રાય સંદીપ ઉર્ફે દીપુ વિરુધ્ધ સ્ટેટ, એનસીટી ઓફ દિલ્હી (૨૦૧૨) ૮ એસ.સી.સી.૨૧ સુપ્રિમ કોર્ટ**

(૪) **ગુજરાત સરકાર વિરૂધ્ધ મોહન સુરસંગ ચાવડા, ક્રીમીનલ અપીલ નં.૫૮૧/૨૦૦૫, તા.૦૪/૧૨/૨૦૨૫, ગુજરાત હાઇકોર્ટ**

**(૫) સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ મહીપત ઉર્ફે પુરષોતમ બચુભાઇ, ક્રિમીનલ અપીલ નં.૧૨૧૮/૧૯૯૭, ગુજરાત હાઇકોર્ટ**

(૧૦) આમ, બન્ને પક્ષોની થયેલ રજુઆતો તથા પડેલ લેખિત તેમજ મૌખિક પુરાવાને ધ્યાને લેતાં સુંદર કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૧/૬/૧૫ ના કલાક ૧૫.૦૦ ના સુમારે મોજે લક્ષ્મણપુરા ગામે ફરીયાદીના ઘરમા ગેરકાયદેસર પ્રવેશ કરી એકલતાનો લાભ લઈ ફરીયાદી બેન સાથે સંભોગ કરવા ચપ્પુ બતાવી, ગળાના ભાગે મુકી બળજબરીથી ભોગબનનાર ની મરજી વિરુધ્ધ બળાત્કાર કરેલ અને ભોગબનનારે બુમાબુમ કરતાં સાહેદો આવી જતા સાહેદોને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તેમજ બનાવ આ અગાઉ કોલેજ કાળથી આરોપી ભોગબનનાર સાથે લગ્ન કરવાના ઈરાદે અવારનવાર રસ્તે જતા આવતા રોકી શારીરીક છેડછાડ કરી જાતિય સતામણી કરી અને અનિચ્છનીય સંભોગ કરવા અવારનવાર દબાણ અને માંગણી કરી ઈ.પી.કો. કલમ–૩૭૬, ૩૫૪(એ), (i)(ii)(iii) (v), ૩૫૪(ડી), ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ

**(૧૧)** આ કામ રજુ થયેલા પુરાવા તથા પક્ષકારોના છે, વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતા, ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબ નિર્ણય આપવામા આવેલ છે.

**/// નિર્ણયો ///**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

➢ **પુરાવાનુ મુલ્યાકન :**

(૧૨) ફરીયાદપક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે,ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનુ અનુમાન છે. સાથે સાથે એક એવુ પણ અનુમાન છે કે, જે સાહેદ વીટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલા પુરાવાનુ મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શીકા નથી, દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલા પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહે છે.

**નામદાર સુપ્રિમકોર્ટે લાલબહાદુર વિ.સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી,૨૦૧૩(૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭ તેમજ ભરવાડ ભોગીનભાઇ હિરજીભાઇ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩(૩) એસ.સી. સી. પાન નં. ૨૧૭ વાળા** ચુકાદાથી પુરાવાના મુલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજીક મોભો, સામાજીક પરિસ્થીતી, બૌધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઇ તેના પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરીક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની

જેમ તમામ વખતે એક જ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે શબ્દ:સહ પુન: ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે, શબ્દ:સહ પુન: ઉચ્ચારણ કોઈ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેય સામાન્ય વિરોધાભાસ પુરાવામાં મળતો હોય છે. પરંતુ આ વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરીયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ કેસને અસર કરતા ન હોય તો તે ફરીયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે, પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે અદાલતે તે ધ્યાને લેવાના હોય છે તેમજ ક્રિમીનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનુ જ હિત જોવાનું નથી. પરંતુ ગુનામા ભોગબનનાર અને સમાજનુ હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે.પરંતુ, ગુનામાં ભોગ બનનાર અને સમાજનુ હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહિ તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે,દોષીત માણસ ગુનામાંથી છટકી ના જાય. આમ,નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહિ તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષીત માણસ ગુનામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષીત ના ઠરે, સાથે સાથે દોષી વ્યકિતને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રીમકોર્ટ **અંબિકા પ્રસાદ વિ.સ્ટેટ(દિલ્હી) રીપોર્ટેડ ઈન ૨૦૦૦(એસ.સી.સી) પાન નં.૬૪૬ થી** પ્રતિપાદીત કરેલ છે.

(૧૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનીય અને નિ:શંક પુરાવા રજુ કરવાના હોય છે. અદાલતને

સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી. પરંતુ, ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનીય જણાતા હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતા હોય ત્યારે પ્રોસીકયુશનના પુરાવા સ્વીકારી, આરોપીને દોષી ઠરાવી શકાય છે. જયારે નિ:શંક પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ન હોય ત્યારે તેમજ રજુ થયેલ પુરાવામાંથી બે પ્રકારની સંભાવના ઉદ્દભવતી હોય, તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે અને તે મુજબ આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈને કરવામાં આવેલું છે.

**<u>ફરીયાદપક્ષે પુરવાર કરવાની આવશ્યક હકીકત:</u>**

(૧૪) આ કામના આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત મુજબ આરોપીએ ભોગબનનારના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ભોગબનનારની એકલતાનો લાભ લઈ, ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરી ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

**<u>મુદા નં.૧</u>**

આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ સાબિત કરવા ત.ક.અમલદાર સહીત કુલ-(૧૪) સાહેદો તપાસેલા છે અને તેને સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

(૧૫) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ પંચ મુકેશભાઈ રણછોડભાઈ દોઢીયાર ને આંક-૨૯ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં પોલીસે તેમને એક લખેલા કાગળમાં સહી કરવા જણાવતા તેમણે સહી કરેલી તે વખતે તેમની સાથે બીજા પંચ તરીકે પ્રકાશસીહ જોરુદાન ગઢવી હતા, તેઓએ પણ તેમની સાથે તેમા સહી કરેલી તેમા શું લખાણ કરેલ હતુ તે તેઓએ વાંચેલ ન હતુ કે તેઓને વાંચી સંભળાવેલ હોય તેવું પણ બનેલ નથી. તેવી હકીકત જણાવી

આંક–૩૦ ના આરોપીના શરીરસ્થીતીના પંચનામાને સમર્થન કરેલ ન હોય, એ.પી.પી.શ્રી દ્વારા સદર પંચને ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાની હકીકતો પુરવાર થાય તેવી કોઈ જ ફળદાયી હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૫.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફે ઉ.ત. ફરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, તેમણે આ કામે તૈયાર લખેલા પંચનામામાં માત્ર સહી કરેલી તે સિવાય પંચનામા ની વિગતે તેઓ કંઈ જાણતા નથી.

(૧૫.૨) આમ, ઉપરોક્ત પંચના પુરાવા પરથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી.

(૧૬) જયારે આંક–૩૦ ના ઉપરોકત પંચનામાના અન્ય પંચ સાહેદ નં.૯ પ્રકાશસીહ જોરૂદાન ગઢવી ને આંક–૧૧૧ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં તારીખ : ૨૪/૦૬/૨૦૧૫ ના રોજ તેઓ પો.સ્ટે. આગળથી જતા હતા ત્યારે પોલીસે તેમને પો.સ્ટે. બોલાવેલો, તે વખતે બીજા કોઈ પંચ હતા કે કેમ તે તેમને હાલ ખ્યાલ નથી. તે વખતે પો.સ્ટે.મા પિયુશભાઈ હાજર હતા. તેમને મને બતાવેલ, તેમણે શરીરે લાલ કલર જેવું ટી શર્ટ પહેરેલ હતુ અને નીચે પેન્ટ પહેરેલ હતુ અને તે વખતે પોલીસે તેઓને તેમને બતાવેલા અને તેમને પાછળ બરડાના ભાગે તથા હાથ ઉપર ઈજાના નિશાનો હતા, જે તેઓએ જોયેલા, તે ઈજાઓ કોઈએ માર મારેલ હોય અને થયેલ હોય તે પ્રકારની હતી અને તેનું પંચનામું લખાયેલ હોવાનું જણાવી આંક–૩૦ ના પંચનામામાં પંચ તરીકે ની પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે તેમણે જે પો. સ્ટે. માં પિયુશભાઈને જોયેલા તે આજ રોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

(૧૬.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામા આવેલ નથી. આમ, ઉપરોકત પંચના પુરાવા પરથી આરોપીના શરીરસ્થીતીના પંચનામાની હકીકતો પુરવાર થાય છે.

(૧૭) ફરીયાદ પક્ષે સાહેદ નં.૨ ભોગબનનાર–ફરીયાદીને આંક–૪૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેને બે સંતાનો છે તેના પતિ સિરામીક ઉદ્યોગના બોક્ષ બનાવવાનું કામ કરે છે અને બનાવ સમયે તેઓ લક્ષ્મણપુરા અપ–ડાઉન કરતા હતા. તેણી એસ.વાય.બીએ. સુધી ઇડર કોલેજમાં ભણેલી છે અને તેણે તેના ગામથી ૩ કિ.મી. દૂર ગોરલ મુકામે ધોરણ–૮ થી ૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે. તેણે ઈડર કોલેજમાં એડમીશન લીધેલ ત્યાં તેમના ગામના ઘણા બધા લોકો ભણતા હતા અને તેમના બાજુના ગામના ગોરલ ગામના પિયુષભાઈ જે. પંડયા પણ કોલેજમાં અભ્યાસ કરવા આવતા હતા, અને તે તેણી જયારે ગોરલ સ્કુલમાં અભ્યાસ કરતી હતી ત્યારે પણ ત્યાં અભ્યાસ કરતા હતા અને તે તેમની સાથે અભ્યાસ કરતા હોઈ તેણી તેઓની સાથે વાતચીત કરતી હતી, તેણી જયારે એસ.વાય.બીએ. માં અભ્યાસ કરતી હતી ત્યારે પિયુષભાઈ તેને એકલીને અવાર નવાર અડપલા કરતા હતા અને કહેતા હતા કે, હું તારી સાથે લગ્ન કરવા માંગુ છું. તુ મને ગમે છે અને હું તેઓની વાત ન માનતી ત્યારે તેઓ ધમકીઓ આપતા અને કહેતા હતા કે, હું સમાજમાં તને અને તારા મમ્મી પપ્પાને બદનામ કરી દઈશ, તેમજ અમારા સમાજમાં અમારા વિરૂધ્ધમાં ગમે તેવી વાત ફેલાવતા અને હું બદનામ થાઉ તેવી વાતો કરતા હતા. ત્યાર બાદ મારા માતા–પિતાએ મારા લગ્ન અમારા જ ગામના અમારી જ્ઞાતિના છોકરા સાથે કરાવી દીધેલા કારણ કે, અમારી ઈજ્જત ન જાય. મને આ પિયુષભાઈ બહુજ હેરાન કરતા હતા જેથી મારે એસ.વાય.નો અભ્યાસ પણ અધુરો છોડી દેવો પડેલો, હાલની ફરીયાદવાળા બનાવ બન્યો તેના ૬ માસ અગાઉ તેણી ઈડર ખરીદી કરવા ગયેલી હતી ત્યારે આ પિયુષભાઈ તેને એપોલો ત્રણ રસ્તા પાસે જોઈ ગયેલા અને તેની પાછળ પડેલ અને કહેવા લાગેલ કે તમો હાલ પણ પહેલા જેવા જ લાગો છો, અને માટે તમારી જોડે લગ્ન કરવા છે, ત્યારે તેણીએ તેઓને જણાવેલ કે, હાલ મારે બે સંતાનો છે અને

મારે તમારી જોડે લગ્ન કરવાનો કોઈ ઈરાદો નથી, ત્યારે આ આરોપી અડપલા કરવા લાગેલ, જેથી તેણી જોર જોરથી બોલવા લાગેલ, જેથી ટોળુ ભેગુ થઈ ગયેલ અને પછી તેને ધમકી આપીને તે જતા રહેલા. આ ધમકીમાં એવું કહેલું કે, હું તારા છોકરાઓને કંઈ કરી નાંખીશ તેવી ધમકી આપેલી. આ રીતે પિયુષભાઈ બ્લેકમેઈલ કરતાં અને બે થી ત્રણ વખત પૈસા લઈ ગયેલ છે. આ બ્લેક મેઈલમાં ૨૦ હજાર, ૧૮ હજાર અને ૨૨ હજાર એ રીતે તેની પાસેથી લઈ ગયેલ. અને જો આ પૈસાની કે બીજી કોઈ વાત કોઈને કરી છે તો હું તારા બાળકોને કંઈ કરી નાંખીશ તેવી ધમકીઓ આપતો હતો, તે સમયે તેની મોટી બેબી ''એ'' દશ અગિયાર વર્ષની હતી અને બાબો''એમ'' આઠેક વર્ષનો હતો, હાલનો ફરીયાદવાળો બનાવ તારીખ : ૨૧/૦૬/૨૦૧૫ના રોજ બપોરે ૩–૦૦ વાગ્યે તેણી તેના ઘરની બાજુમાં બળદ બાંધીએ છીએ તે જગ્યાએ વાસીદુ વાળવા ગયેલી હતી. ત્યારે પિયુષ અચાનક જ છાપરામાં આવી ગયેલો અને તેને નીચે પાડી દીધેલી અને તેની ઈચ્છા વિરુધ્ધ તેણીની સાથે બળાત્કાર કરેલો, તેણે બુમો પાડવાની કોશીશ કરેલી તે વખતે તેણે તેણીને ચપ્પુ બતાવીને બુમો પણ બંધ કરાવી દીધેલી, આ સમયે છાપરામાં બાજુમાં તગારૂ પડેલુ હતુ તેને તેણીએ જોરથી લાત મારતા તેના અવાજથી આજુ બાજુથી માણસો આવી ગયેલા, તે સમયે બધા ભેગા થયેલા માણસોએ આ પિયુષને પકડવાની કોશીશ કરેલી પરંતુ તે ધમકીઓ આપીને નીકળી ગયેલો અને ભાગી ગયેલો. ત્યાર બાદ તેણે આ બનાવની લેખિતમા ફરીયાદ પોલીસને આપેલી અને તેની ઈજ્જત ન જાય તે સારૂ બે દિવસ બાદ આ ફરીયાદ આપેલી અને બીજા સાથે પણ આવું ન બને તેથી ફરીયાદ આપેલી, જે ફરીયાદમા તેની ફરીયાદી તરીકેની સહી ઓળખી બતાવેલ છે તે આ કામે આંક–૪૯ થી રજુ થયેલ છે. ફરીયાદ આપ્યા બાદ પોલીસ (મેડમ) તેને સીવીલ હોસ્પિટલ – ઈડરે લઈ ગયેલા અને પછી રાત્રે મોડેથી હિંમતનગર સીવીલ લઈ ગયેલા અને ત્યાં તેને રાખેલી અને ત્યાં તેની તપાસ કરવામાં

આવેલી, તેને સીવીલ હોસ્પિટલ–હિંમતનગર ખાતેના ડોકટરશ્રીએ બનાવની વિગત પુછેલી, તેમાં તેણે ઉપરોકત હકીકત જણાવેલી. પોલીસને પણ તેના કપડા સાડી, બ્લાઉઝ અને ચણીયો આપેલો, તેમાં સાડી, બ્લાઉઝ અને ચણીયો તમામ કાળા કલરના હતા, જે કપડા જો આજ રોજ તેને બતાવવામાં આવે તો તેણી ઓળખી શકે. સદર ફરીયાદીને મુદ્દામાલ પાવતી નં. ૧૦૯/૧૫, આર્ટી. નં.૧ થી રજુ એક કાળા કલરની સાડી, આર્ટી. નં.ર થી રજુ એક કાળા કલરનો બ્લાઉઝ આર્ટી. નં.૩ થી રજુ એક કાળા કલરનો ચણીયો છે, તે બતાવવામા આવતાં જે તેણે બનાવ સમયે પહેરેલ હતા તે ઓળખી બતાવે છે તેમજ ફરીયાદ કર્યા બાદ પોલીસ તેને ત્યાં આવતા, જે જગ્યાએ બનાવ બન્યો હતો તે જગ્યા તેણે પોલીસને બતાવેલી તે જગ્યાનું વિગતવારનુ પંચનામુ કરેલ. વધુમા ફરીયાદી તેમની જુબાનીમા જણાવે છે કે, ઈડર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૦૬/૨૦૧૫ ના ફરીયાદના કામે પોલીસ તેને જજ સાહેબ રુબરુ નિવેદન લેવડાવવા સારું લઈ ગયેલ હોવાનું અને ત્યાં જજ સાહેબે તેની પુછતાછ કરેલી અને તેને પુછેલા પશ્નોના જવાબો તેમને લખી લીધેલા. ત્યારબાદ તે જજ સાહેબે તેને વાંચી સંભળાવેલા, જે તેણીએ વાંચી તે નિવેદન નીચે સહી કરેલી હોવાનું જણાવેલ છે અને તેણીનું સી.આર.પી.સી. કલમ : ૧૬૪ મુજબનું નિવેદન આંક–૯૦ થી રજુ થયેલ છે અને આરોપીને કોર્ટ રુબરુ આળખી પણ બતાવેલ છે.

(૧૭.૧)ઉપરોકત ભોગબનનારની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે. તેણી કોલેજમાં પણ એસ.વાય. બી.એ. સુધીનો કરેલો. તેને એ વાતની ખબર નથી કે, આરોપી પિયુષભાઈ ઈન્ટરનલ ફેઈલ થતા તેઓએ વાર્ષિક પરિક્ષા નથી આપેલ કે કેમ. તેમજ કબુલ કરેલ છે કે, તેણી એસ.વાય.માં ઈન્ટરનલ ફેઈલ થયેલી, ઈન્ટરનલમાં ફેઈલ હોઈએ તો ફાઈનલ પરિક્ષા આપી શકીએ નહીં. સાહેદ જણાવે છે કે, તેણે પરિક્ષા આપી જ નથી. તેને એ વાતની ખબર નથી કે, આરોપીના લગ્ન તેણી એફ.વાય.માં હતી

તેના એક વર્ષ અગાઉ થયેલ હતા કે કેમ. તે વાત કબુલ કરેલ છે કે, એસ.વાય.માં હતી તે વખતે તેના લગ્ન થયેલા, તેના પતિ અને સાસુ–સસરા છેલ્લા લગભગ પંદરેક વર્ષથી હિંમતનગર મુકામે સ્થાઈ થયેલા છે અને ધંધો વ્યવસાય પણ ત્યાંજ કરે છે. તેના સસરા અને પતિનું કપ–રકાબીનું કારખાનુ હતુ, પછી સિરામીકસના બોક્ષ બનાવવાનું કારખાનુ હતુ. તેના લગ્નના બે માસ બાદ તેણે તથા તેના પતિ તથા સાસુ–સસરા હિંમતનગર મુકામે મોતીપુરા વિસ્તારમાં રહેવા ગયેલા. ત્યાર બાદ તેઓએ હિંમતનગર મહાવિરનગર વિસ્તારમાં નવીન બંગલો ખરીદેલ ત્યા રહેવા ગયેલા. તેમજ કબુલ કરેલ છે કે, લક્ષ્મણપુરા મુકામે તેના સસરા તથા પતિ હિંમતનગર ખાતે અઠવાડીયે એકાદ વખત આવે અને જાય છે અને ખેતી કામ કરે છે. તેમજ કબુલ કરેલ છે કે, તેના ધોરણ – ૧ થી ધોરણ ૦૭ના અભ્યાસ દરમ્યાન આરોપી તેની સાથે અભ્યાસ કરતા ન હતા અને કબુલ કરેલ છે કે, ત્યારબાદ ધોરણ – ૮ થી ધોરણ – ૧૨ સુધીનો અભ્યાસ ગોરલ ગામે પુર્ણ કરેલો અને કબુલ કરેલ છે કે, ધોરણ –૮ થી ધોરણ ૧૨ સુધીના અભ્યાસમાં તેની સાથે આરોપી પણ અભ્યાસ કરતા હતા તેણી આરોપીને ધોરણ – ૦૮ માં અભ્યાસ કરતી હતી તે સમયથી ઓળખે છે, ધોરણ – ૮ થી ધોરણ – ૧૨ સુધી ના અભ્યાસ દરમ્યાન તેને અને આરોપી વચ્ચે કોઈપણ પ્રકારની નારાજગી કે વ્યવહાર હતો નહી, વધુમા ઉલટતપાસમા જણાવે છે કે, આંજણા પાટીદાર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઈડર મુકામેથી બી.એ.નો અભ્યાસ પુર્ણ કરેલ અને આ સમય દરમ્યાન આરોપી પણ આજ કોલેજમાં અભ્યાસ કરતા હતા. તેમજ કબુલ કરેલ છે કે, તેણી ગોરલ મુકામે સ્કુલમાં અભ્યાસ કરતી હતી તે વખતે સ્કુલના વિધાર્થીઓ માટે સ્કુલ તરફથી એક ટુરનો પ્રોગ્રામ આયોજન થયેલ, તેમાં તેણી અને આરોપી પણ તે ટુરમાં ગયેલા. તે ટુર છ થી સાત દિવસનો હતો, આ ટુરમાં દિલ્લી, જયપુર, મથુરા અને ઉદેપુર ના પર્યટન સ્થળોના પ્રવાસે ગયેલ. તેના અને તેના પતિના લગ્ન તેઓ બંને તથા તેમના પરીવારની

સંમતિથી રાજીખુશીથી થયેલા. તેણી પાર્લર થકી માસીક રૂપિયા ૧૫૦૦૦ થી રૂા. ૨૦,૦૦૦/– કમાઈ લે છે. રૂપીયા પંદર હજાર મારા પાર્લરનો ખર્ચ કાઢયા બાદ માસિક રૂપીયા પંદર થી વીસ હજાર બચત થતી હતી, તેને માસીક રૂપીયા પંદર હજાર થી વીસ હજાર આવક હોવા છતાં તેણે જે તે વખતે કોઈપણ બેંકમાં બચત ખાતુ ખોલાવેલ નથી. તેણે તેની રૂપિયા પંદર થી વીસ હજારની આવકમાંથી જે કોઈ ખર્ચ કરતી હતી તે અંગે તેણે આવક અને જાવક હિસાબની નોંધ રાખતી ન હતી. વધુમા ઉલટતપાસમાં જણાવેલ છે કે તેણે આરોપી વિરૂધ્ધ તા. ૨૧/૦૬/૨૦૧૫ ના રોજ ફરીયાદ કરેલી, તેણે આરોપી વિરુધ્ધ ફરીયાદ નોંધાવેલ તે વખતે કાયદાના કોઈ જાણકાર અથવા તો વકીલની સલાહ કે મદદ લીધી હોય તે યાદ નથી. બનાવ વખતે તેના ગામ લક્ષ્મણપુરા ના સરપંચ ગીરીશભાઈ હતા. તે વાતની તેને ખબર નથી કે હર્ષદભાઈ અને હિતેશભાઈ ધુળાભાઈ પટેલ અને ગામના સરપંચ ગીરીશભાઈ એ આરોપીને તારીખ ૨૧/૬/૧૫ ના રોજ ખુબ જ માર મારેલ. તેને આજદિન સુધી એ વાતની ખબર નથી કે, તેના ધ્યાન પર આવેલ નથી કે તેના તાઉજીના દિકરા હર્ષદભાઈ તથા હીતેશભાઈ કે સરપંચ ગીરીશભાઈ એ આરોપીને આરોપીના ઘરેથી અપહરણ કરી માર મારી અન્યત્ર સ્થળે લઈ ગયેલ. તારીખ ૨૧/૬/૧૫ તથા તેના આગળ પાછળના સમય દરમ્યાન તેણે તેના તાઉજીના દિકરા હીતેશ અને હર્ષદ સાથે વાતચીત કરવાના સબંધ હતા. તેણે તેના પતિને આરોપીનું અપહરણ કરી તેની સાથે ખુબ જ મારકુટ કરવામા આવેલ તે અંગેની વાત આજદિન સુધી કરેલ નથી. તે વાત કબુલ કરેલ છે કે, આ કેસમાં જયારે કેસ પુરાવા પર છે અને તેની જુબાની વખતે તેના પતિ કોર્ટમાં તેની સાથે આવે છે, તેણે આજ રોજ પણ તેના પતિ કોર્ટમાં તેની સાથે આવેલ છે. તેણી આજ રોજ સાક્ષીના પાંજરામાં આવી ત્યાં સુધી તેના પતિ એ ગઈ તા. ૨૧ /૦૬/૨૦૧૫ ના રોજ આરોપીનું અપહરણ કરી તેની સાથે મારકુટ કરવામા આવેલ તે બનાવ અંગે તેને કોઈ વાત કરેલ નથી. એ

વાતની તેને ખબરુ નથી કે, આરોપીનુ અપહરણ કરી મારમાર્યા અંગેના બનાવની વિડીયોગ્રાફી તેના પતિએ કરીને તે વિડીયો સમાજમાં વાયરલ કરેલ. તેમજ કબુલ કરેલ છે કે, તેણી એસ.વાય.બી.એ. સુધી ભણેલ છુ અને પ્રેમ, મિત્રતા, સગાઈ અને લગ્ન કોને કહેવાય તે જાણે છે અને સમજે છે અને તેણે તેના શાળાકીય તથા કોલેજ અભ્યાસ દરમ્યાન તથા લગ્ન થયા ત્યાં સુધી આરોપી વિરુધ્ધ કોઈપણ પ્રકારની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરેલ નથી, આ સમય દરમ્યાન તેણે કોઈ કોર્ટમાં પણ આરોપી વિરુધ્ધ ખાનગી ફરીયાદ કરેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તેને આરોપી સાથે પરીચય થયો ત્યારથી હાલની ફરીયાદ કરી ત્યાં સુધી તેને કુટુંબ સાથે આરોપીના ઘરે જવાનો તથા આરોપીના કુટુંબ સાથે તેને ઘરે આવવાનો પ્રસંગ બનેલ નથી. તે વાતની તેને ખબર નથી કે તેણી અને આરોપી વાત કરતા હોઈ તેના પતિને શંકા જતા તેના પતિ એ તા. ૨૧/૦૬/૨૦૧૫ ના રોજ હર્ષદભાઇ, હિતેશભાઈ તથા સરપંચ ગીરીશભાઈ તથા અન્યોની મદદગારીથી આરોપીના ઘરેથી અપહરણ કરી અન્યત્ર સ્થળે લઈ જઈ તેની સાથે ખુબ જ મારપીટ કરી અને મારપીટ કુરતા મારપીટનો વીડીયો રેકોર્ડીંગ કરી તથા આરોપીને માર મારતા હોઈ તે પ્રકારનો વિડીયો સમાજમાં વાયરલ કરેલ. તેમજ કબુલ કરેલ છે કે મે જે ફરીયાદ કરી તે તારીખ ૨૪/૬/૧૫ ના રોજ કરેલી અને આરોપીએ અમારા પતિ તથા અન્ય વિરૂધ્ધ કરેલ ફરીયાદ પણ તારીખ ૨૪/૬/૧૫ ના રોજ કરેલી.

( ૧૭.૨) હવે ઉપરોક્ત ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, સરતપાસમાં તેણી જયારે એસ.વાય.બી.એ. માં અભ્યાસ કરતી હતી ત્યારે પિયુષભાઈ મને એકલીને અવારનવાર અડપલા કરતા હતા અને કહેતા હતા કે, હું તારી સાથે લગ્ન કરવા માંગુ છું. તું મને ગમે છે અને હું તેઓની વાત ન માનતી ત્યારે તેઓ ધમકીઓ આપતા હતા અને કહેતા હતા કે હું સમાજમા તને અને તારા મમ્મી પપ્પાને બદનામ કરી દઈશ. પરંતુ, સદર બનાવ બાબતે

ભોગબનનારે જે તે સમયે કોલેજેમા પ્રિન્સીપાલને જાણ કરેલ નથી. તેમજ જે તે વખતે ભોગબનનાર ધ્વારા આ બનાવ બાબતે સંબંધીત પોલીસ સ્ટેશનમાં આરોપી પિયુષભાઈ વિરધ્ધ ફરીયાદ કરવામાં આવેલ નથી અને આરોપી અવારનવાર કયા સમયે, કઈ જગ્યાએ અડપલા કરતો હતો તેવો ચોકકસ સમય કે સ્થળ જણાવેલ નથી. વધુમાં ફરીયાદીના પુરાવા મુજબ ફરીયાદવાળો બનાવ બન્યો તેના ૬ માસ અગાઉ તેણી ઈડર ખરીદી કરવા ગયેલ હતી ત્યારે આ પિયુષભાઈ તેને એપોલો ત્રણા રસ્તા પાસે જોઈ ગયેલ અને તેની પાછળ પડેલ અને કહેવા લાગેલ કે, તમો હાલ પણ પહેલા જેવા જ લાગો છો મારે તમારી જોડે લગ્ન કરવા છે. ત્યારે તેણે તેઓને જણાવેલ કે મારે બે સંતાનો છે અને મારે તમારી જોડે લગ્ન કરવાનો કોઇ ઇરાદો નથી. ત્યાં આરોપી અડપલા કરવા લાગેલ જેથી તેણે જોર જોરથી બોલવા લાગેલ જેથી ટોળુ ભેગુ થઇ ગયેલ અને પછી તેણે ધમકી આપીને જતા રહેલા. આ ધમકીમા એવુ પણ કરેલ કે હું તારા છોકરાઓને કંઇ કરી નાંખીશ તેવી ધમકી આપેલી, તેમ છતા પણ આ બનાવ બાબતે ભોગબનનાર ધ્વારા તે સમયે તુરત જ કેમ કોઇ કાનુની કાર્યવાહી કરવામા આવેલ નથી. વધુમા ભોગબનનાર ધ્વારા તેમના પુરાવામા જણાવેલ છે કે, આ રીતે પિયુષભાઇ બ્લેક મેઇલ કરતા અને બે થી ત્રણ વખત પૈસા લઇ ગયેલ અને જો પૈસાની કે બીજી કોઇ વાત કોઇને કરી છે તો તારા બાળકોને કંઇ કરી નાંખીશ તેવી ધમકી આપતો હતો. પરંતુ, ભોગબનનાર ધ્વારા સદર બનાવ બાબતે પણ જે તે વખતે પણ આરોપી વિરુધ્ધ ફરીયાદ કરેલ નથી. વધુમા ભોગબનનારના પુરાવા મુજબ આ રીતે પિયુષભાઇ બ્લેક મેઇલ કરતો અને બે થી ત્રણ વખત પૈસા લઇ ગયેલ અને આ બ્લેક મેઇલમાં ૨૦ હજાર, ૧૮ હજાર અને ૨૨ હજાર એ રીતે તેમની પાસે થી લઇ ગયેલ. જો આ પૈસાની અને બીજી કોઇ વાત કોઇને કરી છે તો હુ તારા બાળકોને મારી નાંખીશ તેવી ધમકીઓ આપતા હતા. પરંતુ આ બાબતે પણ ભોગબનનારે સંબંધીત પોલીસ સ્ટેશનમા કોઇ જ ફરીયાદ આપેલ

નથી. વધુમાં તેણી પાર્લર ચલાવતી હોય અને કમાતી હોય પરંતુ તેણીએ જે તે વખતે કોઇ પણ બેન્કમા બચત ખાતુ ખોલાવેલ નથી, આમ, બચાવ પક્ષની ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતા પણ જો આ કામના ભોગબનનાર પાર્લરનો ધંધો કરતા હતા કે છે તો તે બાબતે કોઇ જ હકીકત ફરિયાદીની ફરિયાદમા જણાવેલ નથી તેમજ ભોગબનનારની આવક સંબંધી કોઇ જ દસ્તાવેજી આધાર પુરાવો પણ ફરિયાદી ધ્વારા રજુ કરવામા આવેલો નથી.

(૧૮) ફરિયાદ પક્ષે **સાહેદ નં.૩ ડો.હેમાંગીની નયનકુમાર સ્વામીનારાયણ** ને સોગંદ પર તપાસવામા આવેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, ગઈ તા. ૨૪/૦૬/૨૦૧૫ ના રોજ તેણી સી.એચ.સી. ઈડર ખાતે તેણી તેમની ફરજ પર હાજર હતી તે દરમ્યાન ભોગબનનાર વા.ઓ. સનતકુમાર પટેલ ઉ.વ. ૩૭ રહે. લક્ષ્મણપુરા, તા. ઈડરનાઓ પોલીસ યાદી સાથે તેમની સમક્ષ ઈડર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૦૬/૧૫ ના કામે શારિરીક તપાસણી કરાવવા સારું લાવવામાં આવેલ, તેઓએ તે યાદી રીસીવ કરેલ તે યાદી આંક–પી–૧ થી રજુ થયેલ છે. તેઓએ ભોગબનનારની શારીરીક તપાસણી કરવા સારુ તેમની હોસ્પીટલનો ઓપીડી કેસ નં ૨૨૮૨ નો કાઢેલો અને ત્યારબાદ ભોગબનનારની શારીરીક તપાસણી સ્ટાફ નર્સ ની હાજરીમા શરુ કરેલ. સદર ઓપીડી કેસ તેમના હસ્તાક્ષરમા હોવાનું જણાવી આંક–પી–૨ થી રજુ કરેલ છે. વધુમા ભોગબનનાર ને પોલીસ અને ભોગબનનારની શારીરીક પી–૨ થી રજુ કરેલ યાદી સાથે લાવેલ તપાસણી કરેલ અને ભોગબનનારે જણાવેલ કે પોતે લગ્ન કરેલ છે અને તેણીના માસીક બાબતની હિસ્ટ્રી જણાવેલી. તેમજ ભોગબનનારે તેની હીસ્ટ્રીમાં જણાવેલ કે " હું જયારે સ્કુલમાં ૮ થી ૧૨ ગોરલ ભણતી ત્યારે મારી સાથે પિયુશ પંડયા ભણતો હતો. તે કોલેજના બીજા વર્ષ સુધી અડપલા અને માનસીક ત્રાસ, તેમજ પાછળ પાછળ આવીને મને હેરાન કરતો. તેથી મે કોલેજની બીજા વર્ષની પરીક્ષા આપેલ નહી અને મે લગ્ન કરી દીધા સનત પટેલ સાથે. મારે એક બાબો અને બેબી છે, તે ચાર

થી પાંચ વર્ષના છે અને પિયુષ પંડયાએ ચાર થી પાંચ વર્ષ કઈ કરેલ નહી પરંતુ હમણા છેલ્લા છ થી સાત વર્ષથી હેરાનગતિ, ધમકી આપે, પૈસા માંગે તેમજ મને બ્લેકમેલ કરતો હતો. હું તને બદનામ કરીશ તેમજ તારા છોકરા છોકરીને ઉઠાવી જઈશ, એ બીકે બીકે મે એને પૈસા આપ્યા કર્યા. આશરે ચાર થી પાંચ લાખ છુટા છવાયા માંગણી પ્રમાણે પૈસા આપતી ગઈ. તા.૨૧/૬/૧૫ ના રોજ બપોરના ત્રણ વાગે હું કામ કરતી હતી ત્યારે પિયુષભાઇ જયંતીભાઇ પંડયા ત્યાં આવી બળજબરી જબરજસ્તી કરી મારી જોડે સંબંધ બાંધેલ. પછી મે બુમો પાડી એટલે મારા કાકાજી અરવિંદભાઇ બાજુમાંથી આવી ગયેલ. બપોરે ૩.૩૦ ના સુમારે ત્યાં થી પિયુશભાઈ જયંતિભાઈ પંડયા ભાગી ગયેલ. આ પહેલા મારી સાથે દસ થી બાર વખત સંબંધ મારી ઇચ્છા વિરુધ્ધ કરેલ છે અને હું મારા બાળકોને કીડનેપ કરી લઈ જઈશ તેવી ધમકી આપતા મે આ કોઈને વાત કરેલ નહી અને મોટા ભાગના સંબંધો હિંમતનગર તેના સબંધીને ત્યાં કરેલ. હું જયારે પિયુષ પંડયાને પૈસા આપવા જતી ત્યારે ઉપરોકત સંખ્યા પ્રમાણે શારિરીક સંબંધ રાખેલ હતા. " વધુમા તબીબ સાહેદ ધ્વારા તેમના પુરાવામા જણાવેલ છે કે, ભોગબનનારની શારિરીક તપાસણી કરતા તેણીની શરીરની શારિરીક પરીસ્થીતી સામાન્ય હતી, તેણીના નાડીના ધબકારા ૮૦ પર મિનિટ હતા, લોહિનું દબાણ ૧૧૦/૭૦ એમ.એમ. એચ.જી. હતુ, બોડીના વાયટલ નોર્મલ હતા, સુંદર દુર્દી સભાન હતા અને સહકાર આપતા હતા, તેણીની ચાલ સામાન્ય હતી, તેમનું પહેલુ માસીક ૧૬ વર્ષની ઉમરે શરુ થયેલ અને તેણીની હિસ્ટ્રીમાં બે બાળકો હતો. ભોગબનનારના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર વેલ ડેવલપ હતા, સ્તન વિકસીત હતા, બગલના તથા ગુપ્ત ભાગના વાળ જોવા મળેલા. તેના શરીર પર કે કપડા ઉપર કોઈ લોહિ કે વિર્ય ના ડાઘા જોવા મળેલ નહી અને તેણીના પ્રાઈવેટ પાર્ટ પર પણ કોઈ ડાઘા જોવા મળેલ નહી, તેણીના શરીરે તથા ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહીં. તેણીની વધુ શારીરિક તપાસણી સારું

તેણે ગાયનેકોલોજીસ્ટ હિંમતનગર તરફ રીફર કરેલ અને અમોએ ભોગબનનારના શરીરમાંથી એફ.એસ.એલ. તપાસણી સારુ નમુનાઓ નિયમ પ્રમાણે મેળવી સીલબંધ કરી યાદી સાથે પોલીસને આપેલ. જેમાં (એ) યુરેપ્રલ સ્વાબ બી) વજાઈનલ સ્વાબ (સી) લોહી (ડી) ગુપ્તભાગના વાળ (ઈ) હાથની આંગળીના નખ (એફ) લાળ જે બદલ તેણે પોલીસને એફ.એસ.એલ. તપાસણી સારુ યાદી કરી આપેલ, જે યાદીની ઓફીસ કોપી આંક–પી–૩ થી રજુ કરેલ છે. તેમજ ભોગબનનારની તપાસણી કર્યા બાદ એમ.એલ.સી. નં.૫૧૯ થી પોલીસને સર્ટીફીકેટ આપેલ. જે સર્ટીફીકેટ તેના સ્વહસ્તાક્ષરમાં છે, જેમાં તેની સહી અને હોદદાનો સીકકો છે, જે ઓળખી બતાવી આંક–પી–૪ થી રજુ કરેલ છે. તેઓએ ભોગબનનારને તપાસ્યા બાદ ગાયનેક ઓપીનીય સારું સીવીલ હોસ્પીટલ, હિંમતનગર તરફ રીફર કરેલ. કાઉન્ટર આંક–પી–૫ થી રજુ

(૧૮.૧) ઉપરોક્ત તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, ભોગબનનારની શારિરીક તપાસણી કરતા તેના શરીરના બાહ્ય તથા ગુપ્ત ભાણ પર કોઈ બાહય કે આંતરીક ઈજા જોવા મળેલ નથી તેમજ તેણીના કપડા પર વિર્ય જેવા ડાયા જોવા મળેલ નથી.

(૧૮.૨) હવે આ કામે ઉપરોકત તબીબ સાહેદના પુરાવાનું મુલ્યાકન કરવામા આવે તો, બચાવ પક્ષ તરફેની ઉલટતપાસ માથી ભોગબનનારની શારિકીક તપાસણી કરતા તેના શરીરના બાહ્ય તથા ગુપ્ત ભાગ પર કોઈ બાહ્ય કે આંતરીક ઈજા જોવા મળેલ નથી તેમજ તેણીના કપડા પર વિર્ય જેવા ડાઘા જોવા મળેલ નથી તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં ભોગબનનાર દ્વારા તેમની બનાવની હિસ્ટ્રીમાં આ પહેલા મારી સાથે દસ થી બાર વખત સબંધ મારી ઈચ્છા વિરુધ્ધ કરેલ છે અને હું મારા બાળકો ને કીડનેપ કરી લઈ જઈશ તેવી ધમકી આપતા મેં આ કોઈને વાત કરેલ નહી અને મોટા ભાગના સંબંધો હિંમતનગર એના સબંધીને ત્યાં કરેલ. પરંતુ, ઉપરોક્ત દસ

થી બાર વખત સંબંધ બાબતેની કોઈ જ હકીકત ભોગબનનારના પુરાવામાં કે બનાવની ફરીયાદમા જણાવેલ નથી. વધુમા ભોગબનનારની તબીબી સાહેદ સમક્ષની હીસ્ટ્રી મુજબ આશરે ચાર થી પાંચ લાખ છુટા છવાયા માંગણી પ્રમાણે પૈસા આપતી ગઇ પરંતુ, આ કામે ભોગબનનારના પુરાવાને ધ્યાને લેવામા આવે તો, તેમા બ્લેક મેલમા રૂપિયા વીસ હજાર, અઢાર હજાર અને બાવીસ હજાર એ રીતે મારી પાસેથી લઇ ગયેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં આ હકીકત અનુસંધાને ફરીયાદી ભોગબનનારની ફરીયાદ ધ્યાને લેવામા આવે તો, તેમા ઉપરોકત હકીકતો બાબતે કોઇ જ હકીકત જણાવેલ નથી.

(૧૯) ફરિયાદ પક્ષે **સાહેદ નં.૪ જયંતિભાઇ મોતીભાઇ પટેલ**નાઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, ફરીયાદી તેમની ભત્રીજી ભોગબનનાર''પી'' એ ફરીયાદ કરેલી. બનાવ તારીખ : ૨૪/૦૬/૨૦૧૫ ના રોજ બનેલ. બનાવના દિવસે બપોરે અઢી થી ત્રણ વાગ્યાના સુમારે તેઓનો ભત્રીજો ધર્મેન્દ્ર નાયીના ઘરે દાઢી કરાવવા ગયેલા તેવામાં મારી ભત્રીજી તેમજ ગામમાં તેણીને તેના પતિ ''એસ'' સાથે પરણાવેલ છે. તેમના ઘરે બુમાબુમ થતાં તેઓ તથા ધર્મેન્દ્ર દોડીને ત્યાં ગયેલા અને ત્યાં જઈ જોયેલ તો ભોગબનનાર "પી" રોતી હતી અને ત્યાં એક ભાઈ પિયુષ પંડયા રહે. ગોરલવાળાને તેઓએ ત્યાંથી નાસતાં જોયેલો અને પકડવાનો પ્રયત્ન કરેલ પરંતુ ભાગી ગયેલો. ત્યાં આગળ ભોગબનનાર "પી" ને પુછવામાં આવેલ તો તેણે જણાવેલ કે, મારા ઘરની બાજુમાં આવેલ બળદ બાંધવાના ઢાળીયામાં વાસીદુ ભરવા ગયેલ ત્યારે આ પીયુશે મને ત્યાં આવીને ચપ્પુ બતાવી તે મને પાડી દઈ મારી સાથે બીભત્સ સંભોગ કરેલો અને ચપ્પુ બતાવતાં તે બોલી ના શકેલી અને પીયુશ પછી નાસવા જતાં ભોગબનનારે બુમાબુમ કરતાં તેઓ ત્યાં પહોંચતા તેઓને બનાવની વાત કરેલી અને તે દિવાલ કુદીને નાસી જતાં જોયેલ.તેઓ, તેમનો ભત્રીજો ધર્મેન્દ્ર, પછી બીજા એક અરવિંદભાઈ બધા પીયુશને દોડતાં પકડવા ગયેલા પરંતુ તે

પકડાયેલ નહી અને ત્યારબાદ બીજા દિવસે ફરીયાદ કરવા ગયેલ. ભોગબનનારે વધુમાં જણાવેલ કે, તેણી શાળામાં ધોરણ : ૮ માં ભણતી હતી તે વખતે પણ આ પિયુશ મને હેરાન કરતો હતો પછી કોલજમાં ગયેલી તે વખતે પણ મને પિયુશ હેરાન કરતો હતો અને કોલેજમાં મને કહેતો હતો કે, મારે તારી સાથે લગ્ન કરવા છે જેથી તેણીએ કહેલ કે, તારી અને મારી જાતિ જુદી છે જેથી લગ્ન થઈ શકે નહી, તેમ છતાં તે હેરાન કરતો હતો અને ત્યારબાદ ભોગબનનારે કહેલ તે તમામ હકીકત તેના પપ્પાને જણાવેલી જેથી તેનો સંબંધ કરી લગ્ન કરી દીધેલ. ભોગબનનાર "પી" એ વધુમાં કહેલ કે, ઈડરના બજારમાં પણ તેણીને પિયુશ પકડીને રોકેલ જેથી ભોગબનનારે બુમાબુમ કરેલી. અને આ રીતે ઘણીવાર હેરાન કરતો હતો, તે તમામ હકીકતો ભોગબનનારે મને જણાવેલી અને પોલીસે તેઓની પુછપરછ કરતાં તેઓએ પોલીસને જણાવેલી. બનાવની ફરિયાદ થતાં પોલીસે તેમનો જવાબ લીધેલો. કોર્ટમાં હાજર આરોપીને ઓળખી બતાવેલ છે.

(૧૯.૧) સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમા જણાવે છે કે, ભોગબનનારનુ પિયર પણ લક્ષ્મણપુરા ખાતે આવેલુ છે એટલે કે, બનાવ બન્યો ત્યારે ઉનાળાનો સમય હતો. ઉનાળાના સમયમાં ખેતીનુ કામ ઓછુ હોય છે તેમજ કબુલ કરેલ છે કે, સામાન્ય રીતે બપોરના સમયે ગામમા બધા આરામ કરતા હોય છે અને બપોરના સમયે ગામમા બજારમાં પણ લોકોની હાજરી ઓછી હોય છે.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, વેવાઈ હોવાના નાતે તેઓને ભોગબનનારના પતિxxx તથા તેમના પિતા સાથે સારા સંબંધો છે. તેમજ નો ધંધો બોકસ બનાવવાનો છે અને તેમને હિંમતનગર ખાતે બોકસ બનાવવાની ફેકટરી છે, તેમજ કબુલ કરેલ છે કે, ભોગબનનારના સાસુ, સસરા હાલમાં લક્ષ્મણપુરા ખાતે કોઈ ઢોર રાખતા નથી. બનાવ બન્યો તે સમયે તેઓ બે બળદ રાખતા હતા. કહેવાતી બનાવવાળી જગ્યાએ દિવાલ સામે મોઢુ રાખીને ઉભા રહીએ તો જમણી બાજુ ગીરધરભાઈનુ મકાન તથા ડાબી હાથે

બાબુભાઈ ખેમાભાઈ મકાન આવેલ છે અને પાછળની બાજુએ રસ્તો આવેલ છે, અને રસ્તાને અડીને દુકાન આવેલી છે, તે કરીયાણાની દુકાન હતી અને બનાવ બન્યો તે સમયે દુકાન કોની હતી તે હુ કહી શકુ નહી અને બનાવ સમયે અમે બે ત્રણ માણસ હતા, વધારે કોઈ માણસો ભેગા થયેલા નહી. પાંચ કુટવાળી દિવાલની પાછળની બાજુએ બે મકાનો વચ્ચેની ગેલરી આવેલી છે. બનાવવાળી જગ્યાએ તેઓ પહોંચ્યા ત્યારે વાસીદુ પડેલુ હતુ, અવાજ સાંભળતા તેઓ દોડીને બનાવવાળી જગ્યાએ આવેલા. આરોપી દિવાલ કુદીને ભાગી ગયેલો, તેઓ દિવાલ કુદીને પકડવા ગયેલ નહી, ધર્મેન્દ્રભાઈ ગયેલા. સદર બનાવ ગંભીર પ્રકારનો હોવા છતા અને તેની પાસે મોબાઈલ હોવા છતા તે વખતે તેણે પોલીસમાં જાણ કરેલી નહી, તે વાતની તેને ખબર નથી કે, આ કામના આરોપીએ ધર્મેન્દ્રભાઈ, શામળભાઈ અને શામળભાઈના દિકરાઓ તથા ભોગબનનારના પતિxxx વિરુધ્ધ ફરીયાદ નોંધાવેલી છે, તેની મને જાણ છે. કયા અરસામાં મને જાણ થયેલી તે મને ખબર નથી, ફરીયાદની હકીકતથી પણ તેઓ વાકેફ નથી અને તેને ખબર નથી કે શામળભાઈના દિકરાઓ, સનતભાઈ તથા ધર્મેન્દ્રભાઈ વિ. એ તા. ૨૧/૦૬/૨૦૧૫ ના રોજ આ કામના આરોપીને માર માર્યા અંગેની તે ફરીયાદ છે. ભોગબનનાર મારી ભત્રીજી હોવાથી મારે તેની સાથે સારુ બને છે. તે વાત કબુલ કરેલ છે કે, ભોગબનનાર મોટી થયા પછી પણ તેની બધી વાતો તેને કહેતી નહીં. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ભોગબનનારે તેની સાથે બનેલ બનાવની વાત તેને કરેલી. તેમજ કબુલ કરેલ છે કે, ભોગબનનાર અને આ કામના આરોપી નાનપણથી ભેગા ભણતા હોવાથી તેઓ એકબીજાને ઓળખતા હતા, આ બધી તકલીફ થઈ જેથી તેઓએ ભોગબનનારનુ ભણવાનુ બંધ કરાવી દીધેલુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ બનાવ બન્યો તે પહેલા ભણવાનુ બંધ કરાવી દીધેલ હતુ અને તેને પરણાવી દીધેલ પણ હતી. આ બધી તકલીફ એટલે ભોગબનનાર કોલેજમાં જતી હતી ત્યારે આરોપી તેને રોકતો

હતો અને જણાવતો હતો કે, તુ મને ગમે છે અને લગ્ન કરવાની માગણી કરતો હતો, જેથી ભોગબનનારે ઘરે આવીને તેઓ બધાને જાણ કરેલી અને ત્યારબાદ તેઓ બધાએ ચર્ચા કરી તેનુ ભણવાનુ બંધ કરાવેલું અને તે વખતે તેઓ પો.સ્ટે. માં કોઈ ફરીયાદ કરાવેલી નહીં, તેમજ સાહેદ ધ્વારા કબુલ કરવામા આવેલ છે કે, અગાઉ જુબાની આપવા માટે આવ્યો તે વખતે તેની સાથે ભોગબનનારના પતિxxx આવેલા, આ જુબાની આપુ છુ તે પહેલા તેણે તેનો પોલીસ જવાબ વાંચેલો હતો, સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે, અગાઉ તેણે કોર્ટમાં આપેલો જવાબ વાંચેલો. વધુમા સાહેદે કબુલ કરેલ છે કે, કહેવાતો બનાવ બનેલો અને તેઓ પહોચ્યા ત્યારે ભોગબનનાર ત્યાં હાજર હતા અને ભોગબનનાર તે સમયે તેને જે કહેલ તે તેણે પોલીસ જવાબમાં લખાવેલું. બનાવ સમયે તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે ભોગબનનારે કયા કપડા પહેરેલા અને કપડા પર કાદવ, કીચડ કે છાણ લાગેલ કે કેમ અને ભોગબનનારના વાળ વિખરાઈ ગયેલા કે કેમ તે પણ તેને હાલ યાદ નથી. તેમજ કબુલ કરેલ છે કે,ભોગબનનારના સાસરાવાળા પૈસે ટકે સુખી સંપન્ન માણસો છે.

(૧૯.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, સદર સાહેદ બનાવ વખતે બનાવવાળા સ્થળે પહોચેલા હોવાની અને ભોગબનનારને બનાવની હકીકત તેમને જણાવેલ હોવાનુ જણાવે છે.

(૨૦) ફરીયાદ પક્ષે સાહેદ નં.૫ ડૉ. વિનોદભાઇ કાવજીભાઇ વરસાતને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ ૨૫/૦૬/૨૦૧૫ ના રોજ બપોરના છે કે, ૧૩.૧૫ વાગે તેઓ મેડીકલ ઓફીસર તરીકે સી.એચ.સી. ઇડર ખાતે ફરજ પર હતા તે દરમ્યાન આરોપી પીયુશભાઇ જયંતીભાઇ પંડયાને ઇડર પો.ઇન્સ્પે. ની યાદી સાથે આ ગુનાના કામે મેડીકલ તપાસણી સારુ લાવેલ. જે યાદી આંક–પી–૬ થી રજુ થયેલ છે. તેમા તેમની સહી ઓળખી બતાવેલ છે અને ઓપીડી કેસ આંક–પી–૭ થી રજુ થયેલ છે તેમજ

આરોપીની શારીરીક તપાસણી કરેલ. તેમજ આરોપીને બનાવ બાબતે હીસ્ટ્રી પુછતાં તેણે જણાવેલ કે, જયારે હું અને ભોગબનનાર ''પી'' વા.ઓ. સનતકુમાર પટેલ ધોરણ–૧૧ મા ગોરલ હાઈસ્કુલમા ભણતા હતા ત્યારે થી ઓળખુ છુ અને અમારા મિત્ર જેવા સંબંધ હતા. ત્યારબાદ અમે ઈડર કોલેજમા ભણતા હતા ત્યારે પણ અમારા મિત્ર જેવા સંબંધ હતા. ત્યારે ભોગબનનાર–પી અને મે લગ્ન કરેલ ન હતા. તેથી અમારી બંનેની ઈચ્છાથી કોલેજ કાળ દરમ્યાન શારીરીક સંભોગ થયેલો. અમારા બંનેના અમારા પોતપોતાના સમાજમા લગ્ન થયા બાદ અમારા બંનેનો કોઈ સબંધ હતો નહી અને કોઈ શારીરીક સંભોગ થયેલ નથી. છેલ્લે તારીખ : ૦૩/૦૬/૨૦૧૫ ના રોજ ભોગબનનાર–પી નો ફોન આવેલ અને હિંમતનગર મહાવીરનગર, મહાકાળી મંદીર પોતાના ઘરે પુજાનુ કામ છે તેમ કહી મને બોલાવેલ. તેથી તે દિવસે હું હિંમતનગર મળવા ગયેલ અને અમે બંને વાતચીત કરતા ત્યાં તેમના પતિ આવી જતા શંકાઓ પેદા થતાં તેમના પતિ પત્નીના ઝગડા થતા હું ત્યાંથી નીકળી ઘરે આવેલ હતો. તા. ૨૧/૦૬/૨૦૧૫ રવિવારની રાત્રે મને મારા ઘરથી સાડા નવેક વાગ્યે રાત્રે ઉઠાવી લઈ જઈને લક્ષ્મણપુરા ગામે આશરે દસ માણસો ભેગા મળીને લાકડી થી પટટાથી, વાયરથી, તથા ધોકા જેવી વસ્તુથી મુઢ માર, મરણીયો માર મારેલ. જેથી મે પોલીસ ફરીયાદ કરતાં સામે વાળાઓએ સ્વ બચાવ માટે બળાત્કાર સંભોગ કેસ મારા ઉપર ખોટો ઊભો કરેલ છે. તે મુજબનું તેનું નિવેદન લખ્યા બાદ આરોપી પીયુશભાઈની સહી લીધેલ ની હકીકત લખાવેલી. આરોપીને એકસટર્નલ ઈન્જરી માર્ક :–(૧) નાના મોટા ચકામાઓ છાતીના પાછળના ભાગે અને પેટના પાછળના ભાગે જોવા મળેલ. જે ઈજાનો કલર વાદળી જેવો જોવા મળેલ. (૩) જમણા હાથના ખભા અને કોણીના ભાગે ઉપરના ભાગે રૂજાતા ચકામા જોવા મળેલ. જે ઈજાનો કલર વાદળી જેવો જોવા મળેલ. (૩) ઘણા બધા રુજાતા ઉજરડાઓ જમણા પગ ઉપર આગળના ભાગે કમ્મરથી પગ સુધી જોવા મળેલ. (૪) ઘણા

બધા રુજાતા ઉજરડાઓ ડાબા પગ ઉપર આગળના ભાગે કમ્મરથી પગ સુધી જોવા મળેલ. (૫) કપાળની વચ્ચેના ભાગે ઉજરડો જોવા મળેલ. (૬) જમણી આંખની ભ્રમર ઉપર કપાયેલો છૂંદાયેલો રુજાતો ઘા હતો. સદર આરોપીના શરીરમાંથી સેમ્પલો એફ.એસ.એલ. તપાસણી કરવા સારુ સીલ બંધ કરી મેળવી પોલીસને આપેલ. તેમાં (એ) બ્લડ, (બી) મોઢાની લાળ (સી) ગુપ્ત ભાગના વાળ (ડી) હાથની આંગળીઓના નખ (ઈ) સીમેન અને તેમના અભિપ્રાય પ્રમાણે સદર આરોપી શારીરિક સંભોગ કરવા માટે સક્ષમ હતો. તેઓએ આરોપીને તપાસ્યા બાદ એમ.એલ.સી. મા તેમની સહી અને સીકકો કરીને આપેલ જે આંક–પી –૮ થી રજુ કરેલ છે. તેમજ સદર દર્દીના મેળવેલ સેમ્પલો એફ.એસ.એલ. અમદાવાદ તરફ મોકલવા માટે જે યાદી તૈયાર કરેલી અને પોલીસને આપેલી, જેની ઓફિસ કોપી આંક–પી–૯ થી રજુ કરેલ છે. તેમજ ઈન્ડોર કેસ કઢાવેલ,જે આંક–પી–૧૦ થી રજુ કરેલ છે.

(૨૦.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, આ કામના આરોપીને તા.૨૫/૦૬/૨૦૧૫ ના રોજ પોલીસ યાદી સાથે અટક કરીને તેમની પાસે લઈને આવેલ ત્યારે તેમણે તપાસેલા અને તેઓને તે પહેલા પણ તેમણે તપાસેલ છે. તેમજ કબુલ કરેલ છે કે, આ કામના આરોપી પિયુશભાઈ પંડયાને તા.૨૩/૦૬/૨૦૧૫ ના રોજ ૧૯.૪૫ વાગ્યે તેમના સંબંધીઓ તેમને સારવાર માટે લઈને આવેલા હતા. તેમજ કબુલ કરેલ છે કે,તા. ૨૩/૦૬/૧૫ ના રોજ તેણે પિયુષ કુમાર જયંતિલાલ પંડયાની સારવાર કરેલી તેનુ એમ.એલ.સી. આંક –૯૧ થી રજુ છે અને કેસ પેપર્સ આંક–૯૨ થી રજુ છે. તેમજ કબુલ કરેલ છે કે, તા.૨૫/૬/૧૫ ના રોજ આ કામના આરોપીને દાખલ કરી તપાસેલા હોઈ ઓ.પી.ડી. કેસ, ઈન્ડોર કેસ અને એમ.એલ.સી. કેસ કઢાવેલા. તેમજ કબુલ કરેલ છે કે, તા.૨૩/૬/૧૫ ના રોજ આરોપીને તપાસ્યા બાદ તેણે પોલીસને જાણ કરેલી અને તે બાબતની ફરીયાદ નોંધાયેલ છે, તેણે

સર્ટીફીકેટ આપેલ છે અને તે ફોજદારી કેસમાં તેમની જુબાની બાકી છે.

(૨૦.૨) ઉપરોકત તબીબ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ આરોપીની શારીરીક તપાસણી કરેલ હોવાની અને આરોપીએ બનાવની હીસ્ટ્રી જણાવેલ તેમજ આરોપીના શરીરે ઈજાઓ થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે અને સદર સાહેદે તારીખ ૨૩/૬/૧૫ ના રોજ પોલીસ ને પણ જાણ કરેલી.

(૨૧) ફરિયાદ પક્ષે સાહેદ નં.૬ ડો. ભામીનીબેન બાબુલાલ પંડીતને આંક–૯૪ થી તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, તારીખ : ૨૪/૬/૧૫ ના રોજ રાત્રીના ૧૧.૨૫ વાગે તેણી ગાયનેકોલોજીસ્ટ તરીકે સીવીલ હોસ્પીટલ, હિંમતનગર ખાતે ફરજ પર હાજર હતી જે દરમ્યાન એક દર્દી નામે ભોગબનનાર–પી નાઓને આંક–૯૫ થી રીફર ચીઠ્ઠી સાથે વુ.પો.કો. રેણુકાકુમારી તેમની હોસ્પીટલમા લઇને આવેલ અને તેમની હોસ્પીટલના મેડીકલ ઓફીસર શ્રી વી.એસ.જાની નાઓએ રીફર ચીઠ્ઠી લઇ ઓપીડી કેસ કાઢી સદર પેશન્ટને તેમની હોસ્પીટલમા ગાયનેક તપાસણી સારૂ આવેલ. સદર દર્દીને તેમની હોસ્પીટલમાં ઓ.પી.ડી. / ઈન્ડોર કેસ એમ.આર.ડી. નં. ૬૨૩૧૪/૧૫ થી કેસ કાઢવામાં આવેલ તે આક–૯૬ થી રજૂ થયેલ છે. ભોગબનનારની સંપુર્ણ તપાસ તેમના ધ્વારા ડો. વીપુલ એસ. જાની અને ફરજ પરના સ્ટાફ નર્સની હાજરીમાં કરવામાં આવેલ. ભોગબનનારે આપેલ હીસ્ટ્રી મને સંપુર્ણ સભાન અવસ્થામાં આપેલ. ભોગબનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે, "પિયુશભાઈ જયંતિભાઈ પંડયા, ઉ.વ. ૩૭ વર્ષ, દહે. ગોરાઈ. તા. ઈડર, જી. સા.કા નાઓની સાથે તા. ૨૧/૫/૧૫ ના રોજ તેણીના પોતાના ઘરે શારિરીક સંભોગ થયેલ હતો. તે દરમ્યાન નિરોધ અથવા કોઈપણ પ્રકારના ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ કરેલ ન હતો, પ્રથમ વખત પિયુશભાઈ સાથે લગભગ ત્રણ થી ચાર વર્ષ પહેલા શારિરિક સંભોગ થયેલ તેની તારીખ મને યાદ નથી. ત્યારબાદ

લગભગ ૧૧ થી ૧૨ વખત પિયુશભાઈ સાથે મારે શારીરિક સંબંધ બંધાયેલો હતો, પણ તારીખ બાદ ન હતી, " હીસ્ટ્રી મારી રુબરુ આપેલ હતી, વધુમા તેણીએ જણાવેલ કે, કપડા બદેલલ હતા અને ધોઈ નાખેલ હતા અને સ્નાન કરેલ હતુ. તેણીના પતિ નાઓની સાથે પ્રથમ વખત લગભગ ૧૭ વર્ષ પહેલા અને છેલ્લી વખત લગભગ ૨૦ દિવસ પહેલા શારીરિક સંભોગ થયેલ હતો. તેના પતિ તથા પિયુશભાઈ સીવાય બીજા કોઈપણ વ્યકિત સાથે ભુતકાળમાં શારીરિક સંભોગ થયેલ ન હતો તેવું જણાવેલ હતુ. તેણીના શબ્દોમાં જણાવ્યા મુજબ "પિયુશભાઇ લગભગ છેલ્લા ચારેક વર્ષથી મને બ્લેક મેલ કરેલ છે " તેના શરીર પર બાહ્ય ઈજાના કોઈ નિશાન ન હતા.તેમના અભિપ્રાય મુજબ તેણીની સાથે શારીરિક સંભોગ થયેલ હતો. તેઓએ દર્દીને તપાસ્યા બાદ એમ.એલ.સી. ન. ૨૧૭૩/૧૫ થી તા. ૨૪/૬/૧૫ ના રોજ પોલીસને તપાસ અર્થે સર્ટી. તૈયાર કરીને આપેલ તેમા તેમની સહી અને હોદાનો સીકકો ઓળખી બતાવેલ છે જે આંક-૯૭ થી રજુ થયેલ છે. તેમજ દર્દીના સેમ્પલ તપાસણી સારુ મોકલાવેલ તેની યાદી આંક-૯૮ થી રજુ થયેલ છે. સદર ભોગબનનારના જુદા જુદા સેમ્પલો ચકાસણી કરાવેલ જેના રીપોર્ટના કુલ પાના નં.પ આંક-૯૯ થી રજુ થયેલ છે.

(૨૧.૧) ઉપરોકત તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, બનાવ તા. ૨૧/૫/૧૫ ના રોજ બનેલ હોવાનુ ભોગબનનારે જણાવેલ અને તેમણે ભોગબનનારની તપાસણી તા. ૨૪/૦૬/૨૦૧૫ ના રોજ કરેલ. એ વાતની તેમને ખબર નથી કે, તેમણે ભોગબનનારની તપાસણી કરેલ તે અગાઉ બીજા કોઈ મેડીકલ ઓફીસરે ભોગબનનારની તપાસ કરેલ કે કેમ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રીફર ચિઠ્ઠી સાથે તેમની પાસે આવેલ વિગેરે મુજબની ઉ.ત. કરેલ છે.

(૨૧.૨) હવે ઉપરોકત તબીબ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો ભોગબનનારની શારીરીક તપાસણી કરેલ હોવાની અને

ભોગબનનારે બનાવની હીસ્ટ્રી જણાવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે.

(૨૨) ફરીયાદ પક્ષ સાહેદ નં.૭ ભોગબનનારના પતિને આંક–૧૦૪ થી તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, બનાવ તા. ૨૧/૦૬/૨૦૧૫ ના રોજ બપોરના ૩.૦૦ વાગ્યે લક્ષ્મણપુરા ગામે બનેલો. બનાવ સમયે તેઓ હિંમતનગર મુકામે ફેકટરી પર હતા અને તેઓ સાંજે તેમના ઘરે આવેલા ત્યારે તેમના પત્ની ગભરાયેલી હતી અને તેને પુછતા તેણીએ જણાવેલ કે, પિયુષ જયંતિભાઈ પંડયા નાઓ લક્ષ્મણપુરા ગામે આપણા ઘરે બપોરના ૩.૦૦ વાગ્યે આવેલો અને તે વાસીદુ ભરતી હતી તે વખતે આ પિયુષે મારી સાથે બિભત્સ કૃત્ય કરેલ અને મારુ શોષણ કરેલુ. જેથી મે બુમાબુમ કરેલી પરંતુ આ પિયુષે મારા ગળા પર રામપુરી ચપ્પુ મુકી રાખેલ અને મે છુટવાનો પ્રયત્ન કરેલો. મે તગારાને લાત મારેલી અને બુમો પાડેલી જેથી બાજુમાંથી જયંતિભાઈ, ધર્મેન્દભાઈ અને અરવિંદભાઈ દોડેલા પરંતુ આ પિયુષ ધકકો મારી ભાગી ગયેલો અને જતા જતા મારી નાખવાની ધમકીઓ આપતો હતો તેવી વાત તેની પત્નીએ તેન કરેલી. તેની પત્નીએ તેને કહેલ કે, હું જ્યારે ઈડર કોલેજમાં બી.એ.માં અભ્યાસ કરતી હતી ત્યારે આ પિયુષ પણ મારી સાથે ભણતો હતો અને એસ.વાય.બી.એ. માં તેણે મને કહેલ કે, તુ ખુબ સારી લાગે છે, મારે તારી સાથે લગ્ન કરવા છે, તે સમયે મારી પત્નીએ ના પાડેલી અને આપણે બંને અલગ સમાજના છીએ જેથી લગ્ન કરી શકીએ તેમ નથી, તેમજ મારી જોડે શારીરિક અડપલા પણ કરતો હતો તેવી વાત કરેલી. જેથી મારા સસરાએ મારી પત્નીનુ જે તે સમયે એસ.વાય.બી.એ. અધુરુ ભણવાનુ છોડાવી દીધેલ. બનાવના છ મહિના પહેલા તેની પત્ની ઈડર બજારમાં ખરીદી કરવા માટે આવેલી ત્યારે આ પિયુષે એપોલો ત્રણ રસ્તા પાસે ઉભી રાખી પુછેલુ કે, તુ કોલેજમાં પહેલા જેવી લાગતી હતી તેવી જ લાગે છે, ત્યારે મારી પત્નીએ કહેલ કે હું બે સંતાનોની માં છુ તેમ કહી ચાલવા લાગેલી તેમ છતા તેણે પીછો

કરવાનુ છોડેલ નહી જેથી તેમની પત્નીએ બુમો પાડેલી, જેથી ટોળુ ભેગુ થઇ જતાં આરોપી ત્યાંથી ભાગી ગયેલો છે. પછી તેની પત્નીએ તેના પર કેસ કરેલો અને પોલીસે તેની પુછપરછ કરી જવાબ લીધેલો જેમા તેણે આજરોજ જણાવેલ બનાવની હકીકતો જણાવેલી.

(૨૨.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, બનાવ વખતે તેમની પાસે મોબાઇલ ફોન હતો અને તે મોબાઇલ ફોનનો નંબર તેમણે પોલીસને લખાવેલો અને ઇમરજન્સી જેવી પરીસ્થીતી ઉભી થાય તો તેના ઘરેથી તેને ફોન કરવામા આવે અને અરવિંદભાઇ પાસે બનાવના સમયે મોબાઇલ ફોન હતો, બાકીના જયંતીભાઇ અને ધર્મેન્દ્રભાઇ પાસે મોબાઇલ ફોન હતો કે કેમ તે તેમને ખબર નથી. તેમજ કબુલ કરેલ છે કે, બનાવ બાદ તેમના ઉપર અરવીંદભાઇનો ફોન આવેલો નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે વખતે તેમના ગામમાં નેટવર્ક કવરેજનો પ્રોબ્લેમ હતો. તેમજ કબુલ કરેલ છે કે બનાવની જાણ તેમની પત્ની એ તેમને કરેલી. ત્યારબાદ તેણે કોઇ પગલા ભરેલા નહી અને તેમના સગા સબંધીઓને રાત્રે ભેગા કરેલા હોય તેવુ બનેલ પણ નથી. તેમજ કબુલ કરેલ છે કે બનાવ તેણે નજરે જોયેલ નથી. તેની પત્ની એ જે બનાવની જાણ તેને કરેલી તે હકીકત તે કોર્ટમા જણાવે છે. તેમજ કબુલ કરેલ છે કે કરીયાણાની દુકાન અને મારા ઘર ની વચ્ચે ૫૦ ફુટ થી વધારે અંતર નથી. બનાવવાળી જગ્યા થી કરીયાણાની દુકાન ૧૦૦ થી ૧૫૦ ફુટ દુરના અંતરે આવેલ છે. તેમજ કબુલ કરેલ છે કે અરવીંદભાઇ, ધર્મેન્દ્રભાઇ અને જયંતીભાઇ સાથે બનાવ બાબતે વાતચીત થયેલી. પરંતુ બનાવ સમયે તેઓ કયા હતા તે બાબતે તેઓએ તેમને કઇ જણાવેલ નહી. તેમજ કબુલ કરેલ છે કે, અરવિંદભાઈ, ધર્મેન્દ્રભાઈ, જયંતિભાઈ કે મારા પત્નીએ બનાવ બાદ આરોપી કઈ દિશામાં ભાગી ગયેલો તે હકીકત તેમને જણાવેલ નથી. બનાવવાળી જગ્યાની સામે રોડ આવેલો છે, આ રોડ કરીયાણાની દુકાન અને તેમના ઘર વચ્ચેનો રોડ છે. આ

રોડથી હજામની દુકાને જઈએ તો દસ થી પંદર સેકન્ડ થાય. બનાવ બનેલો તે વખતે હજામની દુકાન કોણ ચલાવતુ હતુ, તે તેઓ કહી શકે નહી વધુમા ઉ.ત.મા જણાવે છે કે, બનાવવાળી જગ્યાએ કોઈ ઉંચી દિવાલ નથી. બનાવવાળી જગ્યાની એક બાજુ તેમનુ મકાન અને બીજી બાજુ પ્રોફેસર સાહેબનુ મકાન આવેલ છે, જે મકાન બનાવ વખતે બંધ રહેતુ હતુ, જે બાજુ રહી ગઈ તે બાજુ, કોટ (દિવાલ) છે. તેની પત્ની આશરે એસ.વાય.બી. એ. અડધુ ભણેલા છે અને તેમની પત્નીના અભ્યાસ બાબતની કોઈ માર્કશીટ કે સર્ટી. તેણે જોયેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, કોલેજ કાળ દરમ્યાનની જે હકીકત તેણે આજ રોજ નામ. કોર્ટમાં જણાવેલી છે તે હકીકત તેની પત્નીએ તા. ૨૧/૦૬/૨૦૧૫ પહેલા કયારેય કહેલી નહી. તેમજ કબુલ કરેલ છે કે, બનાવના છ મહિના પહેલા ઈડર મુકામે બનેલા કહેવાતા બનાવની પણ જાણ તેની પત્નીએ તા. ૨૧/૦૬/૨૦૧૫ પહેલા કયારેય તેને કહેલી નહી, આવી કોઈ જાણકારી તેને બહારથી પણ મળેલી નહી. તેમજ કબુલ કરેલ છે કે, કહેવાતો બનાવ તા. ૨૧/૦૬/૨૦૧૫ ના રોજ બનેલો, ત્યારબાદ તા.૨૨,૨૩ ના રોજ પો.સ્ટે. ફરીયાદ આપવા માટે ગયેલો નહી. તેમને એ વાતની ખબર નથી કે, તેની પત્ની પણ આ દિવસોમાં ફરીયાદ કરવા ગયેલી નહી. એ વાતની તેને ખબર નથી કે, તેની પત્નીએ ટાઈપ કરેલી ફરીયાદ પો.સ્ટે. માં આપેલી છે. તેને તેની પત્નીએ તા. ૨૪/૦૬/૨૦૧૫ ના રોજ મોડેથી ફરીયાદ કરેલાની જાણ કરેલી, ફરીયાદ બાદ પોલીસે તેને તા.૧૦/૦૭/૨૦૧૫ ના રોજ જવાબ લખાવવા સારુ બોલાવેલો. તેમજ કબુલ કરેલ છે કે, આરોપી સાથે મારે સીધી કોઈ વાતચીત થયેલ નથી, એ વાતની તેને ખબર નથી કે, તા.૦૪/૦૬/૨૦૧૫ થી તા. ૨૧/૦૬/૨૦૧૫ દરમ્યાન આ કામના આરોપી હરીધ્વાર મુકામે ગયેલા હતા. બનાવ બન્યો તે સમયે તેની પાસે સ્વીફ્ટ ડીજાયર સફેદ કલરની ગાડી હતી, આ ગાડીનો નંબર : જી.જે. ૦૯ બી.એ. ૫૭૬ નો છે. તે વાત કબુલ કરેલ છે કે, તેની સ્વીફ્ટ ગાડી પોલીસ

ફોજદારી ગુન્હાના કામે જપ્ત કરેલી, કઈ તારીખે જપ્ત કરેલી તે તારીખ તેને યાદ નથી, તેમજ કબુલ કરેલ છે કે, આ કામના આરોપીએ તેઓ અને તેમના સગા સબંધીઓ એમ કુલ–૧૦ વ્યકિતઓ વિરૂધ્ધ તેઓને તા.૨૧/૬/૧૫ ના રોજ તેમના ઘરેથી ઉઠાવી જઈ, માર માર્યાની ફરીયાદ પો.સ્ટે.મા નોંધાવેલી છે અને સદર કામે ચાર્જશીટ થયેલ અને ક્રિ.કે.નં. ૧૫૫/૧૬ ઈડરના એડી. ચીફ જયુડી.મેજી. સાહેબ ની કોર્ટમા ચાલુ છે. સદર કામે આગોતરા જામીન પણ મેળવેલા. સદર કામે આગોતરા જામીન મળી ગયા બાદ અમો ઈડર પો.સ્ટે.મા કઇ તારીખે ગયેલા તે યાદ નથી. તે વાતની તેમને ખબર નથી કે, તેના વિરુધ્ધમાં ઉપરોકત ગુન્હાનો નંબર ઈડર પો.સ્ટે. ફ.ગુ.ર.ન, ૧૦૫/૨૦૧૫ નો છે. એ વાતની તેને ખબર નથી કે, તા. ૨૧/૦૬/૨૦૧૫ ના રોજ આ કામના આરોપીને માર મારવામાં આવેલ હોય અને તે બનાવની વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થઈ ગયેલ હોય. એ વાતની તેમને ખબર નથી કે, આ કામના આરોપીએ તા.૨૩/૦૬/૨૦૧૫ ના રોજ સરકારી દવાખાનામાં સારવાર લીધેલી. તેમને યાદ નથી કે, તા.૨૧ /૦૬/૨૦૧૫ ના રોજ તેઓ ઘરે આવ્યા ત્યારે તેણે તેની પત્નીના શરીર પર કોઈ દેખીતી ઈજા જોયેલ નહી, તે વાત કબુલ કરેલ છે કે, તેની પત્નીએ પણ તેને તેના શરીર પર કોઈ ઈજા બતાવેલી નહીં. તેને બાદ નથી કે, તેના પોલીસ રુબરુના નિવેદનમાં બનાવનો સમય લખાવેલો નહીં, તેનુ પોલીસ સમક્ષનુ નિવેદન બતાવવામાં આવે છે, જેમાં તેણે બનાવનો સમય લખાવેલ નથી. તેમના પોલીસ રુબરુના નિવેદનમાં તેની વિરુધ્ધ પિયુષભાઈએ કુરેલી ફરીયાદનો ઉલ્લેખ કરેલો છે.

(૨૨.૨) ઉપરોક્ત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, ભોગબનનારે તેમને બનાવની હકીકત જણાવેલ છે અને બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમજ આરોપીએ તેમના અને તેમના સબંધીઓ ઉપર આરોપીને માર મારેલાની ફરીયાદ નોંધાવેલ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે.

(૨૩) ફરીયાદ પક્ષ સાહેદ નં.૮ પંચ–દીતીનભાઈ જયંતીભાઈ પટેલને આંક–૧૦૬ થી તપાસવામા આવેલા છે. તા.૨૧/૦૬/૨૦૧૫ ના રોજ તેને લક્ષ્મણપુરા બોલાવેલ, બપોરના ૩.૦૦ વાગ્યે પોલીસે અને ત્યાથી તેઓ ભોગબનનારના ઘરે ગયેલા અને ત્યા ભોગબનનાર બેન સાથે તેના ઘરની બાજુમાં આવેલ તબેલામાં પિયુષભાઈ જયતિભાઈ પંડયાએ બળાત્કાર કરેલો, જે બનાવ સમયે પહેરેલ કપડા ભોગબનનારે રજૂ કરેલા, જે કપડામાં (૧) કાળા કલરની લીલા લાલ કલરની ભાતવાળી પટ્ટીવાળી સાડી, (૩) કાળા કલરનો ચણીયો જેનું પર લીલા ગુલાબી કલરની ભાતવાળી પટ્ટી હતી તે, (૩) કાળા કલરનુ બ્લાઉજ (૪) કાળા કલરનો નિકર, તમામ કપડાને પોલીસે અલગ અલગ કપડાની બેગમાં તેમની સહીઓ વાળી ચિઠ્ઠીઓ મુદ્ધી લાખ અને દોરી વડે સીલ કરી કબજે લીધેલા, ભોગબનનારના શરીર પર કોઈ ઈજાના ચિન્હો જોવા મળેલા નહી, તે મુજબનુ પંચનામું કરેલ, અને તે વખતે તેમની સાથે બીજી પંચ તરીકે હિતેશભાઈ વસંતભાઈ પટેલ રહે. લક્ષ્મણપુરા, તા. ઈડર નાઓ પણ હાજર કરતા અને તેમના બંનેના લખાવ્યા મુજબ પોલીસે પંચનામુ લખી લીધેલ અને તે પંચનામામાં પ્રથમ પાનાના હાંસીયામાં તથા બીજા પાના પર પંચનામાના અંતે પંચ નં. ૧ તરીકે તેમની સહી કરેલી જે પંચનામું આંક–૧૦૭ થી રજુ થયેલ છે અને સદર પંચને મુદામાલ પાવતી નં. ૧૦૯/૧૫, આર્ટી.નં.૧ થી રજુ એક કાળા કલરની લીલા, લાલ, બદામી કલરની ભાતવાળી પટ્ટીવાળી સાડી, આર્ટી.નં ૩ થી રજુ એક કાળા કલરનું બ્લાઉજ,આર્ટી.નં.૩ થી રજુ એક કાળા કલરનો ચણીયો ભોગબનનારે તેમની હાજરીમા રજુ કરેલ હોવાનું જણાવી આંક–૧૦૮ થી આંક–૧૧૦ સુધીની પંચ સ્લીપોમાં પંચ તરીકેની પોતાની સહી ઓળખી બતાવેલ છે.

(૨૩.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામાં આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, હુ અને ભોગબનનારના ઘરના તમામ સભ્યો એક જ ગામના હોઈ જેથી ઓળખે છે. ભોગબનનાર સાથે બનાવ બનેલ

તેની જાણ મને પોલીસે કરેલી. એવુ બનેલ નથી કે, પોલીસે મને ફોન કરી પો.સ્ટે. બોલાવેલ હોય, એ વાત ખરી છે કે, આ પંચનામુ પો.સ્ટે. ના ઈન્ટ્રોગેશન રુમમાં બેસીને કરેલ છે. એ વાત ખરી છે કે, પંચનામુ બનાવવાળી જગ્યાએ કરેલ નથી. એ વાત ખરી છે કે આજે તેમને જે મુદામાલ આર્ટીકલ ચણીયો બતાવેલો તે કાળા કલરનો નથી. સાહેદ જણાવે છે કે તે આછાકાળા કલરનો છે. તેમજ કબુલ કરેલ છે કે, આજરોજ મને મુદામાલ આર્ટી. તરીકે નિકર બતાવવામા આવેલ નથી.

(૨૩.૨) હવે ઉપરોકત પંચના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો,તેમની હાજરીમાં ભોગબનનારે કપડા રજુ કરેલા હોવાનુ પુરવાર થાય છે અને ભોગબનનારના શરીર ઉપર કોઈ ઈજાના ચિન્હો તેમને જોવા મળેલ નથી, પરંતુ કપડા પર એફ.એસ.એલ.ના પુરાવા થી સમર્થન મળે છે કે કેમ તે પણ જોવાનુ રહેશે.

(૨૪) ફરીયાદ પક્ષે સાહેદ નં.૯ પ્રકાશસીહ જોરુદાન ગઢવીને આંક–૧૧૧ થી તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, તારીખ:૨૪/૦૬/૨૦૧૫ ના રોજ તેઓ પો.સ્ટે. આગળથી જતા હતો ત્યારે પોલીસે મને પો.સ્ટે. બોલાવેલો, તે વખતે બીજા કોઈ પંચ હતા કે કેમ તે તેમને હાલ ખ્યાલ નથી, તે વખતે પો.સ્ટે. માં પિયુશભાઈ હાજર હતા, તેમને મને બતાવેલ, તેમણે શરીરે લાલ કલર જેવુ ટી શર્ટ પહેરેલ હતુ અને નીચે પેન્ટ પહેરેલ હતુ અને તે વખતે પોલીસે અમોને તેમને બતાવેલા અને તેમને પાછળ બરડાના ભાગે તથા હાથ ઉપર ઈજાના નિશાનો હતા જે અમોએ જોયેલા, તે ઈજાઓ કોઈએ માર મારેલ હોય અને થયેલ હોય તે પ્રકારની હતી અને તેનુ પંચનામુ લખાવેલુ અને તેમાં પંચ તરીકે તેમણે તેમની સહી કરેલી, તેમને આંક : ૩૦ વાળુ પંચનામું બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. તેમણે જે પો.સ્ટે. માં પિયુશભાઈને જોયેલા તે આજ રોજ નામ. કોર્ટમાં હાજર છે તે જ છે.

(૨૪.૧) ઉપરોકત પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ નથી.

(૨૪.૨) હવે ઉપરોકત પંચના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો,આરોપીના શરીરે કોઈ માર મારેલ હોય તેવી ઈજા હતી તેવુ તેમણે જોયેલ છે.

(૨૫) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૦ પંચ ચંદુલાલ ખેમરાજ સોની ને આંક–૧૧૨ થી તથા અન્ય પંચ સાહેદ નં.૧૫ તુષારભાઈ હસમુખભાઈ રાવલને તપાસેલા છે.પોલીસે તેઓને એક લખેલા કાગળમા તથા કોરા કાગળમા સહીઓ કરવા કહેતા તેમા સહી કરેલી તેમણે સહી કરેલ તેમા શું લખાણ લખેલ હતુ તે વાચેલ ન હતુ કે તેમને કોઈએ વાંચી સંભળાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓ પો.સ્ટે. ગયા હોય અને આરોપી હાજર હોય અને તેણે બનાવ સમયે પહેરેલ કપડા તેમની હાજરીમા રજુ કરેલ હોય અને પંચનામાની વિગતે કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. તેમજ મુદામાલ પાવતી નં.૧૧૦/૧૫ ના આર્ટી.નં.૧ થી ૩ પોલીસે તેમની હાજરીમા સીલબંધ કરી કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. આમ, સદર પંચ પંચનામા અને પંચ સ્લીપમા સહી સિવાયની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. પરંતુ પંચનામાની હકીકતોના સમર્થનમા કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૫.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ નથી.

(૨૫.૨) આમ, ઉપરોકત પંચના પુરાવા પરથી આરોપીના કપડા પંચનામાની વિગતે કબજે લીધેલ હોવાની હકીકત પુરવાર થતી નથી અને સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરુપ થતો નથી.

(૨૬) ફરીયાદ પક્ષે આંક–૧૧૮ ના પંચનામાના પંચ સાહેદ નં.૧૧ રમેશભાઈ કોદરભાઈ પટેલને આંક–૧૧૭ થી તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં ભોગબનનાર બહેને જગ્યા બતાવેલી હોવાનુ જણાવી અને તે અંગેનુ પંચનામુ પોલીસે તેમની હાજરીમા લખી

લીધેલ હોવાનુ જણાવી પંચનામામા પંચ નં.૧ તરીકે ભરતભાઇ માધાભાઇની અને પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

(૨૬.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, પોલીસ સાથે ભેગા થયા તે દરમ્યાન કોઈ નકશો બનાવેલ નથી. તેઓ ગામમાથી કુવા તરફ જતા પોલીસે તેમને ઉભા રાખેલા અને સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલી.તેમજ કબુલ કરેલ છે કે બનાવ બાબતે તેમની પાસે જાત માહીતી નથી.

(૨૬.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવામા આવેલ હોય તેવુ પુરવાર થાય છે અને ગુનાવાળી જગ્યા ની બાજુમાં બીજા મકાન અને દસ ફુટ ઉંચો કોટ આવેલ હોવાનુ પણ તેઓએ જણાવેલ છે.

(૨૭) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૨ પંચ જયેશકુમાર કેશરભાઇ પટેલ ને આંક-૧૧૯ થી તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, તા. ૨૫/૦૬/૨૦૧૫ ના રોજ સાંજના ચાર વાગ્યાની આસપાસ ઈડર પોલીસે તેમને ઈડર પો.સ્ટે. બોલાવેલો અને તે વખતે તેમની સાથે બીજા પંચ તરીકે નરેશભાઈ પટેલ મુળ વતન તખતગઢ કંપા, તા. ઈડર હાલ રહે. હિંમતનગર નાઓ હાજર હતા અને ત્યા પોલીસ તેઓને પિયુશભાઈ પંડયાનો કેસ બનેલ હતો તે બાબતે બોલાવેલ હતા અને તેઓ બંને પચોને પંચમાં રહેવા સમજ કરતા સ્વખુશી દર્શાવેલી અને ત્યા હાજર ઈસમનુ નામ ઠામ પુછેલ તો પોતાનુ નામ પિયુશભાઈ જયંતિભાઈ પંડયા રહે. ગોરલ, તા. ઈડર વાળો હોવાનુ જણાવેલું અને તેમણે એક પિત્તળના ૩ ઈંચના હાથાવાળુ તથા લોખંડના ફળાવાળુ ચપ્પુ રજુ કરેલુ, જે ચપ્પાનુ વર્ણન પંચનામામા પોલીસે લખી લઈ પંચનામાની વિગતે કબ્જે લીધેલ અને તે પંચનામામા અમો પંચોની સહીઓ મેળવેલી હોવાનુ જણાવી પંચનામામા પંચ તરીકેની તેમની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક-૧૨૦ થી રજુ થયેલ છે. તેમજ તેમણે

જણાવેલ ચપ્પુ પિયુશભાઈએ રજુ કરેલ જે બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે. સદર પંચ સાહેદને મુદદામાલ પાવતી નં.૧૧૨/૧૫ માં દર્શાવેલ આર્ટી. નં. (૧) એક પિત્તળના હાથાવાળુ તથા લોખંડના ફળાવાળુ ચપ્પુ બતાવતા જોઈને જણાવે છે કે, આ તે જ ચપ્પુ છે જે પિયુશભાઈએ પો.સ્ટે. માં તેઓની રુબરુ રજુ કરેલ અને પોલીસે તપાસ અર્થે કબ્જે લીધેલ તે જ છે.

(૨૭.૧) ઉપરોકત પંચની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે આજરોજ તેમને બતાવેલ ચપ્પુ જે કવરમાથી ખોલેલ તે કાગળના કવર ઉપર લાખનુ કોઇ સીલ મારેલ ન હતુ ફકત ગુંદરથી કવર ચોટાડેલ હતુ. તેમજ કબુલ કરેલ છે કે તેમને જે ચપ્પુ બતાવવામા આવે છે સામાન્ય રીતે ઘરમા શાકભાજી સમારવા માટે વપરાતુ હોય તેવુ ચપ્પુ છે. પોલીસ સ્ટેશનમા મુદામાલ ચપ્પુ તેમણે હાથમા લઈ જોયેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે તેઓ અને સનતકુમાર એક જ ગામના છે અને જેથી તેઓને ઓળખે છે. તેમજ તેમને જયારે પો.સ્ટે. બોલાવેલા ત્યારે આરોપી પોલીસ કસ્ટડીમા હતા. તેમજ કબુલ કરેલ કે બનાવની તેમને જાત માહીતી નથી.

(૨૭.૨) હવે ઉપરોકત પંચના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, ગુનામા વપરાયેલ ચપ્પુ આરોપીએ રજુ કરેલ હોવાનુ પુરવાર થાય છે પરંતુ બચાવ પક્ષની ઉ.ત.માં તે ચપ્પુ ઘરમા શાકભાજી માટે વપરાતુ હોય તેવુ ચપ્પુ છે, રામપુરી ચપ્પુ હોય તેમ જણાવેલ નથી. ઉપરોકત ચપ્પુ આરોપીએ કોઇ જગ્યાએ રાખેલ હોય અને ત્યાંથી કાઢીને આપેલ હોય તેમ નથી. પરંતુ પોલીસ સ્ટેશનમા આરોપી પોલીસ કસ્ટડીમા હતા તે વખતે રજુ થયેલ છે.

(૨૮) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૩ ધર્મેન્દ્રકુમાર ડાહ્યાભાઇ પટેલ ને આંક-૧૨૨ થી તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, બનાવ તા. ૨૪/૬/૨૦૧૫ ના રોજ બનેલો. બનાવના દિવસે તેઓ તથા તેમના કાકા જયંતિભાઈ ગામમાં નાઈની દુકાને દાઢી કરાવવા માટે ગયેલા હતા તે વખતે બાજુમાંથી બુમાબુમ થતી હોય જેથી તેઓ સનતકુમારના ઘરે ગયેલા, ત્યાં જઈને જોયેલ તો

આરોપી પિયુશભાઈ ત્યાં હાજર હતા અને અમને જોઈને ભાગી ગયેલા, અમે પિયુશભાઈનો પીછો કરેલો પરંતુ અમો તેઓને પકડી શકેલા નહી, ત્યારબાદ તેઓએ ભોગબનનારને પુછપરછ કરતા તેણીએ જણાવેલ કે, આરોપી પિયુશે મારી સાથે ગંદી હરકતો કરેલી છે અને મારી સાથે બળાત્કાર કરેલો અને બળાત્કાર કર્યો તે વખતે મારા ગળા ઉપર ચાકુ રાખેલુ અને ધમકીઓ આપેલી તેવી વાત કરેલી, તેઓએ વધુમાં કહેલ કે, ગૌરલ ગામમાં હું તથા પિયુશ સાથે અભ્યાસ કરતા હતા તે વખતે એકબીજાને ઓળખતા હતા અને ત્યારપછી કોલેજમાં ગયા ત્યા પણ પિયુશભાઈ સાથે કોલેજ કરતા હોય સામે મળતા હોય ગંદી હરકતો કરતા હતા, અને મને કહેતા હતા કે, તુ મારી સાથે લગ્ન કર પરંતુ ભોગબનનારે કહેલ કે, તમારો અને મારો સમાજ અલગ છે જેથી હુ તમારી સાથે લગ્ન કરી શકુ નહીં, આ અગાઉ પણ બનાવના છ માસ અગાઉ એપોલો સર્કલ ઈડર ખાતે પણ પિયુશે મને રોકવાની કોશીશ કરેલી તે વખતે પણ મે બુમાબુમ કરેલી અને મારા બે બાળકો છે તેમ કહી એપોલો સર્કલથી નિકળી ગયેલા તેવી વાત મને ભોગબનનારે કહેલી. બનાવની ફરીયાદ થતા પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો હોવાનુ જણાવી આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

(૨૮.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ભોગબનનાર અભ્યાસ કરતા હતા તે દરમ્યાન આ કામના આરોપી વિરુધ્ધની કોઈ ફરીયાદ કરેલી નથી, બનાવ તા. ૨૪/૬/૨૦૧૫ ના રોજ બનેલ છે. બનાવ બન્યા પછી કેટલા સમય પછી તેમનો પોલીસે જવાબ લીધેલો તે ચોકકસ તેમને યાદ નથી પરંતુ બે ત્રણ દિવસ પછી તેમનો જવાબ લીધો હશે. પોલીસ તેમનો જવાબ લેવા ઘરે આવેલી. તેમના ગામમાં ૯૦૦ થી ૧ ૦૦૦ માણસોની વસ્તી છે. તેમના ઘર અને તેમના બહેનના ઘર વચ્ચે ૧૦૦ થી ૧૫૦ મિટરનું અંતર છે. તેમજ કબુલ કરેલ છે કે, તેમના ઘર અને મારા બહેનના ઘર વચ્ચે તેમના કુટુંબ સીવાયના અન્ય માણસોના પણ ઘરો આવેલા છે.

તેમજ કબુલ કરેલ છે કે, કહેવાતી બનાવની જગ્યાની સામે એક દુકાન આવેલી છે, તે દુકાન બનાવ સમયે કોણ ચલાવતુ હતુ, તે કહી શકે નહી, નાઈની દુકાન કહેવાતી બનાવની જગ્યાએથી આશરે ૫૦ મિટર દુર હશે, જે દુકાને તેઓ દાઢી કરાવવા ગયા હતા તે દુકાનના નાઈનુ નામ તેમને ખબર નથી. તેઓ દાઢી કરાવવા અઢી થી પોણા ત્રણ વાગ્યે ગયા હતા. તેમજ કબુલ કરેલ છે કે, બનાવ બન્યો તે સમયે તેમની પાસે મોબાઈલ ફોન હતો, તેમને ખબર નથી કે, તેના બનેવીને બનાવની જાણ કોણે કરેલી. બનાવ બાદ તેઓ તેમના બનેવીને બનાવના દિવસના રાત્રીના આઠ વાગ્યે મળેલ. બનેવી તરત આવેલા નહીં થોડા સમય પછી આવેલા. હાલમાં તેમની પાસે એપ્પલ કંપનીનો ફોન છે, બનાવ સમયે સેમસંગ કંપનીનો સ્માર્ટ ફોન હતો. તેમજ કબુલ કરેલ છે કે, બનાવ સમયે તેમણે આરોપીનો ફોટો પાડવાની કોઈ કોશીશ કરેલી નહી, બનાવ સ્થળે તેઓ પહોંચ્યા ત્યારે જયંતિકાકા, અરવિંદકાકા, ભરતભાઈ તેમના પિતાનુ નામ તેમને ખબર નથી, તે ત્યાં હાજર હતા અને બીજા ગામના માણસો હતા. બીજા ગામના માણસો હાજર હતા તેઓને તેઓ ઓળખે છે પરંતુ તેમના નામ તેઓ જણાવી શકતા નથી. આરોપી બાજુમાં રસ્તો છે ત્યાથી ભાગી ગયેલા. તે વાત કબુલ કરેલ છે કે, ચપ્પુ બતાવેલ તેવી વાત તેઓ કરે છે તે ભોગબનનારે કિધેલ એટલે કહે છે, તેમજ કબુલ કરેલ છે કે, બળાત્કારની વાત તેના બહેન ભોગબનનારે કહેલી જેથી તેને ખબર પડેલી, તેણે બળાત્કાર કરતા જોયેલ નથી. આરોપીએ શું કપડા પહેરેલા તે તેમને યાદ નથી. ભોગબનનારે બનાવના દિવસે સાડી પહેરેલી, તે સાડીનો કલર તેમને યાદ નથી. બનાવ સ્થળે તેઓ ગયેલા ત્યા બે બળદ બાંધેલા હતા, બીજા કયા પશુ બાંધેલા હતા તે તેમને યાદ નથી. તેમજ કબુલ કરેલ છે કે, બનાવના સ્થળે બધુ ગંદુ વાસીદુ પડેલુ હતુ. તેઓ પહોચ્યા ત્યારે તગારુ ખાલી હતું. તગારુ લોખંડનુ હતુ. તેમજ કબુલ કરેલ છે કે, આ બનાવ પહેલા આરોપી પિયુશ સામે કોઈ ફરીયાદ તેઓએ લખાવેલ નથી. તેમજ કબુલ

કરેલ છે કે, હાલમાં તેની બહેન ભોગબનનાર તેમની સાસરીમાં સારી રીતે રહે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બનાવ બાદ આશરે બે વર્ષ જેટલો સમય તેમના ઘરે ભોગબનનાર રહેલા. આ બનાવ બનેલ તેના કારણે તેમના બનેવી તેમની બહેન ભોગબનનાર ને લઈ જવાની ના પાડતા હતા. તેમજ કબુલ કરેલ છે કે, સમાજના માણસોએ ભેગા થઈ ભોગબનનાર અને તેમના બનેવી વચ્ચે સમાધાન કરાવેલુ. એ વાતની તેમને ખબર નથી કે, તા. ૨૧/૬/૨૦૧૫ ના રોજ આ કામના આરોપીનુ અપહરણ થયેલુ અને તેમને માર મારવામાં આવેલો. એવુ તેમને જાણવા મળેલ નહી કે, આ કામના આરોપીને માર મારી રસ્તામાં ફેકી દીધેલા હતા. એ વાતની તેમને ખબર છે કે, આ કામના આરોપીએ તેમના બનેવી એટલે કે ભોગબનનારના પતિ ઉપર અપહરણ અને માર માર્યાની ફરિયાદ નોંધાવી છે. તે ફરીયાદમાં તેમના બાપુજી સમરભાઈ મોતીભાઈ પટેલ, હર્ષદભાઈ શામળભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ અમીચંદભાઈ પટેલ, અરવિંદભાઈ ખેમાભાઈ પટેલ, ગીરીશભાઈ ઈશ્વરભાઈ પટેલ, હિતેશભાઈ ધુળાભાઈ પટેલ, ચિરાગભાઈ નારાયણભાઈ પટેલ, મહેશભાઈ ડાયાભાઈ પટેલ વિ. ના નામો છે, સદર ફરીયાદમાં આરોપી તરીકે તેમનુ નામ નથી, પરંતુ ધર્મેન્દ્રભાઈ શીવાભાઈ પટેલનુ નામ છે તે તેમના બીજા બનેવી થાય છે. તેમની સમાજમાં આબરુ ન જાય તે કારણે કેસ કરવો ન પણ હતો પણ સામે પક્ષે આરોપીએ તેમના સંબંધીઓ વિરુધ્ધ ફરીયાદ દાખલ કરેલી જેથી તેના બહેને ફરીયાદ કરેલી છે. તેમજ કબુલ કરેલ છે કે, તેમના કુટુંબના સભ્યો વિરુધ્ધ થયેલી ફરીયાદ તા. ૨૧/૬/૧૫ ના રોજ બનેલ બનાવની છે જયારે તેમના બહેને કરેલી ફરીયાદ તા. ૨૪/૬/૧૫ ના રોજ બનેલ બનાવની ફરીયાદ છે.

(૨૮.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, તેઓ ભોગબનનારના ભાઇ છે, તેઓએ બનાવ તારીખ ૨૪/૬/૧૫ ના રોજ બનેલાનુ કબુલ કરેલ છે. પરંતુ ભોગબનનારના જણાવ્યા

મુજબ બનાવ તારીખ ૨૧/૬/૧૫ ના રોજ બનેલ છે. તેઓએ પણ બચાવ પક્ષ ની ઉ.ત.મા બનાવવાળી જગ્યાની સામે દુકાન આવેલ હોવાનુ કબુલ કરેલ છે. તેઓએ બળાત્કાર થતા નજરે જોયેલ નથી પણ આરોપીને ભાગી જતા જોયેલ છે અને બનાવની હકીકત ભોગબનનારે જણાવેલ છે અને આરોપીએ જે માર માર્યાની ફરીયાદ નોધાવેલ છે તે ફરીયાદમા તેમના બાપુજી વિગેરેના નામ હોવાનુ પણ કબુલ કરેલ છે.

(૨૯) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૪ અરવીંદભાઇ ખેમાભાઇ પટેલને આંક–૧૨૩ થી તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે, બનાવ આજથી આશરે છ – સાત વર્ષ પહેલા તા. ૨૪/૬/૨૦૧૫ ના રોજ બનેલો. બનાવ સમયે તેઓ તેમના ઘરની બાજુમાં રમેશભાઈ મોહનભાઈ પટેલ ના ઘરે ગયેલ હતા અને ત્યાં બહાર હિંચકા પર બેસેલ હતા ત્યારે જોરથી ઓચીંતો અવાજ આવતા તેઓ ત્યાથી બુમ પાડી જોવા માટે અવાજ આવેલો ત્યા ગયેલો, શરદભાઈના ઘરે ગયેલો અને ત્યા જઈ તેમણે જોરથી બુમ પાડેલી શું થયુ શું થયુ, તે વખતે તેમનો અવાજ પિયુશભાઈ પંડયાએ સાંભળેલો અને તેઓ ત્યાથી કોટ કુદીને ભાગી ગયેલા અને તે વખતે તેમનો અવાજ સાંભળી વાળંદની દુકાન આવેલ છે. ત્યા ભોગબનનારના ભાઈ ધર્મેન્દ્રભાઈ અને તેના કાકા જયંતિભાઈ બેસેલા હતા અને તે પણ અવાજ સાંભળી દોડીને તેઓ ઉભા હતા ત્યા આવી ગયેલા અને તેઓ બધા લોકો બળદ બાંધવાનુ ઢાળીયુ હતુ ત્યા ગયેલા અને ત્યા જઈને જોયેલ તો ભોગબનનારની હાલત અસ્ત વ્યસ્ત હતી અને ભોગબનનાર ગભરાઈ ગયેલા હતા તેવુ જણાયેલુ, જેથી તેઓએ ભોગબનનારને પુછેલ તો તેણીએ જણાવેલ કે, પિયુશભાઇ પંડયાએ મારી સાથે બળાત્કાર ગુજારવાનો પ્રયત્ન કરેલો છે અને બળાત્કાર ગુજારેલ પણ છે જેથી તેઓએ કહેલ કે, તમે બુમ કેમ ના પાડી તો તેણીએ કહેલ કે, પિયુશે મારા ગળા ઉપર ચપ્પુ મુકેલ હતુ અને બુમ પાડીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ હતી.ભોગબનનારે વધુમા તેઓને

જણાવેલ કે, તેઓ ધોરણ : ૧૨ માં ગોરલ ગામે અભ્યાસ કરતી હતી ત્યારે પણ આ પિયુશ તેની પાછળ પડેલો હતો અને ત્યારબાદ કોલેજમાં પણ તે તેમની અવાર નવાર છેડતી કરતા હતા તેમજ ઈડર એપોલો ત્રણ રસ્તા પાસે પણ તેને રોકેલી અને તેની જોડે છેડતી કરતો હતો તેમ જણાવેલ. બનાવની ફરીયાદ થતા પોલીસે તેનો જવાબ લીધેલો.

(૨૯.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, કહેવાતો બનાવ ભર ઉનાળે બનેલ છે. સામાન્ય રીતે ઉનાળામાં બપોરે લોકો જમી પરવારી સુઈ જતા હોય છે. બનાવના દિવસે બનાવ બનેલ તેના બે કલાક પહેલા તેઓ હિંમતનગર થી ઘરે આવેલો, પહેલા તેઓ તેમના ઘરે ગયેલો અને પછી રમેશભાઈના ઘરે ગયેલો. રમેશભાઈના ઘર અને કહેવાતી બનાવની જગ્યા વચ્ચે આશરે ૧૦૦ ફુટ જેટલું અંતર આવેલ છે. બનાવની જગ્યાની સામેની બાજુ દુકાન આવેલી છે. તે દુકાન વાળંદની હેર કટીંગની દુકાન છે. બીજી કોઈ દકાનની તેમને ખબર નથી. દર વર્ષે વાળંદ બદલાઈ જતો હોઈ જેથી તે વખતે કોણ વાળંદ હતો તેની તેમને ખબર નથી. સનતભાઈ કુંવે ગયેલ હતા અને ભોગબનનાર તેમના ઘરની બાજુમાં આવેલ જગ્યા પર એકલા હતા અને અવાજ આવેલો એટલે તેઓ રમેશભાઈના ઘરેથી કહેવાતા બનાવ સ્થળે ગયેલ. બનાવનું સ્થળ એટલે ઢાળીયુ કે જયા પશુઓ બાંધવામાં આવતા હોય છે. તેઓ પહોંચ્યા પછી ધર્મેન્દ્રભાઈ અને જયંતિભાઈ બનાવના સ્થળે આવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કોટ કુદીને ભાગતા જોયેલો. તેમને આ કામના આરોપીએ જાનથી મારી નાખીશ તેવું કહ્યુ અને પાછી કોટ કુદીને ભાગી ગયેલા. તેઓ આ કામના આરોપીને પકડવા તેમની પાછળ ગયેલ નહીં. ધર્મેન્દ્રભાઈ અને જયંતિભાઈ દિવાલ સુધી દોડેલા. બનાવ બન્યો તે દિવસે એટલે કે તા. ૨૪/૬/૧૫ ના રોજ તેઓએ ફરીયાદ કરેલી, ફરીયાદ ભોગબનનારે કરેલી. તેઓ બધાએ ભેગા થઈ ફરીયાદ કરવાનુ નકકી કરેલુ. તેમજ કબુલ કરેલ છે કે,

ભોગબનનારને આરોપીએ ચપ્પુ બતાવેલુ તે ચપ્પુ તેમણે જોયેલ નથી પરંતુ ભોગબનનારે તેમને જણાવેલ તેથી તેમને તેની ખબર પડેલી. તેમજ કબુલ કરેલ છે કે, તેમણે બળાત્કાર કરતા નજરે જોયેલ નથી, બનાવ બન્યો તે પહેલા કોલેજ કાળની કે છ મહિનાની જે વાત તેમણે લખાવી છે તે તેમને જાણવા મળેલી નહી, ફકત બનાવ બન્યો તે બાદ તેમને જાણવા મળેલી. એ વાતની તેમને ખબર નથી કે, આ કહેવાતો બનાવ બન્યો તેના પંદરેક દિવસ પહેલા આ કામના આરોપીને ભોગબનનારે પોતાના ઘરે બોલાવેલા. એ વાતની તેમને ખબર નથી કે, ભોગબનનારે તેના ઘરે આરોપીને પુજાના કામથી બોલાવેલા. તે તેઓ જાણતા નથી કે, ભોગબનનારના પતિને આ વાતની ખબર પડી ગયેલી. એ વાતની તેમને ખબર નથી કે, આ કામના આરોપી બનાવના દસ પંદર દિવસ પહેલા બહાર ગામ ગયેલા. એ વાતની તેમને ખબર નથી કે, આ કામના આરોપીનુ તા. ૨૧/૬/૧૫ ના રોજ અપહરણ થયેલુ અને તેને માર મારવામાં આવેલો. તેઓ તે વાત જાણતા નથી કે, આરોપીનુ તા. ૨૧/૬/૧૫ ના રોજ અપહરણ થયેલુ અને તેને માર મારવામાં આવેલો તે બાબતે આરોપીએ ફરીયાદ કરેલી છે. તેમજ કબુલ કરેલ છે કે, આ કામના આરોપીએ જે કેસ કરેલો છે તેમાં તેઓ આરોપી છે અને કોર્ટમાં મુદત ભરે છે, તેમની વિરુધ્ધ જે ફરીયાદ છે તેમા ભોગબનનારના પતિ , પછી તેઓ, મહેશભાઈ, હર્ષદભાઈ, સમરભાઈ, ગીરીશભાઈ, ચિરાગભાઈ, ભુપેન્દ્રકુમાર વિ. ના નામ આરોપી તરીકે છે. તેમજ કબુલ કરેલ છે કે પોલીસ જવાબમા તેમણે જોર થી બુમ પાડેલી તે લખાવેલ નથી.

(૨૯.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનુ મૂલ્યાંકન કરવામા આવે તો, તેઓ ભોગબનનારના પતિ સાથે ઈન્ડસ્ટ્રીમા ભાગીદાર છે અને બનાવવાળી જગ્યાની સામેની બાજુ દુકાન આવેલ હોવાનુ કબુલ કરેલ છે. આરોપીને કોટ કુદીને ભાગતા જોયેલ છે, તેઓએ બળાત્કાર થતા નજરે જોયેલ નથી અને ભોગબનનારે તેઓને બનાવની જાણ કરેલ છે.

(૩૦) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૬ મેહુલકુમાર વાલજીભાઈ કીકાણીને આંક–૧૨૬ થી તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, તા. ૨૪/૦૬/૨૦૧૫ ના રોજ ઈડર પી.સ્ટે. પી.આઈ તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન ફરીયાદી ભોગબનનારનાઓ તેઓની લેખીત કરીયાદ હકીકત લઈ તેમની સમક્ષ આવેલા જે ફરીયાદ તેઓએ લઈ લીધેલ, જે આ કામે આંક : ૪૯ થી રજુ છે, જેમા ભોગબનનારની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. તેઓએ સદર ગુન્હાની નોંધ ઈટર પો.સ્ટે.ફ. ગુ.રજી. નં. ૧૦૬/૨૦૧૫ થી ઈ.પી.કો.કલમ : ૩૫૪(એ)(૧)(૧), ૪૫૪(એ)(I)(II)(III)(v), ૩૫૪(ડી)(I), ૪૫૨, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તે મુજબના ગુન્હાની નોંપ એફ.આઈ.આર. રજીસ્ટરમાં સી.આર.પી.સી. કલમ : ૧૫૪ મુજબ કરેલ અને જે નીચે ફરીયાદીની સહી મેળવેલ અને પી.એસ.ઓ. દિનેશભાઈ દલપતભાઈ બ.નં. ૧૩૧૮ એ પોતાની સહી તથા હોદદો લખેલ, જે ઓળખી બતાવી આંક–૧૨૭ થી રજુ થયેલ છે. સદર ગુન્હાની તપાસ મે સંભાળી લીધેલી. સદર કામે ગુનાનુ સુચિપત્ર પી.એસ. ઓ. દિનેશભાઈ દલપતભાઈ બ.નં.૧ ૩૧૮ નાઓએ તૈયાર કરી, ગુન્હાની તપાસ તેમના સમક્ષ મોકલેલ, જે સુચિપત્રમાં પી.એસ.ઓ. ની સહી તથા હોદદો લખેલ છે, જે તપાસના કામે તેમના તરફ આવેલ જે આંક–૧૨૮ થી રજુ થયેલ છે. સદર ગુન્હાના કામે તપાસના કામે ભોગબનનારનું શરીર સ્થિતિનું પંચનામું કરવાનું હોઈ અને તેઓએ બનાવ સમયે પહેરલ કપડા રજુ કરતા હોઈ, બે પંચો હાજર રાખી તેઓને તે અંગેની સમજ કરી તેઓના લખાવ્યા મુજબનું વિગતવારનું પંચનામું લખી લીધેલ, અને તેમાં પંચોની સહી મેળવેલ અને રુબરુ તરીકે તેમણે સહી કરેલ જે પંચનામુ આંક–૧૦૭ થી રજુ છે તે ઓળખી બતાવે છે તેમજ પંચનામાની વિગતે કબજે લીધેલ મુદામાલ અને પંચ સ્લીપો ઓળખી બતાવેલ છે તેમજ ભોલગબનનારની મેડીકલ તપાસણી કરાવવા મોકલી આપેલી તે અંગેની યાદી આંક–૧૨૯ થી રજુ થયેલ

છે તેમા તેમની સહી ઓળખી બતાવેલ છે અને ભોગબનનારની તપાસણી બાદ મેડીકલ સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ અને તેમના ધ્વારા લેવામા આવેલ સેમ્પલો, રવાનગી નોંધ તૈયાર કરી એફ.એસ.એલ. તરફ તપાસણી સારુ મોકલી આપેલ અને સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય અટક કરેલ અને પંચો રુબરુ તેણે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે લીધેલ તે પંચોની સહી પંચનામા અને પંચ સ્લીપોમા ઓળખી બતાવેલ છે તેમજ આરોપીની મેડીકલ તપાસણી માટે યાદી કરેલ તેમા ઇસહી ઓળખી બતાવેલ છે અને આરોપીનુ મેડી. સર્ટી તેમને મળેલ જે તપાસના કામે સામેલ રાખેલ અને આરોપી એ બનાવ સમયે વાપરેક મારક હથિયાર ચપ્પુ રજુ કરતા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે લીધેલ હોવાનુ જણાવી પંચનામામા સહી ઓળખી બતાવેલ છે તેમજ ભોગબનનારનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન નોંધવાનુ હોઈ યાદી કરેલ જે યાદીમા સહી ઓળખી બતાવી આંક–૧૩૦ અને આંક–૧૩૧ થી રજુ કરેલ છે તેમજ ભોગબનનારે બનાવવાળી જગ્યા બતાવતા પંચો રુબરુ પંચનામુ કરેલ અઅને મુદામાલ તથા મેડીકલ ઓફીસર ધ્વારા મેળવેલ સેમ્પલ એફ.એસ.એલ. તપાસણી સારુ મોકલવાના હોઇ રવાનગી નોંધ તૈયાર કરેલ જે આંક–૧૩૨ થી રજુ કરેલ છે તેમા તેમની અને ના.પો.અધિ.ની સહી ઓળખી બતાવેલ છે તેમજ મુદામાલ એફ.એસ.એલ.મા પહોચી ગયાની પાવતી આંક–૧૩૩ થી અને મુદામાલ પૃથ્થકરણ થયા બાબતનો પત્ર આંક–૧૩૪ અને એફ.એસ.એલ.નો બાયોલોજી વિભાગનો અહેવાલ આંક–૧૩પ અને સીરોલોજી વિભાગનો અહેવાલ આંક–૧૩૬ થી રજુ કરેલ છે.

(૩૦.૧) ઉપરોકત ત.ક.અમલદારની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, ફરીયાદી ભોગબનનારે ફરીયાદ મને સીધી આપેલી નહીં, પો. સ્ટ, માં આપેલી, પો.સ્ટે. મા કોઈપણ અરજી કે પત્ર આપવામાં આવે તો તેને ઈન્વર્ડ નંબર પડે છે, ઈન્વર્ડ નંબર પાડવાનુ કામ પી.એસ.ઓ.નુ હોય છે. તેમણે

કબુલ કરેલ છે કે, ભોગબનનારે જે લેખીત ફરીયાદ આપેલી છે તેનો પો.સ્ટે. માં ઈન્વર્ડ નંબર પડેલો નથી, તેઓ ભોગબનનારને મળેલા ત્યારે તેમણે તેનું કોઈ નિવેદન લીધેલ નથી. ભોગબનનારને તા. ૨૪/૬/૨૦૧૫ ના રોજ પ્રથમ વાર મળેલો તે સમય રાત્રીનો હતો, જે સમય રાત્રીના આઠેક વાગ્યાનો હતો. તેમજ કબુલ કરેલ છે કે, ફરીયાદીએ કરીયાદ આપ્યા બાદ તેમણે તે અંગે કોઈ તપાસ કરેલી નહી અને પી.એસ.ઓ.ને નોંધવા માટે તેમણે આપેલી. તેમને યાદ નથી કે, જયારે તા. ૨૪/૬/૧૫ ના રોજ આ કામની કરીયાદ નોંધવામાં આવતી હતી. ત્યારે આ કામનો આરોપી પો.સ્ટે. માં હાજર હતો. એ બાબત તેમના ધ્યાનમાં આવેલી નહી કે, આ કામના આરોપીને તા. ૨૧/૬/૧૫ ના રોજ રાતના સમયે અજાણ્યા લોકો ઉઠાવી ગયા હોય અને તેને માર મારી હિંમતનગર ફેંકી દીધો હોય. તેમને ખબર નથી કે, આ કામના આરોપીના કોઈ સગા સંબંધીએ ૧૦૦ નંબર પર ડાયલ કરી આરોપીને ઉઠાવી ગયા અંગેની જાણ કરેલી. આ કામના આરોપીને અજાણ્યા ઈસમો ઉઠાવી ગયા અંગે પોલીસ હેલ્પ લાઈન નંબર : ૧૦૦ પર જાણ કર્યા બાદ પોલીસ ડીપાર્ટમેન્ટ તરફથી તેમના પો.સ્ટે. ને જાણ કરવામાં આવેલી કે કેમ તે તેમને યાદ નથી. તેઓ રેકર્ડ જોઈને કહી શકે કે, આ કામના આરોપીને તા. ૨૧/૬/૧૫ ના રોજ રાત્રે બાર વાગ્યાની આસપાસ પોલીસના માણસો ઈડર પો.સ્ટે. લઈને આવેલા કે કેમ. તેમજ કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે, રીસેશ સમય દરમ્યાન આ કામના આરોપીએ કરેલ ફરીયાદ બાબતના પોલીસ પેપર્સનો તેમણે પ્રાથમિક અભ્યાસ કરી લીધેલ છે, આરોપીના અપહરણ થયા બાબતે પોલીસ કન્ટ્રોલ રુમ થી તેમના પો.સ્ટે. ઉપર વાયરલેસ મેસેજ આવેલ છે. વાયરલેસ મેસેજ આવ્યા બાદ તેમણે તપાસમાં જેનુ અપહરણ થયેલુ તે બાબતે તપાસ કરતા તે વ્યક્તિનુ નિવેદન લીધેલ અને તેમા તેણે કોઈપણ અપહરણ થયા બાબતની વાત નકારેલી તથા તેની પત્નીનું પણ નિવેદન લીધેલ અને તેમા તેઓએ પણ અપહરણ થયા બાબતની ના

પાડેલી. તા. ૨૧/૬/૧૫ ના રોજ પોલીસના માણસો આ કામના આરોપીને નિવેદન લેવા પો.સ્ટે. આવેલા. આ કામના આરોપીનું તા. ૨૧/૬/૧૫ ના રોજ તેમણે હાલમા તેઓ લઇને આવેલ નથી. તેઓ પો.સ્ટે.થી આ કામના આરોપી તથા તેમની પત્નીનું નિવેદનને રજૂ કરી શકે. તેમજ કબુલ કરેલ છે કે, તે નિવેદનમા નિવેદન આપનારની સહીઓ તેમણે લીધેલી છે તેમજ કબુલ કરેલ છે કે, તારીખ ૨૩/૬/૧૫ ના રોજ સીવીલ હોસ્પીટલ, ઈડર થી તેમના પો. સ્ટે. વર્ધી લખાવવામાં આવેલી અને તે વર્ધીમા જણાવેલું છે, પિયુશભાઈ ને મારેલા છે. સારવાર હેઠળ છે. તેમજ કબુલ કરેલ છે કે, વર્ધીના આધારે અને આ કામના આરોપી પિયુશભાઈના નિવેદનના આધારે તા. ૨૪/૬/૧૫ ની વહેલી સવારે ૧.૩૦ વાગ્યે ફરીયાદ આશરે દસેક વ્યક્તિઓની વિરુધ્ધમાં નોંધેલી છે. જેની ફ.ગુ.ર.નં. ૧૦૫/૨૦૧૫ છે. તેમજ કબુલ કરેલ છે કે, તે કામે સનતકુમાર બાબુલાલ પટેલ, હર્ષદકુમાર સામળભાઈ પટેલ, ધર્મેન્દ્રકુમાર શીવાભાઈ પટેલ, હિતેષભાઈ કુળાભાઈ પટેલ, શામળભાઈ મોતીભાઈ પટેલ, ગીરીશભાઈ ઈશ્વરભા પટેલ, અરવિંદભાઈ ખેમાભાઈ પટેલ, ચિરાગભાઈ નારાયણભાઈ પટેલ, મહેશભાઈ ડાહ્યાભા પટેલ અને ભુપેન્દ્રકુમાર અમીચંદભાઈ પટેલ નાઓ આરોપીઓ છે. મારી બદલી ઈડર પો.સ્ટે. પી ઓગષ્ટ – ૨૦૧૫ માં થયેલી, ઉપરોકત તમામ આરોપીઓને તેમણે તા. ૧૦/૦/૧ ૫, ૧૧/૭/૧૫ સુધી એરેસ્ટ કરેલા નથી. તેમને ખબર છે કે, ઈડર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૦૫/૨૦૧૫ ના ફરીયાદીએ કલમ ઉમેરો કરવા માટે હાઈકોર્ટમાં અરજી કરેલી અને તેમણે કોઈ કલમ ઉમેરો કરવા રીપોર્ટ કરેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, હાલની કરીયાદ ભોગબનનારે લખાવેલ છે તે તા. ૨૪/૬/૧૫ ના રોજ કલાક ૧૯.૩૦ ના સમયે નોંધાવેલી છે, તે જ દિવસે રાત્રે કલાક ૨૨.૩૦ વાગ્યે આ કામના આરોપીની તેમણે ધરપકડ કરેલી છે, આરોપીને અટક કરતા પહેલા તેમણે કોઈ સાહેદનું કે ભોગબનનારનું નિવેદન નોંધેલ નથી. સાહેદ જણાવે છે કે, તેઓએ

ભોગબનનારની મૌખીક પુછપરછ કરેલી. તેમજ કબુલ કરેલ છે કે, અરવિંદભાઈ ખેમાભાઈ પટેલનુ નિવેદન તા. ૨૫/૬/૧૫ ના રોજ તેમના લખાવ્યા મુજબ નોંધેલ છે અને તેમણે તેમના નિવેદનમાં આરોપીનું નામ લખાવેલ છે અને બનાવની તારીખ ૨૪/૬/૧૫ લખાવેલી છે. એ વાત ખરી છે કે, જયંતિભાઈ મોતીભાઈ પટેલનુ નિવેદન તા. ૨૫/૬/૧૫ ના રોજ નોંધેલ છે અને તેમણે તેમના નિવેદનમાં આરોપીનુ નામ લખાવેલ છે અને બનાવની તારીખ ૨૪/૬/૧૫ લખાવેલી છે. તેમજ કબુલ કરેલ છે કે, ધર્મેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલનુ નિવેદન તા. ૨૫/૬/૧૫ ના રોજ નોંધેલ છે અને તેમણે તેમના નિવેદનમાં આરોપીન નામ લખાવેલ છે અને બનાવની તારીખ ૨૪/૬/૧૫ લખાવેલી છે. તેમજ કબુલ કરેલ છે કે, સાહેદોએ તેમના નિવેદનમાં રામપુરી ચપ્પાનો ઉલ્લેખ કરેલો છે. તેમજ તેમને મુદામાલ જે ચપ્પુ બતાવેલુ છે તે રામપુરી ચપ્પુ નથી. તેમજ કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યાનુ પંચનામુ પણ તેમણે કરેલુ. તેઓ પંચનામુ કરવા ગયા તે કોઈનુ ઘર ન હતુ પરંતુ ઢોર બાંધવાની છાપરાવાળી જગ્યા હતી. તેઓ ત્યા ગયેલા ત્યારે ત્યા કોઈ ઢોર બાંધેલા નહીં. આવા ગંભીર બનાવમાં બનાવવાળી જગ્યાનો નકશો બનાવવો તે ફરજીયાત છે કે કેમ તે તેમને ખબર નથી. એ વાત કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યા આવેલી છે તેની સામે એક દુકાન હતી, આ દુકાનવાળા ભાઈનું નિવેદન તેમણે નોંધેલ નથી,સાહેદોએ તેમના નિવેદનમા જણાવેલ કે, હજામની દુકાનેથી દોડીને આવેલા તે હજામનું નિવેદન પણ લીધેલ નથી, તેમજ સ્વીકારેલ છે કે, હજામની દુકાન બનાવવાળી જગ્યાથી કેટલી દૂર આવેલી છે તે બાબતની તેમણે તપાસ કરેલી નથી, બનાવમાં જે તગારા ની વાત છે તે તગારું તેમણે આ કામે કબજે લીધેલ નથી. તેમજ કબુલ કરેલ છે કે, ફરીયાદીએ તેની ફરીયાદમાં જે છ મહિના પહેલા ઈડર બજારમાં બનેલા બનાવ બાબતે જણાવેલ છે તે હકીકત તપાસવા માટે પણ તેમણે કોઈ તપાસ કરેલી નથી કે તેમણે કોઈ નિવેદનો નોંધેલા નથી. તેમજ કબુલ કરેલ છે કે, ફરીયાદીએ તેની

ફરીયાદમાં તેઓ ભણાતા હતા ત્યારે આ કામના આરોપી કનડગત કરતા હતા તેવો ઉલ્લખે કરેલ છે તે બાબતે પણ તેમણે કોઈ તપાસ કરેલી નથી કે ને કોઈ નિવેદન નોધેલા નથી. તેમજ કબુલ કરેલ છે કે, આ કામે તેમણે કોઈ ઓળખ પરેડ પણ કરેલી નથી. તેમજ કબુલ કરેલ છે કે, ઈડર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૦૫/૨૦૧૫ વાળા કેસની તપાસ પણ તેમણે જ કરેલી છે, આ કામના આરોપીનુ જે તે કામના કરીયાદી છે તેમનુ નિવેદન છે.તા.૨૪/૬/૧૫ ના રોજ નોંધેલુ છે, તે નિવેદન મુજબ ગઈ તા. ૩/૬/૧૫ ના રોજ તેમના ગામ પડોશી ડાહયાભાઈ મોતીભાઈ પટેલ રહે. લક્ષ્મણપુરા વાળાની દિકરી ભોગબનનાર કે જેઓને લક્ષ્મણપુરા ગામના સનતકુમાર બાબુલાલ પટેલ સાથે પરણાવેલ છે જેઓ હાલ હિંમતનગર રહે છે જેઓએ તેમને ફોન કરી તેઓના ભાઈ ના ઘરે પુજા કરવાની હોઈ હિંમતનગર મહાવીરનગર મુકામે તેમના ઘરે બોલાવેલ જેથી તેઓ તેમના ઘરે એકલો ગયેલો તે વખતે બપોરના ૧૨.૩૦ થી ૧,૦૦ નો સમય હતો ત્યારબાદ ભોગબનનારના ભાઈના ઘરે જવાનુ હોઈ જવા નિકળતા હતા તે વખતે ભોગબનનારના પતિ આવી જતા મારા ઉપર ખોટો વહેમ રાખી તેમની પત્ની સાથે બોલાચાલી કરતા હું ત્યાથી નિકળી ગયેલ અને ત્યારબાદ ગઈ તા. ૪/૬/૧૫ ના રોજ કર્મકાંડના કામે હુ એકલો હરીધ્વાર ગયેલો અને ત્યારબાદ ગઈ તા. ૨૧/૬/૧૫ નારોજ ઈડર મુકામે મારા ઘરે પરત આવેલો અને રાત્રીના જમી પરવારી હું તથા મારી પત્ની તથા બાળકો સાથે ઘરે હાજર હતો તેવામાં ૯.૩૦ વાગ્યે એક નંબર વગરની સીલ્વર કલરની સ્વીકટ ગાડી આવેલ જેમાંથી સનતકુમાર બાબુલાલ પટેલ તથા હર્ષદભાઈ શામળભાઈ પટેલ તથા સરપંચ ગીરીશભાઈ પટેલ તેમના બાપના નામની ખબર નથી તથા હિતેષભાઈ ધુળાભાઈ પટેલે રહે.લક્ષ્મણપુરા તથા ધર્મેન્દ્રભાઈ પટેલ તેમના બાપના નામની ખબર નથી રહે. લાલપુર, તા. ઈડર, તથા શામળભાઈ મોતીભાઈ પટેલ રહે. લક્ષ્મણપુરા તથા બીજા ચાર માણસો ચાલતા આવેલા તે તમામે મને ઘરમાં આવી મને

ટીંગાટોળી કરી કઈ પણ કહયા વગર સ્વીફટ ગાડીમાં નાખી ઉઠાવી લઈ ગયેલ અને બીજા માણસો પાછળ બે ગાડીઓમાં આવેલ અને મને લક્ષ્મણપુરા ગામે લઈ જઈ ઉપરોકત માણસો એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને ભોગબનનાર સાથે મારે આડો સંબં ધ હોવાનો વહેમ રાખી મને ડરાવવા ધમકાવવા લાગેલ અને આડો સંબંધ હોવા બાબતે કબુલાત કરાવવા ઉપરોકત માણસો લાકડી તથા પટ્ટા થી તથા વાયર થી તથા ધોકા જેવા મારક હથિયાર થી મારવા તુટી પડેલા અને મને ખુબ માર મારતા હોય બુમાબુમ કરેલી પરંતુ તેમણે જે કૃત્ય ન હોય તે નહીં કબુલુ તેમ કહેતા મને ગડદા પાટુ તથા ગુપ્ત ભાગે તથા નિતંબના ભાગે લાત મારવા લાગેલા અને મારજુડ કરતા હુ બેભાન થઈ ગયેલો વિ. હકીકતો લખાવેલી, તેમજ કબુલાત કરેલ છે કે, તા.૨૫/૬/૨૦૧૫ ના રોજ તેમણે સનતભાઈ તથા ધર્મેન્દ્રભાઈ ના નિવેદન લીધેલા છે તેઓ ઈંઠર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૦૫/૨૦૧૫ ના કામે આરોપીઓ છે તેવુ તેઓ જાણતા હોવા છતા તેણે તેઓની તા. ૨૫/૬/૨૦૧૫ ના રોજ ધરપકડ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, જે તે સમયે પુરતો પુરાવો ન હોવાના કારણે ધરપકડ કરેલી ન હતી. તેમજ કબુલ કરેલ છે કે, ઈડર પો.સ્ટે. ફ.ગુ.૨.નં. ૧૦૫/૨૦૧ ૫ ના કામે આ કામના આરોપી જે તે કામે કરીયાદી છે તેમને કયા પ્રકારની અને કેટલી ઈજાઓ થયેલી છે તેની તપાસ અમે બીજા દિવસે કરેલી નહી. તેમણે એમ.એલ.સી. સર્ટીફીકેટ ક્યારે મેળવેલ તે તેમને યાદ નથી. આ કામના આરોપીની ફરીયાદ દસ વ્યકિતઓ વિરુઘ્ધ હોવા છતા ફરીયાદ રજીસ્ટર્ડ થઈ ગયા બાદ તે કામના આરોપીઓની ધરપકડ નહી કરવાનુ અને તે ગુન્હાના કામે તપાસ નહી કરવાનું વિશિષ્ટ કારણ એ છે કે, તપાસ ચાલુ હતી.

સવાલ : – ઈડર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૦૫/૨૦૧૫ ના કામે તમે જે તપાસ કરતા હતા તે તપાસમાં તે કામના આરોપીઓ વિરુઘ્ધ તા. ૧૦–૧૧/૭/૨૦૧૫ સુધી કોઈ પુરાવા ન હતા એટલે તા. ૧ ૦–૧૧/૭/૨૦૧૫ સુધી તમે તેઓની ધરપકડ કરેલી નહી.

જવાબ : – હાલ મને યાદ નથી જે રેકર્ડ જોઈને હુ કહી શકુ.

તેમને યાદ નથી કે, તે કામે આરોપીઓને તા. ૧૦–૧૧/૭/૨૦૧૫ ના રોજ ધરપકડ કરી નામ. કોર્ટ સમક્ષ હાજર કરેલ નહી કે રીમાન્ડ માંગેલ નહી અને પોલીસ સ્ટેશનમાંથી જ જામીન આપી દીધેલા.

(૩૦.૨) ઉપરોકત ત.ક.અમલદારના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ આ કામે ગુનાની તપાસ કરેલ હોવાનુ પુરવાર થાય છે અને ભોગબનનારે લેખીત ફરીયાદ આપેલી છે અને તે ફરીયાદ વખતે આરોપી પોલીસ સ્ટેશનમા હાજર હતો અને આરોપીનુ અપહરણ થયા બાબતે તેઓએ તપાસ કરતાં તેનુ નિવેદન લીધેલ અને તેણે કોઇ પણ અપહરણ થયા બાબતની વાત નકારેલી. પરંતુ તે નિવેદન રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આરોપી ને માર મારેલ અને સારવાર લીધેલ તે અંગે તા.૨૩/૬/૧૫ ના રોજ સીવીલ હોસ્પીટલ ઇડરને વર્ધી લખાવવામાં આવેલી. તે અનુસંધાને દસેક વ્યકિત વિરુઘ્ધ તારીખ ૨૪/૬/૧૫ ના રોજ વહેલી સવારે ૧.૩૦ વાગે ફરીયાદ નોંધેલી. તેમજ હાલની ફરીયાદ ભોગબનનારે નોધાવેલ તે તારીખ ૨૪/૬/૧૫ ના રોજ કલાક ૧૯.૩૦ એ નોંધાયેલ છે. એટલે ઉપરોકત આરોપીની ફરીયાદ નોંધાયા બાદ હાલની આ ફરીયાદ ભોગબનનારે કરેલ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે અને સાહેદ અરવીંદભાઇ ખેમાભાઇ, જયંતીભાઇ મોતીભાઇ, ધર્મેન્દ્ભાઇ ડાહયાભાઇના નિવેદનમાં બનાવની તારીખ ૨૪/૬/૧૫ ના રોજની લખાવેલ છે તેવુ કબુલ કરેલ છે અને જે મુદામાલ ચપ્પુ છે તે રામપુરી ચપ્પુ નથી તેવુ સદર સાહેદે કબુલ કરેલ છે અને તેઓએ દુકાનવાળા કે હજામનુ નિવેદન લીધેલ નથી. આરોપીના નિવેદનમાં જે હકીકત જણાવેલ છે તે પણ કબુલ કરેલ છે.

(૩૧) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૭ દીનેશભાઇ દલપતભાઇ પરમારને આંક–૧૪૩ થી તપાસેલા છે તેઓએ તેમના પુરાવામા જણાવેલ છે કે તા.૨૪/૬/૧૫ ના રોજ કલાક ૧૯.૩૦ વાગે તેઓ ઇડર

પો.સ્ટે.મા પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા અને ફરીયાદીની ફરીયાદ ટાઈપ કરાવી લઈ આવેલ જે ફરીયદ નોંધાવવા સારુ તેમના તરફ આવેલ જે ઈડર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૦૬/૧૫ થી એફ.આઈ.આર. રજીસ્ટરમા નોંધ કરેલ તેમજ સ્ટેશન ડાયરીમા નોધ કરેલ અને સુચીપત્ર તૈયાર કરેલ.

(૩૧.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, તા.૨૪/૬/૧૫ ના રોજ તેમની બપોરે ૧૨.૦૦ વાગ્યા થી સાંજે ૮.૦૦ વાગ્યા સુધી હતી અને તા.૨૨/૬/૧૫ ના રોજ રાત્રે ૮.૦૦ વાગ્યાથી ૨૩/૬/૧૫ ના સવારના ૮.૦૦ વાગ્યા સુધી તેમની ફરજ પર પી.એસ.ઓ. તરીકે હાજર હતા અને કબુલ કરેલ છે કે તેણી પો.સ્ટે.મા પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હોય ત્યારે કોઈ વ્યકિતની ધરપકડ કરવામાં આવે તો તેની વિગત નોંધવાની જવાબદારી તેની હોય છે એ વાત સાચી છે કે તપાસના કામે કોઈ મુદામાલ રીકવર કરવામા આવે તો મુદામાલ જે તે તપાસ કરનાર અધિકારી પાસે હોય છે પરંતુ મુદામાલ પાવતી પી.એસ.ઓ. ની કસ્ટડીમા રહેતી હોય છે, તેમજ કબુલ કરેલ છે કે પો.સ્ટે. ને લગતી હાઈકોર્ટની રીટ કે અન્ય કોઈ પણ કોર્ટનો હુકમ તેમના એટલે કે પી.એસ.ઓ. ના ટેબલ પર આવે અને તેઓ તેની રજીસ્ટરમા નોધ કરી પી.આઈ સાહેબ સમક્ષ મુકે છે. તેમજ કબુલ કરેલ છે કે તેણે ફરીયાદ નોંધેલી તે સિવાય બીજુ કશુ જાણતા નથી.

(૩૧.૨) હવે ઉપરોકત સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ ભોગબનનાર ફરીયાદીની લેખીત સ્વપુરની ફરીયાદ તેઓએ નોંધેલ છે અને એફ.આઈ.આર. નોંધેલ છે અને સુચીપત્ર તૈયાર કરેલ છે.

(૩૨) ઉપરોકત ફરીયાદ પક્ષના પુરાવા બંને પક્ષની રજુઆત અને બચાવ પક્ષે રજુ થયેલ ચુકાદાઓને ધ્યાને લેતા આ કામે સૌ પ્રથમ જે ચુકાદા રજુ કરેલ છે તે જોઈએ તો, **(૧) સંતોષ પ્રસાદ ઉર્ફે સંતોષકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહાર (૨૦૨૦ ) ૩ એસસીસી ૪૪૩, સુપ્રિમ કોર્ટના** ચુકાદામાં જણાવેલ છે કે જેમા

ભોગબનનારની જુબાનીમા મહત્વનો વિરોધાભાસ હતો અને સ્વતંત્ર સાહેદોના પુરાવા અને મેડીકલ પુરાવાથી તેમજ એફ.એસ.એલ.ના પુરાવાથી સમર્થન ન હતુ. ફરીયાદ મોડેથી આપવામા આવેલી. જે ચુકાદામા ઠરાવેલ છે તે ભોગબનનારનો પુરાવો પુરતો અને વિશ્વાસપાત્ર અને માનવાલાયક અને **સ્ટલીગ ક્વોલીટી** નો હોય તો તેમના એક માત્ર પુરાવાના આધારે સજા કરી શકાય. પરંતુ ઉપરોકત પુરાવા ધ્યાને લઈ આરોપીને શંકાનો લાભ આપી તેમની સજા રદ કરવામા આવેલ છે. **(૨) નિર્મલ પ્રેમકુમાર અને બીજા વિરુધ્ધ સ્ટેટ (૨૦૨૪) એસ.સી.સી.૨૯૩, સુપ્રિમ કોર્ટ** ના ચુકાદામા ઠરાવેલ છે કે, ભોગબનનારની જુબાની માનવાલાયક અને વિશ્વસનીય હોય ત્યારે તેને અન્ય પુરાવાના સમર્થનની જરુર નથી પરંતુ જયારે શંકા ઉત્પન્ન થાય ત્યારે તેને સમર્થનની જરુરીયાત રહે છે. **(૩) રાય સંદીપ ઉર્ફે દીપુ વિરુધ્ધ સ્ટેટ, એનસીટી ઓફ દિલ્હી (૨૦૧૨) ૮ એસ.સી.સી.૨૧ સુપ્રિમ કોર્ટ** ના ચુકાદામાં ભોગબનનારની ફરીયાદ અને કોર્ટ રુબરુના પુરાવામાં વિરોધાભાસ હતો જેથી સજા રદ કરવામા આવેલી. **(૪) ગુજરાત સરકાર વિરૂધ્ધ મોહન સુરસંગ ચાવડા, ક્રીમીનલ અપીલ નં.૫૮૧/૨૦૦૫, તા.૦૪/૧૨/૨૦૨૫, ગુજરાત હાઈકોર્ટ** ના ચુકાદામા ભોગબનનાર પુરાવા અને ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદન અને પોલીસ રુબરુના નિવેદનથી અલગ અતિયોશકિત ભરેલો પુરાવો આપવામા આવેલ અને આરોપી સાથે દુશ્મનાવટ હોવાનું રેકર્ડ પર આવેલ જેથી નિર્દોષ ઠરાવેલ તેના ઉપરની સ્ટેટની અપીલ રદ કરવામા આવેલી. **(૫) સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ મહીપત ઉર્ફે પુરષોતમ બચુભાઈ, ક્રિમીનલ અપીલ નં.૧૨૧૮/૧૯૯૭, ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદામાં** ભોગબનનારનો પુરાવો સ્ટલીગ ક્વોલીટીનો ન હતો અને ભોગબનનારના કપડા અને મેડીકલ પુરાવાથી સમર્થન મળતુ ન હતુ, કોઈ ઈજા ભોગબનનારને ન હતી જેથી નિર્દોષ ઠરાવેલ તેના ઉપરની સ્ટેટની અપીલ રદ કરવામા આવેલી.

(૩૩) ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતાં તે દરેક કેસની હકીકતો અને સંજોગોને આધારીત હોય છે. પરંતુ તેમા ઠરાવેલ સિધ્ધાંતને હું ઘણા માન સાથે માનુ છુ. હાલના કેસની હકીકત, બંને પક્ષની રજુઆત અને પુરાવા ધ્યાને લેતા સૌ પ્રથમ આ કામે ભોગબનનારનો પુરાવો જોઇએ તો, ભોગબનનારને આરોપી સ્કુલમા અભ્યાસ કરતા હતા તે સમયે તેઓની વચ્ચે પરીચય થયેલ છે અને ભોગબનનારને આ બનાવ પહેલા આરોપી અવારનવાર અડપલા કરતો હતો અને ધમકી આપતા હતા તે અંગે તેમજ આ બનાવ પહેલા છ માસ અગાઉ ઇડર ભોગબનનાર ખરીદી કરવા ગયેલી તે વખતે પણ આરોપી તેણીની પાછળ પડેલ અને અડપલા કરવા લાગેલ અને ધમકી આપેલ તેવુ જણાવે છે. પરંતુ તે અંગે આ બનાવ અગાઉ કોઇ પોલીસ સ્ટેશનમા કે કોર્ટમા ફરીયાદ કરેલ નથી અને ભોગબનનાર એસ.વાય.બી.એ. મા અભ્યાસ કરતી હતી ત્યારે આરોપીએ કઇ જગ્યાએ, કયા સમયે તેણીની સાથે અડપલા કરેલ તે પણ જણાવેલ નથી. વધુમાં ભોગબનનાર આ કામનો બનાવ તારીખ ૨૧/૬/૧૫ ના રોજ બપોરના ૩.૦૦ વાગે તેમના ઘરની બાજુમા બળદ બાંધે છે તે જગ્યાએ બનેલ હોવાનુ અને તેણીની ઇચ્છા વિરુધ્ધ આરોપીએ બળાત્કાર કરેલ હોવાનુ અને તેણીને ચપ્પુ બતાવીને તેની બુમો બંધ કરાવી દીધેલ પુરાવામા જણાવેલ છે. પરંતુ આ કામે ભોગબનનારે ડોકટર હેમાંગીની રુબરુ તેણીની હીસ્ટ્રીમાં આરોપીએ ચપ્પુ બતાવી બુમો બંધ કરાવી દીધેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. તેમજ તે વખતે તેમના કાકાજી અરવીંદભાઇ આવી ગયેલાનુ જણાવે છે અન્ય કોઇ આવી ગયેલા હોય તેના નામ જણાવેલ નથી. તેમજ હીસ્ટ્રીમા આ પહેલા તેણીની સાથે દસ થી બાર વખત સબંધ તેમની ઇચ્છા વિરુધ્ધ કરેલ છે વિગેરે મુજબની હકીકત જણાવેલ છે. વધુમાં, ડો.ભામીનીબેન પંડીત રુબરુની હીસ્ટ્રીમા તેણીની સાથે તારીખ ૨૧/૫/૧૫ ના રોજ આરોપીએ પોતાના ઘરે શારીરીક સંભોગ થયેલ હતો તેમ જણાવે છે અને હાલના બનાવની તારીખ ફરીયાદ મુજબ

૨૧/૬/૧૫ ની જણાવે છે. વધુમા પિયુષભાઈ સાથે ત્રણ થી ચાર વર્ષ પહેલા શારીરીક સંભોગ થયેલો, ત્યારબાદ લગભગ ૧૧ થી ૧૨ વખત શારીરીક સંબંધ બંધાયેલ હતો અને પિયુષભાઇ લગભગ છેલ્લા ચારેક વર્ષથી તેણીને બ્લેક મેઈલ કરેલ છે તેમ જણાવેલ છે અને ભોગબનનારે તેણીના ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં ઉપરોકત તબીબ સાહેદ સમક્ષ હીસ્ટ્રીમા ૧૧ થી ૧૨ વખત શારીરીક સંબંધ બાબતેની હકીકત જણાવેલ છે તેવી કોઇ જ હકીકત તેણીના નિવેદનમા જણાવેલ નથી અને આ નિવેદનમાં તારીખ ૨૧/૬/૧૫ ના રોજ આરોપી ૩.૦૦ વાગે તેમના ઘરે આવેલ અને એકલી જોઇને બળજબરી કરવા લાગેલ અને બળાત્કાર કરેલ અને બુમો પાડવા જતા મારૂ મોઢુ દાબી દીધેલ અને ત્યારબાદ તગારાને લાત મારી તેનાથી અવાજ તેણીના કાકાને આવતા જોઇ ત્યાંથી ભાગી ગયેલ અને અઠવાડીયા પછી મે પોલીસ મા ફરીયાદ કરેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ આ નિવેદનમા આરોપીએ ચપ્પુ બતાવી ધમકી આપેલ હોવાની કોઇ જ હકીકત જણાવેલ અને મોઢુ દાબી દીધેલાનુ જણાવે છે. આ તબકકે ફરીયાદીની લેખીત ફરીયાદ જે આંક–૪૯ થી રજૂ થયેલ છે તેમાં તા.૨૧/૬/૧૫ ના રોજ બપોરના આશરે ૩.૦૦ વાગ્યાના સુમારે તેના ઘરની બાજુમાં કે ત્યાં તેઓ બળદ બાંધે છે ત્યાં છાપરા નીચે બળદનું વાસીદુ ભરી રહી હતી તેવામાં આ પિયુષભાઈ જયંતિ ભાઈ પંડયા એકદમ છાપરામાં ધસી આવેલો અને તેને નીચે પાડી દીધેલ અને તેની ઈચ્છા વિરુધ્ધ બળજબરીથી તેની સાથે બળાત્કાર સંભોગ કરેલ. આ સમયે તેણે બુમાબુમ કરવાની કોશીશ કરેલી તો તેને તેના ખિસ્સામાથી રામપુરી ચાકુ કાઢેલ અને તેના ગળા ઉપર મુકી દીધેલ અને તેને તેની હવસમાથી છુટવા માટેના અથાગ પ્રયત્નો કરેલ અને પગ પાસે પડેલ વાસીદુ ભરવાના તગારાને જોરથી લાત મારતાં અવાજ થતાં આજુબાજુના માણસો આવી ગયેલ અને આ માણસ ઉભો થઈ ભાગવાની કોશીશ કરેલ અને તેમના સંબંધીઓએ પકડવાનો પ્રયત્ન કરેલ પરંતુ તે જાનથી મારી

નાંખવાની ધમકીઓ આપી ભાગી ગયેલ. આમ, ભોગબનનારનો પુરાવો, ફરીયાદ, તેમજ ડોકટર રુબરુની હીસ્ટ્રી તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનની હકીકતોમાં એકબીજાથી તદન વિરોધાભાસી અને અતિયોશકિત ભરી હકીકત જણાવેલ છે. જેથી ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતાં જયારે ભોગબનનારની જુબાની માનવાલાયક, વિશ્વાસજન્ય અને સત્યથી સભર હોય ત્યારે અન્ય કોઈ પુરાવાના સમર્થનની જરુર નથી. પરંતુ, હાલના કામે ભોગબનનારનો પુરાવામા જયારે અલગ અલગ હકીકતો જણાવેલ હોય ત્યારે તેના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળે છે કે કેમ. તે પણ ધ્યાને લેવાનુ રહેશે. હાલના કામે ડોકટરના પુરાવાને ધ્યાને લઈએ તો, ભોગબનનારના શરીરે તથા ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નથી. વધુમાં ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરેલ છે તેમજ આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરેલ છે તે અંગે એફ.એસ.એલ.ના બાયોલોજી પુરાવાને ધ્યાને લેતાં, રુધીર, વીર્ય, લાળ ની હાજરી મળી શકેલ નથી અને મેડીકલ નમુનાઓમા રુધીર, વીર્ય ની હાજરી મળી શકેલ નથી તેમજ સીરોલોજી વિભાગના આંક–૧૩૬ ના અહેવાલને ધ્યાને લેતાં, રુધીર જુથ ડીસઈન્ટીગ્રેટેડ અને અનિર્ણીત પૃથ્થકરણ પરીણામ આવેલ છે. આથી એફ.એસ.એલ.ના પુરાવા થી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતુ નથી.

(૩૩.૧) વધુમાં આ કામે ભોગબનનારે જે ફરીયાદ દાખલ કરેલ છે તે તારીખ : ૨૪/૬/૧૫ ના રોજ કલાક ૧૯.૩૦ વાગે જાહેર કરેલ છે અને તેમાં ગુનો બન્યાની તારીખ ૨૧/૬/૧૫ કલાક ૧૫.૦૦ જણાવેલ છે અને બનાવનુ સ્થળ લક્ષ્મણપુરા ગામે જણાવેલ છે. એટલે ફરીયાદ બનાવ બન્યા બાદ તુરત જ આપવામા આવેલ નથી અને બનાવ બન્યા બાદ તુરત જ ભોગબનનારની મેડીકલ તપાસ થયેલ હોત તો તેમના પુરાવાને સમર્થનકારક પુરાવો મળી શકે તેવી શકયતા હતી અને તુરત જ ફરીયાદ કરવામાં આવે તો તેમની

વિશ્વસનીયતા, સત્યતા અને ગંભરીતા વધી જાય છે. પરંતુ, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવા જોઇએ તો, બચાવ પક્ષે તેમનો બચાવ એવો છે કે, તારીખ ૦૩/૦૬/૧૫ ના રોજ ફરીયાદીએ તેમના ઘરે પુજા પાઠ કામે બોલાવેલા તે સમયે તેમના પતિ આવતા વહેમ રાખી ફરીયાદીના પતિ તેમજ અન્ય જણા ગાડી લઇ આવી માર મારેલ અને તે અંગે ભોગબનનારના પતિ અને અન્ય વિરુધ્ધ ફરીયાદ દાખલ કરેલ તે આ કામના આરોપીએ જ તારીખ ૨૪/૬/૧૫ ની વહેલી સવારે ૧.૩૦ વાગે કરેલ છે અને જેનો ફ.ગુ.ર.નં.૧૦૫/૧૫ છે એટલે કે હાલની ફરીયાદ ભોગબનનારે કરેલ છે તે પહેલા આરોપીએ ઉપરોકત ફરીયાદ કરેલી અને તારીખ ૨૩/૬/૧૫ ના રોજ સીવીલ હોસ્પીટલથી પોલીસ સ્ટેશનમાં આરોપીને મારેલા છે તે બાબતની વર્ધી લખાવવામા આવેલી છે. આથી બચાવ પક્ષ નો જે બચાવ છે તે હાલના ભોગબનનારે આરોપી વિરુધ્ધ જે ફરીયાદ કરેલ છે તે મુજબનો જે બનાવ બનેલાની હકીકત શંકાસ્પદ જણાય છે. કારણ કે, તપાસ પોલીસ સ્ટેશનમાં આરોપીએ ફરીયાદ કરેલ તેના અનુસંધાને ડોકટર રુબરુ આરોપીએ હીસ્ટ્રીમાં પણ ઉપરોકત હકીકત જણાવેલ છે અને ભોગબનનારે તેને ફોન કરી તેના ઘરે બોલાવેલાનું જણાવેલ છે અને તે અંગે તપાસ કરનાર અમલદાર પાસે આ હકીકત હોવા છતાં તેઓ ધ્વારા તપાસના કામે આરોપીના કોલ ડીટેઇલ્સ મેળવેલા નથી અને જો કોલ ડીટેઇલ્સ મેળવવામા આવેલ હોત તો, આરોપી તેમના બચાવ મુજબની હકીકત સાચી જણાવે છે કે કેમ તે રેકર્ડ ઉપર આવી શકે તેમ હતી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષે જે સાહેદો તપાસવામાં આવેલા છે તે તમામ ભોગબનનારના નજીક સગા સંબંધીઓ તેમજ હિતધરાવતા સાહેદો છે અને કોઇ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ભોગબનનારના પુરાવાને સમર્થન મળતુ નથી કે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો તપાસ કરનારે મેળવેલ નથી.

(૩૩.૨) વધુમાં, ભોગબનનારે જે ફરીયાદ આપેલ છે તે બનાવ બન્યા બાદ તુરત જ આપવામાં આવેલ નથી અને આરોપીએ

તેઓને માર માર્યાની ફરીયાદ કર્યા બાદ હાલની ફરીયાદ કરેલ છે અને તે ફરીયાદ પણ ભોગબનનારે જાતે પોલીસ સ્ટેશનમા જઇ મૌખિક રીતે લખાવેલ નથી પરંતુ લેખીતમા ફરીયાદ આપેલ છે. વધુમાં જે ભોગબનનારે તેણીને આરોપીએ ચપ્પુ બતાવેલ અને ગળાના ભાગે મુકી બળજબરીથી તેની મરજી વિરુધ્ધ સંભોગ કરેલાનુ જણાવે છે. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જયારે આરોપી ભોગબનનારને અગાઉ થી અડપલા કરતા હોય તેમજ ધમકી આપતો હોય તેવા સંજોગોમા જયારે આરોપી તેના ઘરે આવે ત્યારે તુરત જ ભોગબનાનાર ધ્વારા કોઇ બુમો પાડવામા આવેલ નથી કે ચપ્પુ કાઢીને કપડા કાઢે અને બળાત્કાર કરે ત્યાં સુધીમા ભાગી જવાનો કોઇ પ્રયત્ન કરેલ નથી. આથી આ તમામ હકીકત અને સંજોગો અને રજુઆત ધ્યાને લેતાં, ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય અને સત્યથી સભર માનવા લાયક જણાતો નથી. વધુમાં ભોગબનનારે આરોપી સાથે આ બનાવ અગાઉ પણ શારીરીક સંબંધ બંધાયેલ હોવાની હકીકત જણાવેલ છે ત્યારે તે શારીરીક સંબંધો તેણીની મરજીથી આરોપી સાથે બંધાયેલ હોવાનુ જણાઇ આવે છે અને જો તેણીની મરજી વિરુધ્ધ આરોપીએ બાંધેલ હોત તો, તેણી ભણેલી છે અને પુખ્ત વયની છે અને પોતાનુ સારુ નરસુ સમજી શકે તેમ છે તેમ છતાં પણ ભોગબનનાર ધ્વારા અગાઉના સબંધો અને શારીરીક સતામણી બાબતે કોઇ જ હકીકત તેના પતિ ને કે સગા સંબંધીઓને જણાવેલ નથી અને તે અંગે પણ કોઇ કાનુની કાર્યવાહી જે તે સમયે કરવામા આવેલ નથી. જેથી બચાવ પક્ષના બચાવ મુજબ ભોગબનનારને તેના પતિ જોઇ જતા વહેમના કારણે હાલના બનાવની ફરીયાદ થયેલ હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં આ કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ થયેલ છે તે મુજબ બનાવવાળી જગ્યાએ દસ ફુટ ઉંચી દિવાલ આવેલ હોવાનુ જણાવેલ છે અને ફરીયાદ પક્ષના સાહેદોના પુરાવા મુજબ આરોપી તેઓને જોઇને દિવાલ કુદીને ભાગી ગયેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ, સામાન્ય સંજોગોમાં કોઇ પણ વ્યકિત દસ ફુટ ઉંચી

દિવાલથી સહેલાઇથી કુદીને ભાગી શકે નહી અને આરોપી ભોગબનનારના ઘરે આવતા કોઇ પણ વ્યકિતએ જોયેલ નથી.

(૩૩.૩) વધુમાં આ કામે આરોપી વિરુધ્ધ્ ઇ.પી.કોડની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાનો આરોપ છે. પરંતુ, ભોગબનનાર તેમજ સાહેદ જયંતીભાઇ, સાહેદ ધર્મેન્દ્રભાઇ, સાહેદ અરવિંદભાઇ ધ્વારા તેમના પુરાવામાં આરોપીએ તેણીને કે સાહેદોને ગાળો આપેલ હોય તે બાબતે પુરાવો આપેલ નથી. તેમજ ભોગબનનારે તેમના પુરાવામા આ કામના આરોપીએ હું તારા છોકરાઓને કંઇક કરી નાંખીશ તેવી ધમકી આપેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, આવી ધમકીના કારણે ભોગબનનાર સતત ભયના ઓથાર હેઠળ જીવતી હોય તે બાબતે કોઇ જ પુરાવો આપેલ નથી. વધુમાં સાહેદ જયંતીભાઇ, ધર્મેન્દ્રભાઇ, અરવિંદભાઇના પુરાવાને ધ્યાને લઇએ તો તેઓને આરોપીએ કોઇ ધમકી આપેલ હોય તે બાબતે કોઇ જ હકીકત જણાવેલ નથી. આમ, ફરીયાદ પક્ષના પુરાવા ધ્યાને લેતાં આ કામના આરોપીએ ફરીયાદી, સાહેદો કે ભોગબનનારને ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનુ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૩૪) આમ, ઉપરોકત બંને પક્ષની રજુઆત અને સમગ્ર ચર્ચા અને ઉપરોકત ચુકાદાઓમા ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષના કેસ મુજબના આક્ષેપિત ગુનાઓ બનેલ હોવાનું શંકાસ્પદ બને છે અને ફરીયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બનતો હોય ત્યારે આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર થાય છે. જેથી આ કામના આરોપી સામેના ભારતીય દંડ સહીતાની કલમ–૩૭૬, ૩૫૪(એ), (i) (ii) (iii) (v), ૩૫૪(ડી), ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીને તેની સામેના ગુનાઓમાં તકસીરવાર ઠરાવી શકાય નહી અને તે મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય **નકાર** માં ઠરાવવામા આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**/// આ ખ રી હુ ક મ ///**

(૧) આ કામના આરોપી પિયુષભાઇ જયંતીલાલ પંડયા, મુળ રહે.ગોરલ, તા.ઇડર, જી.સાબરકાંઠા, હાલ રહે.૩૪ શુકુન–૧ સોસાયટી, વલાસણા રોડ, ઇડર નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સહીતાની કલમ–૩૭૬, ૩૫૪(એ), (i) (ii) (iii) (v), ૩૫૪(ડી), ૪૫૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) બિનકિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો અન્યથા અપીલ થયેથી અપીલ અદાલતના નિર્ણયને આધીન નિકાલ કરવો.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂપિયા ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરાના ) સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

આજરોજ તારીખ : ૦૩જી માહે : એપ્રિલ : સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૩/૦૪/૨૦૨૬

મુકામ : ઇડર

**( કિશોરકુમાર શંભુભાઇ હિરપરા)**
બીજા એડી.સેશન્સ અને સ્પે.પોકસો જજ
ઇડર–સાબરકાંઠા
જજ કોડ જીજે ૦૦૫૦૪

**BYT**